# પ્રેમનું પરાક્રમ



રક્તદાન

20B GuP2

# પ્રેમનું પરાક્રમ

અંગ્રેજીમાં મૂળ લેખક

ડૉ. ઈ. સ્ટેન્લી જોન્સ

★

ભાષાંતરકર્તા

પ્રોફે. ધનજીભાઈ ફકીરભાઈ

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-210

કિંમત ૩૦ પૈસા

Published by Rev. S. D. Parmar, I. P. Mission, Ellis Bridge, Ahmedabad, for the Literature Committee of the General Board of the Gujarat Church Council

Printed by

Kirit-Printry, Ratan Pole, Ahmedabad-1

3rd Edition ] August, 1967 [ 3,000 Copies

# The Might of Sacrificial Love
## or
# The Cross of Jesus Christ
# What Does It Mean

## FOREWORD

My first word is to my non-Christian brother. If, after giving this booklet a careful reading, you would like to get into more personal touch with the writer than is possible through the medium of the printed page, I extend to you a cordial invitation to write to me c/o The Publishers.

To my Christian brother I would state that I have not undertaken to expound and particular theory in reference to the Atonement. The fact is bigger than any of its explanations. No particular theory by itself contains the whole truth. I have therefore used any theory that seems to touch vitally, or to make more clear and real, the *great central fact*. Findlay touches the matter finely when he says : ' His perfect sinlessness left open the avenues of approach from both sides, Godward and manward; for it is sin that bars our way to God and man alike. The death of Jesus was appeal to man from the side of God, for He was God (moral influence theory); and an act of atonement from the side of man, for He was man (other theories).' They are all attempts to tell of the 'Unspeakable Gift.'

Ashram, Sattal ... E. Stanley Jones

## દૈવી પ્રેમ વિષે પુસ્તકો

| | |
|---|---|
| દૈવી પ્રેમ | ૦–૧–૦ |
| પ્રભુ ઈસુ ખ્રિસ્તનો પ્રેમસંદેશ | ૦–૨–૦ |
| પરમ શ્રેયઃ | ૦–૨–૦ |
| પ્રેમનું પરાક્રમ | ૦ – ૨૫ |
| પ્રેમોપનિષદ | ૦ – ૩૭ |
| પ્રેમાવતાર ઈસુ | ૧ – ૦૦ |

## ૦ અધ્યાત્મ પુસ્તકો ૦

| | |
|---|---|
| ઈશ્વરના સાન્નિધ્યનો અનુભવ | ૦–૨–૦ |
| પ્રભુની પ્રાર્થનાનો આદેશ | ૦–૪–૦ |
| હૃદયગીતા | ૦ – ૨૫ |
| પહાડ પરનું ભાષણ (ગિરિપ્રવચન) | ૦–૧–૦ |
| પ્રાર્થનાંજલિ | ૦–૧–૬ |
| ગાંધીજીને પ્રિય બાયબલ વચનો અને પ્રિય ભજનો | ૦–૧–૦ |
| ખ્રિસ્તાનુરૂપાતા (છપાશે) | |

## ૦ સૈદ્ધાંતિક પુસ્તકો ૦

| | |
|---|---|
| ગુરુને ચરણે | ૦–૩૭ |
| નવો કરાર | ૨– ૦૦ |
| આત્માની તરવાર | ૦–૩–૦ |
| ખોવાયેલો દીકરો | ૦–૪૦ |
| સેવાનું રહસ્ય | ૧–૫૦ |

• પુસ્તકો મળવાનું ઠેકાણું •

### ક્રિશ્ચિયન બુક ડીપો

મુગલીસરા ... સુરત

# પ્રેમનું પરાક્રમ

ભૌતિક જીવનની વ્યાખ્યા આપતાં સ્પેન્સર કહે છે, કે બાહ્ય પરિસ્થિતિની સાથે આંતરિક સુમેળ તે ભૌતિક જીવન. આપણી પરિસ્થિતિ કે વાતાવરણમાંથી જ્યારે આપણે ખોરાક અને હવા લઈએ છીએ ત્યારે આપણે જીવીએ છીએ. એમ કરવામાં જ્યારે આપણે નિષ્ફળ થઈએ છીએ ત્યારે આપણે મૃત્યુ પામીએ છીએ. બાહ્ય વાતાવરણ સાથે આપણી આપ-લે થવી જોઈએ. આ આપણી ભૌતિક પરિસ્થિતિ અંગેની વાત થઇ. પરંતુ આધ્યાત્મિક વાતાવરણ પણ છે, અને તેની સાથે આપણી આપ-લે થવી જોઈએ. આપણું આધ્યાત્મિક વાતારણ ત્રણ બાબતનું બનેલું છે :

(૧) આપણું ઉચ્ચ સ્વત્વ, (૨) બીજા જીવાત્માઓ, અને (૩) ઈશ્વર. આ ત્રણેની સાથે જ્યારે આપણે સુમેળ કે એકરાગમાં હોઈએ ત્યારે આધ્યાત્મિક રીતે આપણે જીવંત હોઈએ છીએ. પરંતુ જીવનની વાસ્તવિક હકીકતો બરાબર તપાસવાથી જણાય છે, કે પોતાના આધ્યાત્મિક વાતાવરણ સાથે મનુષ્ય વિવાદિત અવસ્થામાં છે, સુમેળમાં નથી. કેટલાંકને ઉપર કહેલી ત્રિવિધ એકતા અથવા સુસંવાદિતા પ્રાપ્ત થયેલી છે; પણ સામાન્ય રીતે જોતાં માનવીનું જીવન અસંવાદિત છે.

પ્રથમ, માનવીની આંતરિક પ્રકૃતિમાં જ ફાટફૂટ જણાય છે. તેનું ઉચ્ચ સ્વત્વ નીચા સ્વત્વની વિરુદ્ધ ઊભેલું છે. તેનું ઉચ્ચ સ્વત્વ સારાપણું, ઉમદાપણું, અને ઈશ્વરને વાંચ્છે છે. નીચું સ્વત્વ ભૂંડાઈ વાંચ્છે અને ભૂંડાઈની કલ્પના સેવે છે. કવિ બાયરન કહે છે, તેમ 'આપણું જીવન જૂઠી પ્રકૃતિ છે, તે વસ્તુઓ સાથે એકરાગ નથી.' આપણા આંતરિક સ્વભાવમાં ભાગલા પડેલા છે અને વિસંવાદિતા છે.

તે ઉપરાંત આપણે આપણા માનવબંધુઓ સાથે સુમેળમાં નથી. ઈર્ષા, નાના કલહો, મુકરદમાઓ, કુટુંબના ઝઘડા, લડાઈઓ,

સામાજિક અથડામણો, કહેવાતા વર્ગ કે વર્ણ કે ન્યાતને લીધે માણસ-માણસ પ્રત્યેના ધિક્કાર, આ અને એવું બધું જાહેર કરે છે, કે માણસ માણસ સાથે સુમેળમાં નથી. પરંતુ આપણી પરિસ્થિતિનું સર્વોચ્ચ અને સર્વથી અગત્યનું જે અંગ એટલે પરમેશ્વર, તેની સાથે આપણો મેળ અથવા એકરાગતાની બાબત એ બધાં કરતાં વધારે દિલગીરીભરી અને ભારે પરિણામ લાવનાર બીના છે. ઈશ્વર સાથે આપણે સુસંવાદિત નથી. આપણે મંદિરમાં ઊભા રહીએ છીએ, આપણી પ્રાર્થનાઓ ઉચ્ચારીએ છીએ, આપણે વ્રત લઈએ છીએ, અંતરના આત્માથી વાંચ્છિએ છીએ,—પરમેશ્વર સાથે સંગત માટે ઉત્કંઠિત છીએ. પરંતુ કાળું, ભયંકર અને ઘણી વાર સુનિશ્ચિત એવું કંઈક આપણી અને પરમેશ્વરની વચ્ચે આડે આવીને ઊભું રહે છે. ઈશ્વર પવિત્ર છે અને આપણી અશુદ્ધતાના કારણે આપણે તેમની સાથે સંગતની માગણી કરવા હિંમત ધરી શકતા નથી, એ બાબત આપણે સમજીએ છીએ. આપણે પરમેશ્વરથી વિખૂટા અને અપરાધી છીએ.

આ અસંવાદિતાઓ અને મેળ વગરની સ્થિતિ દૂર કરવી અને ભૂંડાઈના પ્રશ્નોને હલ કરવા એ ધર્મનું કાર્ય છે. માણસની તેના ઉચ્ચ સ્વત્વ સાથે એકતા સધાવવી જેથી તેના દ્વિધા થયેલા આત્મબળો એકરૂપ થાય; માનવીને તેના બંધુમાનવો સાથે એકરાગમાં આણવો; અને પરમેશ્વર સાથે તેની સુસંવાદિતા સાધવી—આ ધર્મનું કર્તવ્ય છે. ધર્મ જો આ સાધવામાં નિષ્ફળ નીવડે તો તે અતિઆવશ્યક બાબતમાં નિષ્ફળ થયો છે. ધર્મનાં ક્રિયાકાંડ અને વિધિઓ સુંદર હશે, તેની આજ્ઞાઓ પુરાતન હશે, તેનાં બોધવચનો સારાં હશે, પરંતુ જો તે આ મુદ્દાની બાબતમાં નિષ્ફળ જાય તો તે પૂરેપૂરો નિષ્ફળ છે. એ વિનાનું બીજું બધું નકામું છે. જો આ પ્રશ્ન તરફ દુર્લક્ષ કરવામાં આવે, કે તેને વટાવી જવામાં આવે, તો તે, જે માણસનાં જીવનવૃક્ષને કેન્સરનો રોગ ખાઈ જતો હોય, તેવો દર્દી આવતા વરસના સુખનાં સ્વપ્ન સેવે અને યોજનાઓ ઘડે તેના જેવું છે.

માનવીની ત્રિવિધ એકરાગતા સાધવાનુ આ કામ ઇશ્વરને લાયકનું છે. હોરેસ નાટ્યકારોને ચેતવે છે, કે 'દેવે ઉકેલવા લાયકની ગૂંચ ઊભી થઇ ન હોય ત્યાં સુધી દેવને નાટકના મંચ ઉપર લાવવા નહિ.' પાપ અને ભૂંડાઈનો પ્રશ્ન ઇશ્વરને ઉકેલવા લાયકનો કોયડો રજૂ કરે છે. તે રંગભૂમિનો એક ખેલ નથી. ભૂંડાઈ એક દુઃખાંતક, વાસ્તવિક બાબત છે. ભૂંડાઇથી માણસોને બચાવી લેવાનું કાર્ય ઇશ્વરની શક્તિને પડકાર કરનાર બાબત છે; અને ખરેખર, ઇશ્વરના પ્રેમ ઉપર એનો હક પહોંચે છે.

જેઓ પોતાને સાચવ્યા કરે છે, પોતાને બચાવી રાખે છે, તેઓ બીજાને બચાવી શકતા નથી, અને જેઓ બીજાને બચાવે છે, તે પોતાને બચાવી શકતા નથી. આ એક ભયંકર રહસ્ય છે. છતાં એ એક સનાતન હકીકત છે. નૈતિક પ્રકૃતિવાળા સૌ કોઈને લોહી રેડવાનું નિર્માણ થયેલું છે; તે પોતાનું લોહી વહેવડાવે છે તેમ તે જીત પામે છે. સાત્ત્વિકતા, ભલાઇ, હંમેશાં વધસ્તંભ પર મરીને જ જીતે છે. જો કોઈ બીજાને બચાવવા ચાહે તો તે પોતાને બચાવી શકતો નથી.

આત્મભોગદ્વારા બચાવવાનો નિયમ સમસ્ત જીવનક્રમમાં, નીચામાં નીચા જીવન સ્વરૂપથી માંડીને ઊંચામાં ઊંચા જીવન સ્વરૂપમાં વ્યાપેલો જણાય છે. જીવનના કોઇપણ પ્રદેશમાં જોશો તો જેઓ બીજાનો ઉદ્ધાર કરવા માગે છે તેઓ પોતાને મુશ્કેલી, દુઃખ અને કેટલીક વાર મોતથી બચાવી શકતા નથી.

હવે સૌથી નીચા સ્વરૂપનું જીવન લો, એટલે, બીજ. ધારો કે બીનેજ નિર્ણયશક્તિ હોય, અને તે નિર્ણય કરવા બેસે, કે હું પોતાને બચાવું ? કે બીજાને બચાવું ? જો બીજાઓને બચાવીશ એમ તે નક્કી કરે, તો શું થશે ? તે બીને જમીનમાં દાટવામાં આવશે, ત્યાં મરવા માટે–તે પોતાને બચાવી શકતું નથી. પણ પરિણામ શું ? તેમાંથી ઝોલા ખાતો સોનેરી પાક; લણણી ઊભી થઈ! બીએ પાકને બચાવ્યો, પોતાને બચાવી શકયું નહિ.

હવે જીવનના ક્રમમાં જરા ઊંચે ચડીને જુઓ. પક્ષીનો વિચાર કરો. માદાએ પોતાનાં બચ્ચાં માટે પોતાને સંપૂર્ણ સોંપી દીધી છે. ઈંડાં સેવવા અને બચ્ચાંઓને આશ્રય આપવા તે માળામાં કેદી બની રહી છે. તે પોતાની પાંખો નીચે બચ્ચાંઓનું જતન કરે છે. પતિ એટલે નરપક્ષીએ કુટુંબને પોષણ પૂરું પાડવાનું કામ માથે લીધું છે, અને તેઓને માટે ખોરાક શોધવા અને લાવવામાં તે સુકાઈ ગયો છે; એવામાં એક સાપ દગલબાજીથી ઝાડ ઉપર ચડે છે. માતા પોતાની જાતના જોખમ વિષે બેપરવા બની જઈને પોતાનાં નાનકડાં સિવાય બીજું બધું ભૂલી જઈને, સર્પને બાજુએ આકર્ષે છે, તેના ઉઘાડા મુખમાં પોતે ઝંપલાવી દે છે અને સર્વોચ્ચ બલિદાન આપે છે. માતાએ પોતાનું નાનું કુટુંબ બચાવી લીધું, પોતાને તે બચાવી ન શકી.

માનવી જનેતાનો દાખલો લો. દુનિયામાં બાળકને લાવવા માટે તે મરણની અંધારી ખીણમાં ઊતરી જાય છે. દુઃખ, કષ્ટમાંથી તે પોતાને બચાવતી નથી; પણ દુનિયાને માટે એક બાળકને બચાવે છે. જ્યારે તે બાળક માંદું પડે છે ત્યારે તે માતા પોતાને ભૂલી જઈને બાળકની પાછળ પોતાની શક્તિ, સમય અને જરૂર પડે તો પોતાની જિંદગી ખરચી નાખે છે. તે બીજાને બચાવે છે, પોતાને બચાવી શકતી નથી.

અહીં એક દેશ ભયમાં આવી પડયો છે. જેની આગળ પોતાનું આખું જીવન હજી અણભોગવ્યું છે, એવો જુવાન દેશપ્રેમી પોતાનું એકનું એક જીવન મૂઠીમાં લઈને યુદ્ધ માટે ચાલી નીકળે છે અને દુશ્મનોનાં શસ્ત્રો સામે પોતાની છાતી ધરે છે, અને લોહીલોહાણ બલિદાન બનીને પડે છે. તે પોતાના દેશને, પોતાનાં ઘરકુટુંબને બચાવે છે. તે બીજાઓને બચાવે છે, પોતાને બચાવી શકતો નથી.

આ ઉપરાંત, ચારિત્રની બાબતમાં જોઈશું તો "અધમોને ખાતર ઉત્તમ જનોના, અજ્ઞાનોને ખાતર વિદ્વજ્જનોના, અને અશુદ્ધોને

આતર પવિત્ર જનોના સ્વાર્પણની માત્ર એક જ રીત વડે માનવ-જાતનું જીવન બૌદ્ધિક અને આધ્યાત્મિક બાબતમાં વધારે ઊંચી સપાટીએ લાવી શકાય છે, એટલે કેવળ જીવનથી જીવન ઉદ્‌ભવી શકે છે. એ બાબતની રોમાંચક સાક્ષીઓથી ઇતિહાસ ભરેલો છે.

ઊંચી કક્ષાનો નીચી કક્ષાવાળાને પોતાની સપાટીએ લાવવા સારુ નીચો નમે છે ત્યારે જ, ઊંચી કક્ષાવાળાના માત્ર ભોગે જ, નીચા જનને ઊંચા જનની સપાટીએ ઊંચકી શકાય છે."

સ્વભોગની ભાવના જીવનમાં સર્વથી સુંદર બાબત છે. એ ભાવનામાં જીવન સર્વોત્કૃષ્ટ શિખરે પહોંચે છે. આ વાત એટલી બધી વાસ્તવિક છે, કે અસ્તિત્વની શ્રેણીમાં કોઇ જીવન કેટલું ઉન્નત અથવા કેટલું અધમ છે, તે નીચે આપેલા નિયમ વડે નક્કી કરી શકીએ છીએ; **"બીજાને માટે ભોગ આપનાર પ્રેમ કોઇ પણ વ્યકિતના જીવનનું કેટલા પ્રમાણમાં નિયંત્રણ કરે છે, તે ઉપરથી તે પ્રાણીની અથવા નૈતિક રીતે સ્વતંત્ર ગમે તે વ્યકિતની ઉન્નતિનું માપ ભૂલ વગર કાઢી શકાય છે."** આ નિયમને આધારે જીવનની તુલના થવી જોઈએ. જ્યાં સ્વભોગ આપવાની ભાવના નથી તે જીવન અસ્તિત્વની શ્રેણીમાં સૌથી નીચું છે; જ્યાં એ ભાવના કંઇક અંશે વિકસેલી હોય તે જીવન પેલા કરતાં ઊંચું છે; અને જ્યાં એ ભાવના પૂરેપૂરી અપનાવી લેવામાં આવેલી હોય તે જીવન અસ્તિત્વની શ્રેણીમાં સર્વોચ્ચ છે.

નીચેમાં નીચેની કક્ષાનું જીવન કયાં જોવામાં આવે છે ? એવું જીવન મોટા ભાગે દરિયામાં જોવામાં આવે છે. ત્યાં જીવન-વિગ્રહ ચાલ્યા કરે છે. દરેક દરેકની વિરુદ્ધ છે. દરેક માછલી બીજી માછલી ઉપર જીવે છે. માછલી ઈંડાં મૂકે છે અને તે સેવાય છે; એટલે માતા પોતાનાં બચ્ચાંને જ ખાઈ જાય છે. નીચામાં નીચી કક્ષાનું જીવન સૌથી વિશેષ સ્વાર્થી જીવન છે. જીવન ઉત્ક્રમની શ્રેણીમાં જેમ ઊંચે ચઢીએ છીએ તેમ પરોપકાર ભાવનાનો, બીજાઓ માટે લાગણીનો,

જન્મ થતો જણાય છે. જ્યારે માનવીને તબક્કે પહોંચીએ છીએ ત્યારે જણાય છે કે નીચામાં નીચા માનવીમાં (પછી ભલે તે જંગલી હોય કે સુધરેલો હોય) સ્વભોગ આપવાની ભાવના ઓછામાં ઓછી હોય છે. નીચામાં નીચો માણસ સૌથી વધારે સ્વાર્થી હોય છે. ઊંચામાં ઊંચો માનવી તે છે કે જે પોતાના વિશે ઓછામાં ઓછો વિચાર કરે છે અને બીજાઓ માટે વધારેમાં વધારે વિચાર કરે છે. અથવા, બીજા શબ્દોમાં કહીએ તો, સ્વભોગ વડે બીજાને બચાવવાનો નિયમ જેનામાં મૂર્તિમંત થયેલો છે તે ઉચ્ચત્તમ માનવી છે.

હવે અસ્તિત્વની શ્રેણીમાં પરમેશ્વર અસ્તિત્વની સર્વોચ્ચ કોટિએ છે, ઈશ્વર સર્વોચ્ચ અસ્તિત્વનો પ્રતિનિધિ છે. બીજાને માટે આત્મભોગ આપવાનો નિયમ જો સર્વવ્યાપી નિયમ હોય (અને એમ હોય એવું જણાય છે,) તો, સામ્યતાની દૃષ્ટિએ તર્ક કે વિચાર કરતાં, પરમેશ્વરમાં સ્વભોગ આપવાની ભાવના સૌથી ઊંચા પ્રમાણમાં વિકસેલી સ્થિતિમાં મૂર્તિમંત થયેલી અને પ્રદર્શિત થયેલી જણાવાની આપણે અપેક્ષા રાખી શકીએ. બધા જીવન માટે આ નિયમ લાગુ પડતો હોય તો, આપણે કલ્પના કરી હોય તે કરતાં વધારે વિશાળ, વધારે ઉચ્ચ અને વધારે મહત્તમ પ્રમાણમાં સ્વભોગની ભાવના ઈશ્વરમાં આવિર્ભાવ પામેલી, મૂર્તિમાન થયેલી અને પ્રદર્શિત થયેલી હોવી જોઈએ. જો આ પ્રમાણે ન હોય તો જીવનના છેક નીચલા સ્વરૂપમાં અને જીવનના છેક ઊંચા સ્વરૂપમાં સ્વાર્થ છે, જીવનના બંને છેડે સ્વાર્થમયતા છે, અને વચગાળે, એટલે ઉચ્ચકોટિના માનવીમાં, સ્વાર્પણની ભાવનાનું અસ્તિત્વ છે એમ કહેવાય. આ નિરપવાદ નિયમ અસ્તિત્વની શ્રેણીમાં અનુક્રમવાર જીવનના નીચા તબક્કાથી એક સરખો આગળ વધતાં વધતાં માનવી સુધી પહોંચે ત્યારે પણ એમ જ રહે; પણ જ્યારે પરમેશ્વર આગળ આવે છે ત્યારે તે નિયમ ઉલટાઈ જાય, ઊંધો વળી જાય, તો નિયમો અર્થહીન છે અને વિશ્વ શિર વગરનું છે. પરંતુ ઊલટ પક્ષે જો આત્મભોગનો આ નિયમ સૌથી નીચાથી માંડીને સૌથી ઊંચા સુધી લાગુ પડતો હોય, તો વિશ્વ એક

સમગ્રરૂપ છે, નિયમો કાયદા નથી, પરમેશ્વર એક નિરાશા નથી, અને વિશ્વને સ્વભોગ આપનાર શિર છે.

જો એમ ન હોય તો સર્વોચ્ચ મનુષ્ય પરમેશ્વર કરતાં વધારે સારો થાય, અને સર્વોચ્ચ મનુષ્યમાં એવી ભાવના છે કે જે ભાવનાની ઇશ્વરમાં ઊણપ છે. વળી આપણી જાણમાં છે તે બધી ભાવનાઓ કરતાં એ ભાવના ઉમદામાં ઉમદા છે, માટે જો એમ હોય તો સર્વોચ્ચ મનુષ્ય જ આપણે માટે રસસ્પદ અને આરાધ્ય થાય.

'ઢેફાં નીચેનો પ્રેમયુક્ત કીડો,
પ્રેમ વિહોણા પરમેશ્વર કરતાં વધારે દૈવી થાય.'

'પરમેશ્વર માટે કોઈ નાલાયક કલ્પના હોય તેના કરતાં કંઇ જ કલ્પના ન હોય એ વધારે સારું છે,' બેકનની આ ઉક્તિ વાજબી જ છે. સ્વભોગની ભાવના વગરના ઇશ્વરનો વિચાર કરવો એ નાલાયક કલ્પના છે, કેમકે એથી તો મનુષ્ય પોતાના ઇશ્વર કરતાં ઊંચે ચઢી જાય છે. ફેરબર્ન નામનો એક મહાન તત્ત્વચિંતક સાચું જ કહે છે, કે 'ઇશ્વર લાગણીહીન છે, અથવા કષ્ટ ઉઠાવવું એ ઇશ્વરને માટે અશકય છે. એવા વિચાર કરતાં ઇશ્વર સંબંધી વધારે જૂઠો વિચાર બીજો કોઈ નથી.' જો ઇશ્વરને માટે ખેદ અશકય હોય તો તેને માટે દુઃખસહન પણ અશકય છે, અને જો આ બંને માટે તેનામાં શક્તિ ન હોય તો પાપની દુષ્ટાઈ માટે અને માનવીનાં દુઃખ માટે ઇશ્વરને કંઈજ લાગણી ન થાય. પરમેશ્વરના સ્વભાવમાં પ્રેમભાવ છે એવો વિચાર ન કરીએ ત્યાં સુધી આપણે તેને માટે લાયક કલ્પના કરતા નથી. જો પરમેશ્વરના સ્વભાવમાં પ્રેમ હોય તો તે દુનિયાના દુઃખમય નાટકનો રસહીન પ્રેક્ષક રહી શકતો નથી. જેટલી ખાતરીથી પરમેશ્વર પ્રેમસ્વરૂપ છે, તો પ્રેમના બોજ તેમના ઉપર પડવા જોઈએ, એ પણ એટલું જ ખાતરીપૂર્વક છે. કારણ કે 'બીજાઓના કષ્ટમાં પોતે દાખલ થવું અને અન્યોના ભાર પોતાની લાગણી ઉપર લેવા એ પ્રેમનો સાર્વત્રિક સ્વભાવ છે.' આવો પ્રેમમય ઇશ્વર કષ્ટ સહન કરનાર તારણહાર થવો જોઈએ.

કષ્ટ સહન કરનાર પ્રેમ સિવાય ઈશ્વર વિશે બીજા ખ્યાલ બાંધવાથી આપણે ગૂંચવણોમાં ઊતરી પડીએ છીએ. બુશ્નેલ આ વાત તરફ આપણું લક્ષ દોરે છે. જ્યારે આપણે કહીએ છીએ કે ઈશ્વર 'નારાજ' થાય છે; ત્યારે ઈશ્વર દુ:ખ સહન કરવાની શક્તિવાળો છે, એવી આપણી કલ્પના દર્શાવીએ છીએ. કારણ કે નારાજ થવું એ શું દુ:ખી થવા બરોબર નથી ? જ્યારે આપણે કહીએ છીએ કે પરમેશ્વર બધી અશુદ્ધતા અને ભૂંડાઈથી 'કંટાળે' છે; તો કંટાળવું એના કરતાં દુ:ખની વધારે નજીક શું છે ? પરમેશ્વર દુષ્ટાઈને 'ધિક્કારે' છે; ત્યારે ધિક્કારવું એ શું કષ્ટની જ્વાળા નથી ? પરમેશ્વર 'ધીરજવાન' છે; તો ધીરજ એ શું નિયંત્રિત કષ્ટ સહન નથી !

સ્વભોગ આપવાની ભાવના ઈશ્વર કરતાં માનવીમાં વધારે જોવામાં આવે છે એમ કહેવાને બદલે પ્રભુ ઈસુએ એથી વિરુદ્ધ જ શીખવ્યું છે. તેમણે પોતાના શિષ્યોને જાહેર કર્યું, કે 'હું વધસ્તંભ ઉપર મરવાને જાઉં છું.' આથી શિષ્યો આશ્ચર્યમૂઢ થઈ ગયા. પટ શિષ્ય પીતરે પ્રભુને બાજુ પર લઈ જઈને બહુ ગંભીરભાવે કહ્યું, 'સ્વામી, આવું બનવું તમારાથી દૂર રહો. એવું કદી જ નહિ થાય.' પ્રભુ ઈસુએ દર્દભર્યા દિલથી તેના તરફ ફરીને કહ્યું, 'તારું દષ્ટિબિંદુ પરમેશ્વરનું નહિ પણ મનુષ્યનું છે,'×જીવન પ્રત્યેનું પીતરનું દષ્ટિબિંદુ સ્વભોગવાળું ન હતું. પ્રભુ ઈસુને આત્મસમર્પણ કરવાથી રોકવા સારુ તેણે પ્રયત્ન કર્યો; તેથી પ્રભુ ઈસુએ તેને કહ્યું, કે 'તારા દષ્ટિબિંદુ અને ઈશ્વરના દષ્ટિબિંદુનો મેળ ખાતો નથી. તું એક સામાન્ય માણસ જેમ વિચાર કરે છે. ઈશ્વરનો વિચાર સ્વભોગ છે.'

પરંતુ આ આત્મભોગની ભાવના ઘણાં માણસોમાં **અસ્તિત્વ ધરાવે** છે જ. મનુષ્યો પોતાને ભોગે બીજાઓને **મદદ કરે છે જ.** ફરી પ્રશ્ન થાય છે, કે શું માનવી પરમેશ્વર કરતાં વિશેષ ઉમદા, વિશેષ સારો છે ? કવિ બ્રાઉનિંગ આ પ્રશ્ન પૂછે છે અને તેનો પ્રત્યુત્તર આપે છે :

---

× ડૉ. મોફેટનો અનુવાદ. માર્ક ૮ : ૩૩.

'જેના પર હું પ્રેમ કરું છું તેને સારુ શું હું કષ્ટ વેઠીશ ? તું પણ એમ જ કરે; હા, તું એમ જ કરશે.'

જે બાળક પર તમે પ્રેમ કરો છો તેને ખાતર પિતા તરીકે શું તમે દુઃખ ઉઠાવશો ? પિતા તરીકે શું હું દુઃખ ઉઠાવીશ ? તો તો

'હે ઇશ્વર, અમારા પિતા,

તું પણ એમ જ કરે, હા, તું એમ જ કરશે.'

પ્રિય વાચક, ધારો કે તમે એક પિતા છો, અથવા એક માતા છો, અને તમારે કુટુંબમાં એક બાળક છે, કહો કે નાની દીકરી. જ્યારે તે પુત્રી ઉંમરલાયક સમજણી થાય ત્યારે તમે તેને નૈતિક ભયમાં જુઓ, અથવા, એથી યે ખરાબ, દુરાચારમાં સપડાયેલી જુઓ, તો શું તેને માટે તમે કંઇ કરવા તૈયાર થાઓ ? તે બાળકને નૈતિક જોખમ કે નૈતિક પતનમાંથી પાછું લાવવા કંઇક હા, તમારા પોતાના ભોગે પણ, બધું જ કરવા તમે ખુશી થાઓ કે કેમ ? આપણામાં જે પિતૃત્વ અને માતૃત્વ ભાવ છે તે પોકારી ઊઠે છે, કે કોઇપણ સાચો પિતા અને માતા બધું જ કરશે. ત્યારે શું આપણે પરમેશ્વર કરતાં વધારે સારાં છીએ ? આપણાં સંતાનોને બચાવી લેવા સારુ આપણે સહન કરવા ખુશી હોઇએ, અને શું ઇશ્વર પોતાનાં બાળકોને બચાવી લેવા સારુ સહન કરવાની ના પાડે ? એમ થઇ જ ન શકે.

આ ઉપરાંત, સર્વશ્રેષ્ઠ મનુષ્યોમાં જે આત્મભોગની ભાવના જોવામાં આવે છે તે ભાવના આવી ક્યાંથી ? આપણે પ્રકૃતિ તરફ ફરીને તેને પૂછીએ, કે શું આ ભાવના તેં આપી ? પણ કુદરતને એના વિષે કંઈ ખબર નથી. સ્વભોગ સંબંધી કુદરતનો સંદેશો બહુ નિર્માલ્ય છે. પ્રકૃતિ એટલે અણનમ અને અક્ષમ **કાયદો.** કિંગસલી ઉપર લખેલા પત્રમાં હકસલી નામનો વૈજ્ઞાનિક લખે છે, કે: 'વિશ્વનાં દશ્યને અંતર્ગત રહેલ જે મહાન **અજ્ઞાત** છે, તે આપણી સાથે પિતાનો સંબંધ ધરાવે છે, આપણા ઉપર પ્રીતિ કરે છે, અને ખ્રિસ્તનો ધર્મ શીખવે છે તેમ, આપણે માટે દરકાર રાખે

છે, એ બાબતની મને જરા પણ ઝાખી થઈ શકતી નથી કે ગંધે આવતી નથી.' અને, એ બાબત સંબંધી કેવળ જે ઠેકાણે હકસલી સાબિતી શોધતો હતો ત્યાં આપણે પણ શોધવા જઈએ તો આપણે પણ એમ જ કહીએ. નીચલી પ્રકૃતિમાં તે કેવળ કાયદો જોઈ શકતો, પણ પિતૃપ્રેમ નહિ. આત્મભોગની ભાવના કુદરતે આપણને આપી નથી, અને આપી શકી હોય એમ પણ નથી. 'કશું નથી તેમાંથી કશું જ ઉદ્ભવી શકે નહિ.' જો આત્મભોગ કુદરતમાં નથી, અને તે જ રીતે ઇશ્વરમાં નથી, તો દુનિયાની આ સર્વોત્કૃષ્ટ ભાવનાના ઉદ્ભવનું કારણ આપી શકાય એમ નથી.

પરંતુ માનો, કે જે ભાવના આપણને છે તે દિવ્યાત્માનો કેવળ પડઘો છે; આપણે જેઓ પરમાત્માની પ્રતિમાનુસાર ઉત્પન્ન થયેલા છીએ, તેઓને આ (સ્વભોગની) ભાવના છે, કારણ કે આપણાં પહેલાં તે ભાવના તે દિવ્ય પુરૂષમાં હતી, અને એ પરમેશ્વરના સ્વભાવની ઉતારેલી નકલ છે; તો આ બાબત સ્પષ્ટ થઇ જાય છે. કારણ કે આ ભાવના દૈવી લાગે છે, અને તે દૈવી ઇશ્વરના હૃયમાંથી આવેલી હોવી જોઇએ.

સ્વભોગ આપીને બચાવી લેવાનો નિયમ ઇશ્વર વિશ્વમાં લખે, અને પોતે તેનાથી રિક્ત (ઠાલો) રહે, એ વાત હું માની શકતો નથી. આત્મભોગ આપવાની ઊર્મિ પરમેશ્વર આપણાં હૃદયોમાં મૂકે અને પોતે તેનાથી પાછો ખસી જાય, એ વાત હું માની શકતો નથી. ગીત–ઉદ્ગાતા પૂછે છે, કે

'જેણે નેત્ર સર્જ્યું, તે શું નહિ જોશે ?'

તેની સાથે કવિ બ્રાઉનિંગ ઉમેરે છે, કે

'જેણે પ્રેમ ઉત્પન્ન કર્યો તે શું પ્રેમ નહિ કરે ?'

અને આપણે પણ પૂછીએ, કે

'જેણે સ્વભોગ આપનાર પ્રેમ સર્જ્યો
તે શું સ્વભોગ નહિ આપે ?'

પિતૃત્વમાં, માતૃત્વમાં, મિત્રતામાં, શહીદપણામાં જેની આપણને લાગણી થાય છે તે કષ્ટ સહનના મરણસ્તંભમાં દેદીપ્યમાન બને છે. અહીં આપણે આપણા પોતાના ઊંડામાં ઊંડા અનુભવો સમજીએ છીએ. જ્યારે ઈશ્વર અંગે આવો અર્થ ઘટાવવામાં આવે છે ત્યારે આપણી ઉમદામાં ઉમદા પળોની સમજૂતી અને પરિપૂર્ણતા ઈશ્વર પોતે બને છે. પહેલા વિશ્વયુદ્ધ વખતે ફ્રાન્સના યુદ્ધક્ષેત્ર ઉપરના એક દૃશ્યમાં આનો એક નમૂનો મળે છે. કેટલાક પંજાબી મુસલમાનો લશ્કરી અમલદારોને મળ્યા અને એવી માગણી કરી, કે અમારા મરણ પામેલા સૈનિક બંધુઓની કબરો ઉપર ક્રોસ ( વધસ્તંભો ) મૂકો. અમલદારોએ કહ્યું, કે ક્રોસ એ ખ્રિસ્તી ચિહ્ન છે, તેથી એમ કરી શકાય તેમ નથી; પણ બીજાં કોઈ યોગ્ય ચિહ્નો તેમની કબર ઉપર મૂકવામાં આવશે. પણ પેલા માણસોએ પોતાની માગણી પકડી રાખી. તેમણે કહ્યું, કે 'હા અમે જાણીએ છીએ, કે ક્રોસ એ ખ્રિસ્તી ચિહ્ન છે; પરંતુ ક્રોસ તે ઊંચામાં ઊંચા આત્મભોગની નિશાની ( પ્રતીક ) બનેલું છે, અને અમારા મરણ પામેલા સ્વજનોની કબર ઉપર એ પ્રતીક મૂકવામાં આવે એવું અમારે જોઈએ છે.' સ્વભોગના મરણસ્તંભના પ્રકાશમાં તેમને પોતાના ઊંડામાં ઊંડા અનુભવો સમજાતા હતા.

પ્રેમાળ સ્વભોગ આપનાર ઈશ્વર જો વિશ્વમાં ન હોય, તો હોવો જોઈએ. મનુષ્યમાં અને વિશ્વમાં જે કંઈ સર્વોચ્ચ છે તે એને માટે માગણી કરે છે.

ચીનમાં એક ઘરડો વિદ્વાન હતો. તેણે પ્રેમાળ અને સ્વભોગ આપનાર પરમેશ્વર વિશેની વાત જ્યારે પહેલવહેલી સાંભળી ત્યારે પોતાના પડોશી આગળ પોકારી ઊઠયો : 'હું તમને નહોતો કહ્યા કરતો, કે આવો પરમેશ્વર હોવો જ જોઇએ ?' એ વૃદ્ધ વિદ્વાનની વાત ખરી હતી. તત્ત્વજ્ઞાનીઓના ગ્રંથો કરતાં એ વૃદ્ધ પુરુષની આધ્યાત્મિક અંતઃપ્રેરણાએ તેને સત્યની વધારે નજીક લાવી મૂકયો હતો. પ્લેટો નામનો ગ્રીક તત્ત્વજ્ઞાની પોતાના 'જનસત્તા' (રીપબ્લિક)

નામના પુસ્તકમાં જે કહે છે તે ઉપરથી જણાય છે કે તેને પણ આ બાબતનાં ઊંડાં દર્શનની ઝાંખી થઈ હતી. તેણે લખ્યું છે, કે 'સંપૂર્ણ સારા માણસનો અંત ભયંકર આવશે, અને છેવટે તેને શૂળી ઉપર કે વધસ્તંભ ઉપર મરવું પડશે.' આના કરતાં વધારે સ્પષ્ટ દર્શનથી અને સત્યની વધારે નજીક આવીને ઋગ્વેદનો કવિ પોકારે છે, કે 'પ્રજાપતિ એટલે પ્રાણીઓનો સ્વામી પોતે તેમને માટે યજ્ઞ થયો. તેમને માટે તેણે પોતાને અર્પી દીધો.' મહાયાનના પુસ્તકમાં દુષ્ટ મનુષ્યોની અનિષ્ટ સ્થિતિ ઉપર બોધિસત્વ (બુદ્ધદેવ) પોતે ચિંતવન કરે છે અને આ નિર્ણય કરે છે, કે: 'ત્રણ અનિષ્ટ સર્જનોની મધ્યે તેઓનાં સર્વ સંકટો તેમને ખાતર હું ભોગવીશ, અને તેઓ દરેકને મુક્ત કરીશ. તેમનાં દુઃખો એટલાં બધાં કષ્ટમય છે, છતાં હું પાછું પગલું નહિ ભરું, હું ડરી નહિ જાઉં, હું બેપરવા નહિ બનું, હું મારા સાથી જીવોને નહિ તજું. કેમ? (ધર્મકાયની) એવી ઇચ્છા છે કે સર્વ સભાન ઈંદ્રિયવાળા પ્રાણીઓનો સમગ્ર મોક્ષ થવો જોઈએ.' આના પછી ઘણા કાળે ભક્ત તુલસીદાસ આ સત્યનો ઝબકારો ઝીલે છે અને રામાયણમાં કહે છે: 'પોતાના ભક્તજનોના પ્રેમને ખાતર શ્રી રામે માનવરૂપ ધારણ કર્યું, અને પોતે દુઃખો સહન કરીને તેમનું સુખ સાધ્યું.' આ બધાને સ્વભોગની જરૂરિયાત ઝાંખી ઝાંખીયે જણાઈ, અને તેમણે દૂરથી તે વધાવી લીધી. માનવીની આધ્યાત્મિક અંતઃપ્રેરણાને સ્વભોગ આપનાર ઈશ્વરની જરૂરિયાત લાગી છે.

સર ઓલિવર લોજે કહ્યું છે, કે 'વાસ્તવ સત્ય કરતાં માનવી વધારે ઉચ્ચ અને વધારે શ્રેષ્ઠ વિચાર કરી શકે એવું માનવીને આપવામાં આવ્યું છે, એ વાત હું માનીશ નહિ.' આપણે પણ તેની સાથે સમ્મત થઈ શકીએ. સ્વાર્પણ કરનાર પરમેશ્વરનો આપણને વિચાર આવ્યો છે; અને સાધારણ બુદ્ધિથી આપણે સમજીએ છીએ, કે વાસ્તવ સત્ય કરતાં વિશેષ ઊંચો કે ઉમદા એવો વિચાર આપણે કર્યો છે એમ નથી, આપણા ચિંતાતુર પ્રશ્નોના જવાબમાં પરમેશ્વર પ્રત્યુત્તર આપે છે, કે 'મારા સર્જેલા હૃદય, અહીં એક હૃદય ધડકે છે.'

હવે જો આપણે ઈશ્વરાવતારમાં અથવા ઈશ્વરના સૃષ્ટિવ્યાપનમાં માનતા હોઈએ તો તે પણ આપણને ઉપર કહેલા વિચાર અને નિર્ણય ઉપર લાવ્યા વગર રહેશે નહિ. 'ઈશ્વરનાં સૃષ્ટિવ્યાપન (immenence) માટે તેને ભારે કિંમત આપવી પડે છે. પરમેશ્વર પાપની એટલો પડખે રહે તો એ પાપને લીધે સતત કષ્ટનો વધ-સ્તંભ સહ્યા વગર તે પાપની એટલે સન્નિધ રહી શકે પણ નહિ'. આપણો આનંદ તે ઈશ્વરનો આનંદ બને છે અને આપણું દર્દ તે તેનું દર્દ બને છે. તે કેવળ પ્રેક્ષક નથી. સૃષ્ટિવ્યાપક ઈશ્વર તે દુઃખ સહેનાર ઈશ્વર છે. અવતારી ઈશ્વર માનવી સાથે વિશેષ ઊંડી એક-રૂપતામાં આવે છે, અને તેથી, માત્ર સૃષ્ટિવ્યાપક ઈશ્વર કરતાં તે માનવી સાથે વધારે ગાઢ સહાનુભૂતિ અને વધારે ઊંડા સહદુઃખ-ભાગીપણામાં ભાગીદાર થાય છે. ક્રોસ, દુખઃસહનનો વધસ્તંભ, એ માનવી સાથેની ઈશ્વરની એકતાની પૂર્ણાહુતિ કે કળશરૂપ છે. જો ઈશ્વરાવતાર હોય તો એકરૂપતા છે. અને જો એકરૂપતા હોય તો દુઃખસહન–વધસ્તંભ–છે.

હવે આ બાબતને આપણે જુદા દૃષ્ટિકોણથી જોઈએ. 'જીવન જેમ ઉચ્ચ કોટિનું બનતું જાય છે તેમ દર્દ વધતું જાય છે,' મનુષ્યને એવાં દુઃખસહન કરવાં પડે છે કે જે વિશે પશુઓ અજ્ઞાન છે, સંપૂર્ણ માનવી 'દુઃખિત પુરુષ' હોય છે અને હતો. તેથી મનુષ્ય કરતાં પરમેશ્વર દર્દ અને દુઃખસહન માટે વધારે શક્તિશાળી છે.

પરંતુ આનાથી ઊલટ પક્ષે જે સત્ય છે તે તરફ આપણે આંખ બંધ કરવી ન જોઈએ. જીવન જેમ ઉચ્ચ કોટિનું થતું જાય છે તેમ આનંદ પણ વૃદ્ધિ પામતો જાય છે. મનુષ્યને એવો આનંદ છે કે જે વિશે પશુઓ અજ્ઞાન છે. દુઃખસહનથી ઉચ્ચ પ્રકારના આનંદ પ્રાપ્ત થાય છે. 'દુઃખિત પુરુષ' તેના સાથીઓ કરતાં વિશેષ પ્રમાણમાં આનંદથી અભિસિંચિત થયેલો હતો. જે ઈશ્વર અળગો રહે છે તેના કરતાં સ્વભોગ આપનાર ઈશ્વર વધારે ઊંડા આનંદનો અનુભવ કરે છે. જે લોકો બીજાને સારુ સ્વભોગ આપે છે તેઓ સુખીમાં સુખી છે;

જેઓ વધારેમાં વધારે સ્વાર્થી છે તેઓ સૌથી વધારે દુઃખી છે. ‘સારી રીતે સહન કરવું એના જેવું ધન્ય બીજું કંઈ નથી.’

બીજો એક વિચાર છે જેના ઉપરથી પણ આપણને અસરકારક બોધ મળે છે. અસ્તિત્વની શ્રેણીમાં આપણે જેમ વધારે ઊંચા જઈએ છીએ તેમ સંતાનોને સારુ માતપિતાની જવાબદારી વધારે પ્રમાણમાં જોવામાં આવે છે. નીચલી કોટિનાં પ્રાણીઓમાં માતપિતાની જવાબદારી અને તે અંગેનું સંતાનોને ખાતર દુઃખસહન જૂજ પ્રમાણમાં હોય છે. જ્યારે મનુષ્યની કોટિએ આવીએ છીએ ત્યારે જણાય છે, કે સંતાનોની દીર્ઘકાલીન બાલ્યવસ્થાને કારણે માતપિતાની કાળજી અને કષ્ટસહન પ્રમાણમાં એટલાં બધાં વધી જાય છે કે જેનું નીચલી કોટિનાં પ્રાણીઓને ભાન પણ હોતું નથી. જ્યારે ઈશ્વરની કોટિએ આવીએ, ત્યારે તેના પિતૃત્વમાં તેના સંતાનોને ખાતર તેની કાળજી અને તેમને ખાતર, તેમને બદલે, દુઃખસહનનું પ્રમાણ નિરવધિ, અનંત જ હશે એવી અપેક્ષા રાખવી પડે. પોતાનાં બાળકોને માટે દુઃખ ભોગવવાનું માનવી માતપિતાઓને પરમેશ્વર કહે, અને પોતાનાં સંતાનો માટેની વિશેષ મોટી જવાબદારી અને કષ્ટસહન લેવાને ઈશ્વર પોતે રાજી ન હોય, એમ તેણે કરવું ન જોઈએ. સ્વભોગ આપનાર દુઃખસહનના વધ-સ્તંભનો કંઈક અંશે પણ અર્થ સમજવા સારુ મન તથા હૃદયના અમુક વલણની આવશ્યકતા છે. આ બાબત ઉપર જેટલો ભાર મૂકીએ તેટલો ઓછો. કેટલાંક વલણ એવાં હોય છે, કે માણસ ધર્મની ઊંડામાં ઊંડી બાબતો સમજવાને અસમર્થ બને છે. કારણ કે ધર્મની ઊંડામાં ઊંડી બાબતો વાદવિવાદથી નહિ પરંતુ અમુક વલણથી આપણે ગ્રહણ કરી શકીએ છીએ. એ વૃત્તિ અથવા વલણ તે ખુલ્લા દિલનું, આધ્યાત્મિક ઇચ્છાનું અને પ્રકાશ જ્યાં દોરી જાય ત્યાં જવાની ખુશીવાળું હોવું જોઈએ.

વળી કળા સમજવા સારુ આપણા પોતામાં કંઈક કળામયતા હોવી જોઈએ, સંગીત, સાચું સંગીત, સમજવા સારુ આપણા પોતામાં કંઈક સંગીતકારપણું કે સંગીતકારની ભાવના હોવી જોઈએ; સર્વો-

પરાંત, સ્વભોગ–મરણ પર્યંતનો આત્મભોગ–સમજવા સારુ આપણા પોતામાં કંઈક અંશે પણ સ્વભોગની ભાવના હોવી જોઈએ. જો કોઈ માણસ સ્વાર્થી હોય, પોતાની જરૂરિયાતો અને ધ્યેયોનો જ વિચાર કર્યા કરતો હોય, તો તેના એ વલણને લીધે જ સ્વભોગ આપનાર મૃત્યુના અર્થને પૂર્ણ રીતે સમજવાને તે પોતે અસમર્થ બને છે, સ્વાર્થ અને સ્વભોગ એ પરસ્પર વિરોધી અને પરસ્પર વિગ્રહી પ્રદેશનાં તત્ત્વો છે; અને એની વચ્ચે કોઈ સામાન્ય ભૂમિકા, કોઈ સ્પર્શ–સ્થાન, ન હોવાથી સ્વાર્થી સ્વભોગને કદી સમજી શકે એમ નથી. પરંતુ, જે મનુષ્ય પોતાને ભોગે પણ બીજાને મદદ કરવાની વૃત્તિવાળો છે, જે સહાયરૂપ સેવાના વિચાર કરે છે અને તેમાં જીવે છે, તેને સંસર્ગની ભૂમિકા છે, તેથી વધસ્તંભના આત્મબલિદાનની સુંદરતા, શક્તિ અને અર્થ તે જોઈ શકશે.

'વધસ્તંભ એ માનવ અનુભવના દરેક તાળાને લાગે એવી ગુરુકૂંચી છે.' તમારી માન્યતા ગમે તે હોય કે ન હોય, વધસ્તંભે તમને હંમેશાં કંઈને કંઈ કહેવાનું છે જ; અને જે બાબતમાં એ તમારા જીવનને જીવાળ રીતે સ્પર્શ કરે છે ત્યાંથી શરૂ કરો, અને તમારી સમક્ષ જે માર્ગ ખુલ્લો થાય તેમાં આગળ ચાલ્યા જાઓ, તો અંતે તમે વધસ્તંભનો ઊંડામાં ઊંડો અને પૂરેપૂરો અર્થ સમજશો.

કોઈકે કહ્યું છે કે ઉદ્ધારનારનું બળ બે બાબતો ઉપર અવલંબે છે; પહેલી બાબત, આત્મભોગ આપનારના પોતાના વ્યક્તિત્વની સઘનતા ઉપર, અને બીજી બાબત, તે કેટલી હદ સુધી આપે છે તેના ઉપર. હવે પ્રભુ ઈસુ પોતાને તારણહાર અથવા ઉદ્ધારનાર તરીકે જાહેર કરે છે, તો આપણે તેમના સંબંધી આ બે પ્રશ્ન પૂછીશું. જે આત્મસમર્પણ તેમણે કર્યું તે કેટલું સઘન, મૂલ્યવાન હતું; અને, કેટલી હદ સુધી તેમણે સમર્પણ કર્યું ?

ખ્રિસ્તના વ્યક્તિત્વની ઉત્કૃષ્ટતા વિશે ભાગ્યે જ બે મત હોઈ શકે. ખ્રિસ્તના ચારિત્ર્ય અંગે મિત્રો તેમ જ બુદ્ધિમાન દુશ્મનો એકમત છે.

આપણી ધર્મ-માન્યતા ગમે તે હોય, પણ પ્રભુ ઈસુના ઉત્કૃષ્ટ ચારિત્ર્ય આગળ આપણે માનવૃત્તિથી ઊભા રહીએ છીએ. 'કળા, સાહિત્ય, તત્ત્વજ્ઞાન, વિજ્ઞાન, શોધ, રાજવિદ્યા અને યુદ્ધ, એ સાત રાજ્યોમાં સરસાઈ પ્રાપ્ત થાય છે, પરંતુ એમાંથી કોઈયે પર ઈસુ ખ્રિસ્તે ભાર મૂક્યો નથી; અને છતાં આપણે ઈસુને મહાન કહીએ છીએ.' તો તેમની મહત્તા શામાં હતી? એમની મહત્તા ચારિત્ર્યના પ્રદેશમાં હતી. જીવનમાં ચરિત્ર્ય સર્વોત્તમ છે; તેથી પ્રભુ ઈસુ સર્વોત્તમ બાબતમાં સર્વોત્તમ છે. તે વિજ્ઞાન શિખવવા આવ્યા નહોતા. હવે કેવળ બહુ થોડા વિજ્ઞાનને પોતાનો કાર્યપ્રદેશ બનાવી શકે છે; તેથી જો તેમણે એમ કર્યું હોત તો તેમણે પોતાને મર્યાદિત બનાવ્યા હોત. વળી તે તત્ત્વજ્ઞાન, ફિલસૂફી, શીખવવા આવ્યા ન હતા, સિવાય કે પ્રસંગોપાત તેમણે એમ કર્યું છે. તત્વજ્ઞાન જેઓ તૈયાર થયેલા હોય કેવળ તેમને જ આકર્ષી શકે છે. આમાં તે વિદ્વાન વર્ગમાં જ મર્યાદિત થઈ ગયા હોત. આ વિષયો જીવનની કોરાણના છે; પરંતુ ચારિત્ર્ય જીવનમાં કેન્દ્રસ્થાને છે, તેથી પ્રભુ ઈસુ પરમેશ્વરનું ચારિત્ર્ય કેવું છે તે દર્શાવવા માટે અને માનવી ચારિત્રનું નવસર્જન કરવા અને તેને ઉન્નત કરવા સારુ આવ્યા. એમ ઈસુ ખ્રિસ્ત મહત્તમ પ્રદેશમાં મહત્તમ હતા. તેમનામાં કોઈ સદ્ગુણને ભોગે બીજા સદ્ગુણને આગળ વધારવામાં આવ્યો ન હતો, તેથી તેમના ચારિત્ર્યમાં સમતોલપણું હતું.

શુદ્ધ જીવનની ગૌરવયુક્તતામાં, તેમની સહાનુભૂતિની વિશાળતામાં, તેમના ચારિત્ર્યનાં સમતુલનમાં, તેમના જીવનનાં નિઃસ્વાર્થી, આત્મત્યાગી દૃષ્ટિબિંદુમાં વિશુદ્ધ અને નિઃસ્વાર્થી પ્રેમની બાબતમાં ખરી રીતે જે બધા ગુણો સાચું ચારિત્ર્ય ઘડે છે તે બધામાં ઈસુ ખ્રિસ્ત સર્વોત્તમ હતા; એટલા સર્વોત્તમ કે 'જ્યારે આપણે પૂર્ણ આદર્શનો વિચાર કરીએ છીએ ત્યારે સદ્ગુણોનો સરવાળો કરતા નથી, પણ ઈસુ ખ્રિસ્તનો વિચાર કરીએ છીએ,' જેથી 'કોઈ નિયમ અથવા ધારો નહિ પણ **ચારિત્ર્ય** માનવી જીવનનું પ્રમાણભૂત ધોરણ બને છે.'

સિદ્ધ થયેલા આદર્શની તત્વજ્ઞાનને જાણ નથી; પરંતુ અહીં એક **ચારિત્ર્ય–આદર્શ** સિદ્ધ થયેલો જણાય છે. નૈતિક વિચારણા અને પ્રગતિના સૈકાઓ પછી પણ એ ચારિત્ર્ય–આદર્શ કંઈપણ સુધારા વગર એવો જ રહ્યો છે.

"એમ ઈશ્વરી શબ્દે દેહ ધારણ કર્યો
અને માનવી હસ્તે, રમ્યતાભર્યાં સંપૂર્ણ કાર્યોના રૂપમાં,
સિદ્ધાંતોનો પરમ સિદ્ધાંત ઘડયો,
સર્વ કવિત્વભર્યા વિચારો કરતાં બળવાન."

આત્મભોગ આપનારની સધનતા કે ઉત્તમતા વિષે કંઈ જ શંકા હોય એમ જણાતું નથી. હવે કેટલી હદ સુધી એ સ્વભોગ આપવામાં આવ્યો તેનો વિચાર કરવાનો રહ્યો. કેટલા ઊંડાણ સુધી, કેટલી હદ સુધી, ઈસુ ખ્રિસ્તે આપ્યું? તેમનું સર્વોત્તમ દાન તે શું તેમનું શિક્ષણ હતું? કે તેમની સહાનુભૂતિ હતી? કે તેમનો નમૂનો હતો? ના, માનવજાતિને તેમનો સર્વોત્તમ ફાળો તે તેમનું શિક્ષણ, સહાનુભૂતિ કે તેમનો નમૂનો નહિ પણ **તે પોતે** હતા. 'આપણે વાસ્તે તેમણે પોતાને આપ્યા.' અને પોતાને કેટલી હદ સુધી આપ્યા? **'તેમણે પોતાને આત્મસમર્પણ સુધી આપ્યા.'**

'વિશ્વના કોયડાનો ઉકેલ પરમેશ્વર છે, અને પરમેશ્વરના કોયડાનો ઉકેલ ખ્રિસ્ત છે', અને ખ્રિસ્તના કોયડાનો ઉકેલ તેમની સ્વાર્પણમય ભાવના, જેની પૂર્ણાહુતિ તેમના મૃત્યુમાં થાય છે, તેમાં સમાયેલો છે. ખ્રિસ્તના વધસ્તંભ પરના મરણને સમજવું એટલે ખ્રિસ્તને અને તેમના ધર્મને સમજવો; તેમના ક્રોસને સમજવામાં નિષ્ફળ થવું એટલે ખ્રિસ્તી ધર્મને તેના ઊંડાણમાં અને અતિ અગત્યની બાબતમાં સમજવામાં નિષ્ફળ થવું. એનો પૂરેપૂરો અર્થ આપણે સમજી શકીશું એમ કહેવાનું નથી; પણ આપણી જરૂર માટે પૂરતું સમજી શકીશું. એવા પ્રસંગ હોય છે કે જ્યાં તેમના મૃત્યુના ચમત્કાર સમક્ષ ઊભા રહીને પેલા કવિની સાથે આપણે પોકારી ઊઠીએ, કે

'અમર મરે છે–એ બધું રહસ્ય છે.'

પરંતુ જે કંઈ આપણે જોઈ શકીએ છીએ તે, પાછળ અનંતના હાર્દમાં શું રહેલું છે તે જાણવાની કૂંચી આપણને આપે છે.

ખ્રિસ્તના અનુયાયીઓ આરંભથી જ ખ્રિસ્તના મૃત્યુમાં અતિ ગૂઢ અર્થ જોતા આવ્યા છે. આ અર્થ પાછળથી ઉમેરેલો વિચાર નથી, પણ શરૂઆતથી જ છે, અને આરંભથી જ ખ્રિસ્તી ધર્મની વિચારણાના એ તાણા ને વાણા બની રહેલો છે. ખ્રિસ્ત પ્રભુના આગમન પહેલાં છસો વર્ષ અગાઉ યશાયાહ નામના ભવિષ્ય વકતાએ ભાવિ ઇતિહાસની વાટિકામાં દૃષ્ટિ નાંખીને જોયું, કે જેમ ઘેટાંના બચ્ચાને ઘાત કરવાને લઈ જવામાં આવે તેમ, એક જણને લઈ જવામાં આવ્યો, જે પાપને ખાતર પોતાનો આત્મા કુરબાન કરી દે છે–જે બીજાઓને અર્થે પોતે દુઃખ સહન કરે છે, એવું ભાવિદર્શન તેણે જોયું. ખ્રિસ્તના જન્મ પ્રસંગે જ્યારે તેમની માતાને આગળથી જણાવવામાં આવ્યું ત્યારે તેમને એમ કહેવામાં આવ્યું, કે તારા આત્માને તલવાર વીંધી નાખશે, કારણ કે આ બાળક બલિદાન થવા સારુ પોતાને અર્પી દેશે.

પ્રભુ ઇસુએ પોતાનું સેવાકાર્ય શરૂ કરી દીધું અને અતિશય લોકપ્રિય થયા, એટલે સુધી કે લોકો તેમને જબરજસ્તીથી પોતાનો રાજા બનાવવા માગતા હતા; પણ તેમણે શિષ્યોને કહ્યું, કે મને દુઃખસહનદ્વારા મારો મુગટ મળશે. શૂળીએ ચડવાનો વધસ્તંભ મારી આગળ ઊભો છે, અને હું જેરુસાલેમ નગરમાં મારો જીવ આપવા માટે જાઉં છું. આ વાતથી શિષ્યો બહુ આશ્ચર્યચકિત, નિરાશ અને દિલગીર થયા.

તે મૃત્યુ પામ્યા અને પાછા સજીવન થયા. અને તત્કાળ એક હૃદયથી બીજે હૃદયે આ વિચાર ફેલાયો, કે પ્રભુના કષ્ટ સહન અને મૃત્યુ સાથે એક ઊંડો, ઉદ્ધારસાધક અર્થ સંયોજાયેલો છે. આ વિચાર પાછલી સદીઓમાં ઉદ્ભવેલો વિચાર નહોતો.

ત્યારે ખ્રિસ્ત પ્રભુના મૃત્યુનો ખરો અર્થ શું છે ? કેવળ ઉપલક દૃષ્ટિએ જોતાં પણ તેમનું મૃત્યુ એક ધ્યાન ખેંચે એવું મૃત્યુ છે; એક નોંધપાત્ર જીવનના યોગ્ય કળશરૂપ છે.

શરમભરી રીતે તેમને વધસ્તંભ ઉપર લટકાવવામાં આવ્યા. એ શરમ અને નીચતા કેટલી ગહન અને કટુ હતી તે સિસેરો નામના પ્રખ્યાત વિદ્વાનના નીચે આપેલા શબ્દો ઉપરથી સમજી શકાશે. 'વધસ્તંભનું નામ માત્ર રોમન નાગરિકના શરીરથી જ નહિ, પણ તેમની કલ્પના, દૃષ્ટિ અને શ્રવણથી યે દૂર રહો.' પરંતુ પ્રભુ ઇસુને, નિર્દોષ અને નિષ્કલંકને, વધસ્તંભની ઉપર જડવામાં આવ્યા. તેમની મશ્કરી કરવા પહેરાવેલા કાટાંળા મુગટના કાંટાઓને લીધે તેમના કપાળમાંથી રક્ત ટપકતું હતું, રોમન સિપાઇઓના ક્રૂર ફટકાઓથી ઘવાએલી તેમની પીઠમાંથી લોહી વહેતું હતું. હથેળીમાંના ખીલા ઉપર શરીરનો ભાર પડવાથી માંસ ચીરાતું હતું. તેમાંથી શોણિત ધારાઓ વહેતી હતી, અને ખીલાઓથી છેદાયેલા પગમાંથી લોહી દદડતું હતું. છતાં, દર્દ ભૂલવા બેભાન બનાવનાર નીશાકારક પીણું તેમને આપવા માંડ્યું, તે લેવાની તેમણે ના પાડી. ઘેન વગરના સ્વચ્છ મગજથી અને બેભાન થયા વગરના જ્ઞાનતંતુઓથી કષ્ટની અગ્નિ પરીક્ષામાં થઇને તે પસાર થયા. લોકોનું ટોળું, ધિક્કાર અને ઝેરથી ભરેલું બનીને તેમને દુઃખ સહેતાં નિહાળતું ઊભું હતું. 'તેઓ તેને જોતાં ઊભા રહ્યા.' એ સાહિત્યમાંનું એક ક્રૂરમાં ક્રૂર વાકય છે. પછી તેઓ તેના ઠઠ્ઠા કરવા લાગ્યા અને ધિક્કારથી માથાં ધુણાવવા લાગ્યા અને પોકારીને કહેવા લાગ્યા કે 'તેણે બીજાઓને બચાવ્યા, પોતાને તે બચાવી શકતો નથી.'

દ્વેષથી ગાંડા બનેલા દુશ્મનોનું આ મજાકભર્યું વાકય ખ્રિસ્તી ધર્મનું મધ્યવર્તી સત્ય બની ગયું છે. **તે બીજાઓને બચાવતો હતો; તેથી તે પોતાને બચાવી શકયો નહિ.**

સમસ્ત જીવનની એકતા અથવા તક્કરતા એ વિજ્ઞાનની આધુનિક શોધ છે. પરસ્પર સંબંધ વગરના અને સમયના આકાશમાં ઊડતાં

આપણે છૂટાં છૂટાં રજકણો નથી. બધું જીવન એકમેક સાથે સંકલિત છે. અસ્તિત્વની શ્રેણીમાં ઊંચે તેમ જ નીચે બધા જીવનને અસર કર્યા વગર આપણે જીવનને કોઇપણ જગ્યાએ સ્પર્શ કરી શકીએ એમ નથી. સમસ્ત જીવનમાં એક સામાજિક નક્કરપણું કે ઐક્ય છે, તેથી જો કોઈ જીવનમાં મધ્યબિંદુ આગળ ઊભો રહે, તો તે પોતાની સાથે સમગ્ર જીવનને ઊંચે ચડાવી શકે. ઇસુ ખ્રિસ્ત જીવનના મધ્યબિંદુ આગળ ઊભા રહ્યા. તેમનામાં ઇશ્વર અને માનવનું મિલન થયું. 'માનવપુત્ર' તરીકે માનવજાતે તેમનામાં કષ્ટ વેઠયું, 'ઇશ્વરપુત્ર' તરીકે ઇશ્વરે તેમનામાં કષ્ટ વેઠયું. કષ્ટ સહેવાના આ સંગઠન (એકીકરણ)માં ઊંચું જીવન નીચા જીવનના ભાર, કષ્ટ અને પાપ પોતાના ઉપર ઉપાડી લઇને ઊંચું જીવન નીચા જીવનને ઊંચે લાવે છે.

પરંતુ એવો વાંધો ઉઠાવવામાં આવે છે કે 'અપરાધીને ખાતર નિરપરાધીએ દુઃખ ભોગવવું એ અન્યાય છે.' આ વાંધો વાસ્તવિક જેવો લાગે છે, પણ જેઓ એને વાસ્તવિક માને છે તેમણે જીવનને ઘણું ધ્યાનપૂર્વક નિહાળ્યું નથી. આ વાંધાનો જરા વિચાર કરીએ.

એક માતા છે, પોતાના પુત્રને માટે તેને ભવ્ય આશાઓ હતી. પણ હવે તે પુત્ર બેપરવા, મૂર્ખાઈ અને દુષ્ટાઇમાં પોતાના દિવસો ગાળે છે. તેણે માતાનું હૃદય ભંગિત કરી નાખ્યું છે. તમે જઈને એ માતાને કહો, 'તમારા દીકરાને ખાતર તમારે આ રીતે દુખ ઉઠાવવું એ અન્યાય છે; તમે નિર્દોષ છો, તે દોષિત છે. આ વાત અન્યાય છે.' દુઃખ ભર્યા ચહેરાથી તે માતા તમારી સામે જોઈ રહીને કહેશે, 'મારા દીકરાને ખાતર દુઃખ ભોગવું, એ અન્યાય ? મારામાં જે માતાનું હૈયું છે તે એ જ કરવા માગે છે. મારું હૃદય એમ કરવા ઉત્કંઠિત છે.' ઇન્સાફીપણાને નામે આપણે એ માતાને પોતાના પુત્રને માટે કષ્ટ સહન કરવાનો હક ભોગવવાની ના પાડી શકીએ ? ધારો કે આપણે તેને કહીએ, 'કડક ઇન્સાફીપણાથી તમારે તમારા પુત્રની સાથે વર્તવું જોઇએ. જે એ તમને આપે તેના બદલામાં તમે તેને આપો—વધારે નહિ અને ઓછું પણ નહિ.' જો તે ખરી મા

હોય તો શું તે આપણી વાત માનશે? આપણે શું ખરેખર એ માતા એમ કરે એવું ઇચ્છીશું? કેવળ કડક ઇન્સાફ ઉપર રચાયેલું કુટુંબ-જીવન વેપારીની દુકાન બની જશે. સારાં કામોની લેવડદેવડ થશે અને એવાં જ કામરૂપી નાણામાં દામ ચૂકવવામાં આવશે, અને જીવનમાં જે સર્વોત્કૃષ્ટ બાબત છે, એટલે કે સ્વભોગ આપનાર પ્રેમ, તે માર્યો જશે.

બુશ્નેલ નામનો લેખક કહે છે, કે 'દાંતના બદલામાં દાંત પાડવો અને આંખને માટે આંખ ફોડવી' એ સિદ્ધાંત, જે કડક ઇન્સાફનો સિદ્ધાંત છે, તે પ્રમાણે જો આપણે આપણા દુશ્મન સાથે વર્તીએ તો આપણે એ દુશ્મનની સપાટીએ જ છીએ. જ્યારે એ નીચી સપાટી મૂકી દઈને આપણે તેનું ભલું કરવા મહેનત કરીએ, તેને ક્ષમા કરીએ અને તેને મિત્ર કરી લઈએ, ત્યારે આપણે તેના કરતાં ઊંચી કક્ષાએ ચડીએ છીએ. ન્યાય કરતાંયે ઊંચો ન્યાય છે. એ ન્યાયમાં એક ધર્મપરાયણ માણસ તરીકે, વેર લેવાની નીચ વૃત્તિની લાગણીઓને દબાવી દેવાને હું બંધાયેલો છું, અને મારે ધીરજ તથા કષ્ટ ઉઠાવવાના સ્વાર્પણના અભ્યાસ આદરવાના છે, જેથી મારા શત્રુને મેળવી લઈ શકું.'

પરમેશ્વર સાથેના આપણા સંબંધને જો આપણે કાયદા પ્રમાણેનો કડક ન્યાય લાગુ પાડીએ તો એનો અર્થ એવો થાય છે, કે જાણે પરમેશ્વરને આપણે કહીએ છીએ: 'તારી પૂજા અને સેવામાં મેં તને આટલું આપ્યું. તારા દાન અને આશીર્વાદના રૂપમાં તું મને આટલું પાછું આપ.' પરમેશ્વર સાથેનો આપણો સંબંધ જો આ સિદ્ધાંત ઉપર રચાયેલો હોય, તો સંગત, મિત્રતા અને પ્રેમનો સિદ્ધાંત નષ્ટ થઈ જાય છે; ધર્મ એ મિત્રતા અને પ્રેમનો સંબંધ રહેતો નથી, પરંતુ એક મલિન સાટુંપાટું બની જાય છે, અને ત્યારે ખરા ધર્મનું ખૂન થાય છે.

આથી ઊલટ પક્ષે જ્યારે માણસો સાટાપાટા અને કેવળ કડક ઇન્સાફની સપાટી કરતાં ઊંચે ચઢે છે ત્યારે સ્વાભાવિક રીતે જ તેમનાં કામો આપણને ગમે છે અને આપણે તેની પ્રશંસા કરીએ

છીએ. વેપારી બદલામાં કંઈ લે છે ત્યારે જે આપે છે તેની આપણે પ્રશંસા કરતા નથી, પરંતુ જે વીરનર બદલામાં કંઈપણ મેળવવાની અપેક્ષા વગર પોતાની સર્વોત્તમ સંપદ્ એટલે પોતાનો પ્રાણ અર્પી દે છે, તેનાં ગાન કવિઓ અને ચારણો ગાય છે.

ઇરાદાપૂર્વકના વીરત્વભર્યા આત્મભોગનો એક દાખલો પ્રોફે. કૅર્ન આપે છે. મેકલીન નામનો એક શાંત, સાદો પણ ઉજ્જવલ ભાવિ દર્શાવતો એક વિદ્યાર્થી હતો. એક સવારે તે દરિયાને કિનારે શાંત સ્થળે અભ્યાસ કરવા સારુ ઘેરથી ગયો. તેવામાં તે જગાના અજાણ્યા એવા એક છોકરાને દરિયામાં નાહવા માટે જતો તેણે જોયો. મેકલીન જાણતો હતો કે એ જગાએ દરિયામાં ઊતરવું જોખમ ભરેલું છે. તેણે પેલા છોકરાને હાંક મારી અને તેને ચેતવ્યો. પણ તે છોકરાએ કંઈજ ધ્યાન આપ્યું નહિ. થોડી વાર પછી મેકલીને દૂર દરિયા પરથી ચીસ આવતી સાંભળી. તેણે ચોપડીમાંથી ઊંચું જોયું, તો પેલો છોકરો દરિયાના પ્રવાહ સામે બાથ ભીડતો અને તરફડિયાં મારતો તેને જણાયો. મેકલીને પોતાની ચોપડીઓ બાજુ પર મૂકી દીધી. રસ્તામાંથી કંઇક પાટિયું હાથ આવ્યું તે લઈને તેણે સીધું પાણીમાં ઝંપલાવ્યું અને તે છોકરા તરફ તરતો તરતો ગયો. છોકરા પાસે તે વખતસર પહોંચી ગયો. પાણીનો પ્રવાહ બંનેને ખેંચી જતો હતો, તેવામાં તેણે છોકરાને પાટિયા ઉપર લેવાનો પ્રયત્ન કર્યો, પણ ફોકટ. છોકરો થાકી ગયો હતો, અને વારંવાર પાટિયા પરથી સરી પડતો હતો. પોતાની બધી શક્તિ ખલાસ થઈ ગઈ છે એમ મેકલીનને પોતાને લાગ્યું, પણ અંત સુધી તેણે પ્રયત્ન ચાલુ રાખ્યા અને આખરે ફત્તેહ પામ્યો. પણ તેની પોતાની શક્તિ ખૂટી ગઈ હતી. મેકલીન પાણીમાં ગરક થઈ ગયો અને ડૂબી ગયો, પણ તેણે છોકરાને બચાવી લીધો હતો.

છોકરો જ્યારે પાણી સામે તરફડિયાં મારતો હતો ત્યારે મેકલીન દરિયા કિનારે ઊભો રહીને પોતાના મન સાથે આવા બુદ્ધિયુક્ત તર્ક કરી શક્યો હોત: 'મેં એને ચેતવણી આપી હતી એટલું બસ છે. મેં

મારી ફરજ બજાવી છે. પોતાની મૂર્ખાઈની સજા હવે એણે ભોગવવી જોઈએ.' આ શબ્દો કેવા ઠંડી ક્રૂરતાભર્યા અને લાગણીહીન લાગે છે, અને જે બીના વાસ્તવિક રીતે બની તેની ઉત્કૃષ્ટતા કરતાં એ કેટલું બધું હલકું, કેટલું નીચું લાગે છે ?

છતાં કહેનારા દલીલ કરે છે, કે પરમેશ્વર ચેતવણી આપનારા કાયદા બનાવે અને પછી તેનો ભંગ કરનારાઓને તેમના નસીબ પર છોડી દે, તેમાં પરમેશ્વરનો પ્રેમ પૂરતી રીતે પ્રગટ થાય છે. આ જો સત્ય હોય, તો પરમેશ્વર સંબંધીના વિચારમાંથી સ્વભોગ આપનાર પ્રેમની ઉત્કૃષ્ટતા બાતલ થઈ જાય છે. એમ હોય તો પરમેશ્વર ચેતવણી જેટલો ઠંડો અને કાયદાઓ જેટલો જ યાંત્રિક બની જાય છે. આવો પરમેશ્વર સ્વભોગ આપનાર પ્રેમ દર્શાવે એવા માનવીઓને કદી ઉત્પન્ન કરી શકે નહિ. મેકલીનની ઉપલી વાત જ્યારે આપણે સાંભળીએ છીએ ત્યારે આપણે કેમ એમ કહેતા નથી, કે 'કેટલો અન્યાય! મેકલીને એવું શા સારુ કરવું જોઈતું હતું ? આપણે એમ કહેતાં નથી, કારણ કે **આપણા અભ્યંતરમાં ઊંચા ન્યાયની અંતઃપ્રેરણા છે. પોતાને ભોગે પણ બીજાઓને બચાવવા એ વાજબી છે એવું એ ન્યાયને લાગે છે.** એ ઊંચા ન્યાયનું જો મૃત્યુ થાય તો જિંદગી જીવવા જેવી રહે નહિ, કારણ કે પછી જીવન એક મલિન લેવડદેવડ બની જાય છે. જો પરમેશ્વર સ્વભોગ આપનાર હોય, તો જીવન પ્રેમ છે એવો અર્થ ઘટાવી શકાય, પણ જો ન હોય, તો પછી એમ કરી ન શકાય.

ઇટાલીના સેલ્યુકસ નામના રાજાની એક વાત છે. તેણે એવો કાયદો કર્યો કે મારા રાજ્યમાં જે કોઈ વ્યભિચારનું પાપ કરશે તેની આંખો ફોડી નાખવામાં આવશે. કડકાઈને માટે તે રાજા જાણીતો હતો અને આ કાયદા સામે લોકો ધ્રુજતા હતા. રાજાની આગળ આ જ બાબતના એક ગુનેગારને લાવવામાં આવ્યો. એ તો રાજાનો પોતાનો કુંવર હતો. પછી રાજાના દીલમાં ન્યાય અને પ્રેમ વચ્ચે દ્વંદ્વ યુદ્ધ થવા લાગ્યું. જો એમાંથી એકની જીત થાય તો બીજો જીતી શકે

નહિ. પોતે કેવી રીતે ન્યાય પાળી શકે અને છતાં દયાપૂર્ણ પ્રેમ દર્શાવી શકે? એક જ કૃત્યમાં બંનેને કેવી રીતે સમાવી શકે? પોતાના દીકરાને શિક્ષા કરે, છતાં તેને કેવી રીતે બચાવી લઈ શકે? એમ કરવાનો માત્ર એક જ માર્ગ હતો, અને રાજાએ તે માર્ગ લીધો. તેણે પોતાની એક આંખ ફોડાવી નંખાવી અને પછી પોતાના કુંવરની એક ફોડાવી. એક જ કાર્યમાં ન્યાય અને દયાનું મિલન થયું. રાજા ઇન્સાફને એટલો બધો ચાહતો કે નજીવી રીતે તે માફી આપી નહિં દે, અને પોતાના પુત્ર પર એટલો બધો પ્રેમ કરતો હતો કે તેના પ્રત્યે બેપરવા બની ન શકે, એ બંને વાત માટે રાજાની દૃષ્ટિહીન ફૂટેલી કાણી આંખ ચિહ્નરૂપ બની. એ રાજા લાખો માણસો પર રાજ કરતો હતો એ બાબત આપણને બહુ ગમે છે એમ નથી, અથવા રાજા બહુ ધનવાન કે બહુ જ્ઞાની હતો એ વાત આપણને બહુ પસંદ પડે છે એમ પણ નથી; તેના વિષે જે વાત આપણને બહુ પસંદ પડે છે તે તો પેલું કદરૂપું ચાઠું, દૃષ્ટિ વગરની કાણી આંખનો ખાડો, પિતા તરીકેના આત્મભોગ આપનાર પ્રેમનું નિશાન.

ઇશ્વર વિષે જે વાત આપણા ઉપર અસર કરે છે તે તેની સર્વજ્ઞતા નહિ, કારણ કે સર્વજ્ઞતાને આપણે સમજી શકતા નથી અથવા, તેનું સર્વસમર્થપણું પણ નહિ, કારણ કે જે બધું પરમેશ્વર કરી શકે એમ છે તે જાણવાથી તો આપણને બીક લાગે પણ મારે લીધે આત્મભોગ આપવાની નિશાનીઓ જો ઇશ્વરે ધારણ કરેલી હોય તો તે હું સમજી શકું એમ છું, કારણ કે હું પ્રેમ સમજી શકું છું. માત્ર સર્વશક્તિમાનપણાવાળો, માત્ર સર્વજ્ઞતાવાળો, માત્ર સર્વ-વ્યાપકતાવાળો, માત્ર ઇન્સાફવાળો ઇશ્વર માણસ પાસેથી ભયની લાગણી મેળવી શકે, પણ કદી માણસનો પ્રેમ મેળવી નહિ શકે.

બીજું એક ઉદાહરણ લઈએ. એક ધર્મગુરુ એકાંત સ્થળમાં થઈને ઘોડા ઉપર સવારી કરતા હતા. એવામાં એક બહારવટિયાએ તેમને રોક્યા. તે ઘોડા પરથી ઊતરી પડ્યા અને જમીન ઉપર ઘૂંટણ પર ટેકવીને ઇશ્વરને પ્રાર્થના કરી, કે 'હે ઇશ્વર, આ માણસને વધારે

સારા પ્રકારના જીવનમાં પુનઃસ્થાપન કર.' પછી તેમણે પેલા બહારવટિયાને કહ્યું, 'ભાઈ, મારી સાથે મારે ઘેર ચાલ. હું તને મારા કુટુંબમાં મારા કુટુંબીજન તરીકે સ્થાન આપીશ તે સ્વીકાર. હું તને કદી છૂટો કરીશ નહિ. ત્યાં હંમેશ તારી બરદાસ રાખવામાં આવશે ત્યાં તું સચ્ચારિત્ર પ્રાપ્ત કરશે અને સારા માણસમાં ગણાશે.' બહારવટિયાએ એમ કર્યું, તેનો કુટુંબીજન બન્યો અને સારો માણસ થયો. પોતા પર ઉપકાર કરનાર આ ધર્મગુરુના મરણ પછી જ તેણે આ વાત જણાવી. આ ધર્મગુરુ શું અધાર્મિક અને અન્યાયી હતો ? રાજદ્વારી ઇન્સાફ કરતાં કંઈક વિશેષ પ્રકારનો ન્યાય છે, એટલે ક્ષમા કરવી, પુનરોદ્ધાર કરવો, બચાવી લેવા એ એક ઊંચી કક્ષાનો ન્યાય છે. તે ન્યાય અનુસાર બળવાને નિર્બળને બચાવવો એ ન્યાય છે, પવિત્રે અપવિત્રને પુનઃસ્થાપન કરવો એ ઇન્સાફ છે. જો પરમેશ્વર દયાહીન હોય તો તે પોતાની દૃષ્ટિમાં ઇન્સાફી ન રહી શકે. દૈવી ન્યાય ઉદ્ધારક છે; જો સમાજે ખ્રિસ્તસમ થવું હોય તો બધા અપૂર્ણ મનુષ્યો સાથેના પોતાના સંસર્ગમાં તેણે ઉદ્ધારક અને પરિવર્તનકારક હૃદયપલટો કરાવનાર થવા માટેનું ભારે મૂલ્ય ભરી આપવું જોઈએ.

એક જણે બીજાને ખાતર સહન કરવું એ અન્યાય છે, એવો વાંધો, જે મનુષ્યમાં પ્રેમ ન હોય, જેઓનું જીવન કડક આપલે ઉપર રચાયેલું હોય, તેવા માણસોમાં જ ચાલી શકે. જે માણસો પ્રેમ કરે છે, જેઓ પોતાને ભોગે બીજાઓને બચાવવા માગે છે, તેઓને વધસ્તંભની સ્વભોગ આપનાર બાબત સમજાય એવી છે.

હવે ભૂંડાઈના પ્રશ્ન ઉપર આપણે વધારે ચોક્કસ રીતે ફરી આવીએ. આપણે આગળ જોઈ ગયા કે ભૂંડાઈ અથવા દુષ્ટાઈ માનવ અને ઈશ્વરને છૂટા પાડે છે, તેઓની વચ્ચેના સુમેળને તોડી નાખે છે. જો એમ છે, તો માણસ અને ઈશ્વર વચ્ચે પછી ફરી મેળ કેવી રીતે થઈ શકે ? તેમની વચ્ચેની એ ખાઈ ઉપર જોડાણ કેવી રીતે થઈ શકે ? કેવી રીતે પુલ બાંધી શકાય ?

પરમેશ્વર પવિત્ર છે અને આપણે અશુદ્ધ અને અપરાધી છીએ. તેથી આપણે આપણી બાજુએથી એ પુલ કેવી રીતે બાંધી શકીએ તે હું જોઈ શકતો નથી. જો આપણે પશ્ચાત્તાપ કરીએ અને ભવિષ્યમાં ભંગાણ વગરનું એકસરખું સંપૂર્ણ જીવન જીવી શકીએ, તોયે શું? જે કૃત્યો થઈ ચૂકયાં છે તેને એથી કંઈ અસર થતી નથી, આપણા અપરાધપૂર્ણ ભૂતકાળને એથી સ્પર્શ થતો નથી. આપણી અશુદ્ધતા અને અપરાધ સાથે આપણે પરમેશ્વર પાસે આવીને કહી શકતા નથી, કે 'ચાલો, આપણે મેળ કરીએ.' આપણા અપરાધ એમ કરવા દેવાની ના પાડે છે, આપણી અપવિત્રતા એમ કરવાનું અશકય બનાવે છે. આપણી બાજુએથી આપણે એ ખાઈ વટાવી શકતા નથી, એના પર પુલ બાંધી શકતા નથી. જો એના પર પુલ બાંધવો જ હોય, તો તે ઈશ્વરના તરફથી થવું જોઈએ. ઈશ્વર તે કેવી રીતે કરી શકે છે! મને એક જ માર્ગ જણાય છે. તે ઉદાહરણ આપીને સમજાવું.

બાપ અને દીકરો ગાઢ મિત્રો હતા. એકબીજાના આનંદ અને શોકમાં તેઓ ભાગીદાર હતા. વાળુ વખતે આખા દિવસના બનાવોની તેઓ વાત કરતા, તેથી સાંજનો સમય સૌથી વધારે આનંદનો હતો. એક દિવસે છોકરો બાપને આનાજ્ઞાંકિત થયો અને એક કામ ઘણું ખોટું કર્યું. બાપે તેને શિક્ષા કરવી જોઈએ. બાપે છોકરાને કહ્યું કે આજ રાતે તું મારી સાથે વાળુ નહિ કરી શકે. તારે ભૂખ્યા ને ભૂખ્યા ભંડારિયામાં એકલા જવું પડશે. છોકરો આંસુ સારતો ગોદામમાં ગયો.

બાપ જમવા બેઠો, પણ તે ખાઈ જ શકયો નહિ. તેના ગળામાં ડચૂરો ભરાઈ ગયો. તેને પોતાના દીકરાના જ વિચાર આવવા લાગ્યા, અને અંતે તે સહન કરી શકયો નહિ. તેણે જમણની થાળી ધકેલી દીધી, ત્યાંથી ઊઠયો અને ગુદામનું બારણું ઠોકવા લાગ્યો. રુંધાઈ જતા કંઠે દીકરાએ જવાબ આપ્યો, 'પિતા, અંદર આવો.' દીકરો બાપને ગળે બાઝી પડીને રડયો. તે રાત બાપે દીકરા સાથે અંધારા ભંડારિયામાં ગાળી. પોતાનું ભોજન તેણે જતું કર્યું અને જાણે કે દીકરાની સજા અને કષ્ટ સહનમાં પોતે ભાગીદાર થયો. દીકરાના

આજ્ઞાભંગથી વિખવાદ ને જુદાઈ ઊભાં થયાં હતાં, તે પછી પિતાના સ્વભોગમાં પિતા અને પુત્રનો પુનર્મિલાપ થયો. છોકરો પિતા પાસે આવી શક્યો નહિ; તેનો અપરાધ એમ કરવા ના પાડતો હતો. પિતા પુત્ર પાસે આવ્યા વગર રહી શક્યો નહિ; તેનો પ્રેમ તેને ધકેલતો હતો.

એ જ પ્રમાણે આપણે આપણા અપરાધમાં પરમેશ્વર પાસે જઈ શકતા નથી. પરમેશ્વરે આપણી પાસે આવવું જોઈએ. ઈશ્વરનો પ્રેમ તેને એમ કરવાને ધકેલે છે. આપણે પાપ કરવાથી જે કષ્ટ ઊભું થયું છે તે કષ્ટ સહનમાં કોઈક માર્મિક રીતે પરમેશ્વર જો પોતે ભાગીદાર થઈ શકે, તે કષ્ટમાં પ્રવેશ કરી શકે, આપણી દુષ્ટતાનાં પરિણામો પોતા ઉપર વહોરી લઈને પરમેશ્વર જો કોઈ રીતે આપણી સાથે એક થઈ શકે, તો વચ્ચે જે ખાઈ ઊભી થઈ છે તે ઓળંગી શકાય, પરમેશ્વર અને આપણી વચ્ચે જે ખીણ છે તે પર પુલ બાંધી શકાય. માણસ અને ઈશ્વરનો મેળ થઈ શકે તો પ્રાયશ્ચિત્ત–એકતા–થાય (Atonement=At–one–ment) અને એ પ્રાયશ્ચિત્ત એટલે કાયદાનું પાલન, કારણ કે કાયદાને હડાવી દેવામાં આવ્યો નથી. એ પ્રાયશ્ચિત્ત એટલે પ્રેમનું પ્રાકટ્ય, કારણ કે એના કરતાં વધારે ઊંડો પ્રેમ દર્શાવી શકાય એમ નથી. અને એ પ્રાયશ્ચિત્ત એટલે માનવીની મુક્તિ, કારણ કે પાપને માટે માણસને કેટલી કિંમત આપવી પડે છે, એટલું જ નહિ, પણ તેના મુક્તિદાતા પરમેશ્વરને કેટલી કિંમત ભરી આપવી પડે છે, તે એ ઉપરથી માણસને સમજાય છે.

ડૉ. ડ્રમંડ કૉલેજના બે વિદ્યાર્થીઓની વાત જણાવે છે. એક વિદ્યાર્થી ઉમદા, સારી ટેવોવાળો અને પરમેશ્વરની બીક રાખનાર હતો. બીજો વિદ્યાર્થી હોશિયાર પણ નીતિની બાબતમાં બેપરવા અને ખરાબ ટેવોવાળો હતો. પેલો સારો વિદ્યાર્થી પેલા બીજા વિદ્યાર્થીને બચાવી લેવા એટલો ઉત્સુક હતો, કે તેણે પેલા વિદ્યાર્થીની સાથે તેની ઓરડીમાં રહેવાનો નિર્ણય કર્યો. તેણે તેની સાથે રહેવાની શરમ વેઠી લીધી, તેમ જ તેનાં પાપો પણ ધીરજથી વેઠી લીધાં.

એવી રીતે તેની સાથે સતત સાથીપણાના બળ તથા શરમદ્વારા તેણે પેલા વિદ્યાર્થીને ખરાબ જીવનથી બચાવી લીધો. પરમેશ્વર પોતાના અવતારદ્વારા અને વધસ્તંભ ઉપર ખ્રિસ્તદ્વારા આપણાં અપરાધ અને શરમ ઉપાડી લઈને આપણો ઉદ્ધાર કરવાને શું કરે છે તેનું આ વાર્તા એક ઝાંખું ઉદાહરણ છે. ઉદ્ધારને ખાતર આ એકરૂપતા હતી, એ પ્રાયશ્ચિત્ત અર્થાત્ એકતા હતી.

માણસોને જબરજસ્તીથી આજ્ઞાધીન બનાવવા એ નહિ, પરંતુ ભૂંડાઈ આચરનારના દિલને તેનાં પાપની વિરુદ્ધ કરવું એ, પરમેશ્વરને માટે પ્રશ્ન છે. લોખંડી કાયદાઓ દ્વારા સજા કરીને પરમેશ્વર આપણને જબરજસ્તીથી આજ્ઞાધીન બનાવવા પ્રયત્ન કરે, પરંતુ તેથી આ બાબતનો ઉકેલ થાય એમ નથી. મનુષ્ય નમી જાય, પરંતુ એ આજ્ઞાધીનતા એના હૃદયની નહિ હોય. પરમેશ્વરે માણસનો પ્રેમ પોતા પ્રત્યે જીતી લેવો જોઈએ અને દુષ્ટાઈ કરનારના દિલને તેના પાપની વિરુદ્ધ ફેરવી નાખવું જોઇએ. આ કેવી રીતે કરી શકાય ? લોખંડી કાયદા એ નહિ કરે, કે માત્ર સજા એમાં ફાવી નહિ શકે. ખરી બાબતોને માટે પ્રેમે તેમને જીતવા જોઇએ; પરંતુ એવું કરવા સારુ એ સિદ્ધાંત પર રચાયેલો પ્રેમ હોવો જોઈએ. કેવળ લાડનો પ્રેમ ન ચાલી શકે.

એક શાળાના શિક્ષક પોતાના વિદ્યાર્થીઓને ઘણા ભાવથી ચાહતા હતા. વિદ્યાર્થીઓ એ સમજતા હતા, છતાં તેઓ વારંવાર શિક્ષકને અનાજ્ઞાંક્તિ થતા હતા. તેઓ વારંવાર શિક્ષકના નિયમોનો ભંગ કરતા હતા અને દરેક વખતે શિક્ષા પામતા હતા. આવું કેટલોક વખત ચાલ્યા પછી, શિક્ષકે પોતાના વિદ્યાર્થીઓને ભેગા કર્યા અને તેમને કહ્યું, છોકરાઓ, તમે મને અનાજ્ઞાંકિત થયા છો અને મારા નિયમો તોડ્યા છે. મેં તમને સજા કરી છે. પરંતુ હવે પછી, જ્યારે તમે ખોટું કરો ત્યારે તેની સજા હું ભોગવીશ. મારા હાથ પર તમારે સોટી મારવાની છે.' એનો અંતર્ભાવ નહિ સમજવાથી વિદ્યાર્થીઓ હસવા લાગ્યા.

થોડા દિવસ પછી એક છોકરાએ કંઇક ખોટું કર્યું, એટલે શિક્ષકે તેને આગળ બોલાવ્યો. પ્રેમમિશ્રિત સખતાઇભર્યા ચહેરા સાથે શિક્ષકે પોતાનો હાથ લાંબો કર્યો અને પોતાના હાથ ઉપર સોટીના ફટકા મારવાની પેલા છોકરાને આજ્ઞા કરી. છોકરાએ બે ત્રણ સોટી મારી અને પછી શિક્ષકના મોં સામે જોયું. મોં ઉપરથી તેણે દર્દની લાગણી જોઇ; માત્ર શરીરનું જ દર્દ નહિ પરંતુ માનસિક અને નૈતિક દર્દ પણ જોયું. હવે આગળ સોટી મારવા તે માગતો ન હતો; પણ શિક્ષકે તેને ચાલુ રાખવાની આજ્ઞા કરી. બીજા બે ત્રણ ફટકા પછી છોકરાની આંખમાંથી આંસુ દદડી પડયાં, અને તેની સાથે વર્ગના મોટા ભાગના વિદ્યાર્થીઓની આંખમાંથી યે આંસુ પડયાં.

આખી શાળામાં એક નવી ભાવના દાખલ થઈ. વિદ્યાર્થીઓને થયું, કે અમારા અનાજ્ઞાંકિત થવાથી અમારા પર પ્રેમ કરનાર ગુરૂજીને જો આ રીતે કિંમત ભરવી પડતી હોય તો અમારે એ બંધ કરવું જોઇએ. આખી શાળાની ભાવના બદલાઇ ગઈ, અને છોકરાઓનાં મન પોતાના ગુનાની વિરૂદ્ધ થઇ ગયાં. કેવળ શિક્ષા જે કરી ન શકી તે કષ્ટ ઉઠાવનાર પ્રેમે સાધિત કર્યું. પોતે ખોટું કરવાથી માત્ર કાયદાનો જ ભંગ કરતા નહોતા પણ પ્રેમને હાનિ પહોંચાડતા હતા એ વાત વિદ્યાર્થીઓને સમજાઈ.

નીસિમા નામના જાપાનના એક મહાન ખ્રિસ્તી રાષ્ટ્રવાદીએ પોતાની શાળા અંગે આજ પ્રમાણે કર્યું હતું. તેના આભારી વિદ્યાર્થીઓ તથા પ્રશંસકોએ ત્યાંના મહાન વિશ્વવિદ્યાલયમાં યાદગીરી (સ્મારક) તરીકે તે તૂટેલી સોટી હજી સાચવી રાખી છે.

લેજીસ્લેટિવ કાઉન્સિલના એક સભ્યે ગાંધીજી વિષેની આ વાત મને કહી હતી. ગાંધીજી દક્ષિણ આફ્રિકામાં ગીરમીટીયા મજૂરોના હિતની દરકાર લઇ રહ્યા હતા, અને મજૂરો તેમનો નિઃસ્વાર્થ પ્રેમ સમજતા હતા. પણ ઘણી વાર એ લોકો ગાંધીજીની ઇચ્છા વિરુદ્ધ વર્તતા હતા અને એવું કરતા કે જેથી ગાંધીજીને અતિશય કષ્ટ થતું. ખરું શું છે તે મજૂરો જુએ અને તે પ્રમાણે કરે એવું કરાવવા ગાંધીજીએ દરેક પ્રયત્ન

કરી જોયા, પણ તે નિષ્ફળ થયા. પછી ગાંધીજી બે દિવસ એક ઓરડીમાં ગોંધાઈ રહ્યા અને અન્નજળનો ત્યાગ કર્યો. આપણાં ખરાબ આચરણને લીધે ગાંધીજી પોતાની ઓરડીમાં ઉપવાસ કરી રહ્યા છે, એ સમાચાર મજૂરોમાં ફેલાયા. આથી વાતમાં પલટો આવી ગયો. મજૂરોએ પોતાના તરફથી ગાંધીજી પાસે માણસોને મોકલ્યા અને વધારે ઉપવાસ નહિ કરવા તેમને વિનંતી કરી અને કહેવડાવ્યું, કે તમે જે કંઈ કહેશો તે કરવા અમે તૈયાર છીએ. ગાંધીજીના આ કૃત્યે મજૂરોની આખી ભાવના બદલી નાખી. અમારે અર્થે જે આટલી કાળજી રાખે છે તેમને અમારાં અપકૃત્યોથી કેટલું વેઠવું પડે છે તે તે લોકો સમજવા લાગ્યા, એથી તેમનાં હૃદયો તેમના પાપની વિરૂદ્ધ થઈ ગયાં.

ગાંધીજીના અમદાવાદના આશ્રમમાં એક વિદ્યાર્થીએ ગાંધીજીને કંઈ વાત કહી, જે તેમણે પૂરેપૂરી સાચી માની લીધી. પાછળથી ગાંધીજીને ખબર પડી કે એ વાત જૂઠી હતી. ગાંધીજીએ આખી નિશાળ ભેગી કરી અને શોકિત મને વિદ્યાર્થીઓને કહ્યું, 'તમારામાંનો એક વિદ્યાર્થી જૂઠો છે એ જાણવાથી મને બહુ દિલગીરી થાય છે. એની શિક્ષા તરીકે હું આજે ઉપવાસ કરીશ.' પેલો વિદ્યાર્થી પોતાના કામ પર ગયો અને પછી રમવા ગયો, પણ મારા હિતેચ્છુ મારા ગુનાને લીધે કષ્ટ ભોગવે છે એ વિચાર તેના મનમાં ઘોળાયા કરતો હતો. તેને પોતાનું પાપ બમણું ભયંકર અને તિરસ્કાર પાત્ર લાગ્યું, તેથી તેનું હૃદય તેના પાપ વિરૂદ્ધ થઇ ગયું.

જો ગાંધીજી એક છોકરાને માટે આમ કરી શકયા અને તેને નૂતન જીવન માટે જીતી શકયા, તો કોઇ પૂરતી દૈવી અને મહાન વ્યક્તિ આખી દુનિયા માટે એવું કરી શકે એવો વિચાર સહેલાઇથી આવે એવો નથી? જો એક છોકરાને જૂઠાણાથી બચાવી લઈ સત્ય તરફ પાછો લઈ જવા ગાંધીજી રાજીખુશીથી પોતા પર દુખ વહોરી લઈ શકે, તો કોઇ પૂરતી દૈવી વ્યકિત આપણી માનવજાતિને ખરા રસ્તે લાવવા સારૂ પોતા ઉપર રાજીખુશીથી કષ્ટ વહોરી લઇ શકે.

માનવીના આત્માને જીતી લેવો જોઈએ અને ખરી વાત તરફ વાળી લેવો જોઈએ. પણ જે કોઈ એ કરવાનું માથે લે તેને કિંમત આપવી પડે. હુકમો કાઢવા, કાયદા બનાવવા અને પછી તે તોડનારને સજા કરવાની વ્યવસ્થા કરવી, એનાથી આ નહિ બને. એનાથી એ કદી બન્યું નથી અને કદી બનશે પણ નહિ. સાચો પિતા કદી એમ કહેતો નથી, કે 'એના ગમે તે ભોગે આ છોકરાને હું જીતીશ'; પણ એમ કહે છે, કે 'એ છોકરો પોતાને જીતે એને સારુ ગમે તે ભોગે હું એને મદદ કરીશ.' પરમેશ્વર માણસોને સારું કરાવવા જબરજસ્તી કરે એ યોગ્ય નથી, કારણ કે પરાણે કરાવેલું સારાપણું એ સારાપણું નથી. સારાપણાની સ્વતંત્ર રીતે પસંદગી કરવી જોઈએ. માણસો પાસે બળજબરીથી સારું કરાવવાને બદલે જો પરમેશ્વર તમને સારા થવા માટે જીતી લેવા માગે તો તેને સારુ પરમેશ્વરને **કિંમત આપવી પડે.** આપણે પોતાને જીતીએ તે માટે મદદ સારુ ઈશ્વરે જે મૂલ્ય ભરી આપ્યું તે તો વધસ્તંભ ઉપરના મૃત્યુનું દુઃખસહન છે. એ ભયંકર ભારે મૂલ્ય હતું, પણ એ કામ માટે તે વાજબી મૂલ્ય હતું.

જેવું કાર્ય તેવું જ પરિણામ આવે છે. અણનમ કાયદાની રીતે જો પરમેશ્વર આપણી સાથે વર્તે, તો પરમેશ્વર પ્રત્યે આપણું સામું વર્તન પણ એવું જ કઠણ થશે; આપણે જો કોઈ સદ્ગુણ પ્રાપ્ત કરીશું તો તે યંત્રવત્ સ્વતઃ સ્ફુરિત પ્રેમ વગરના હશે. આપણું વલણ અને આજ્ઞાપાલન કડક, યાંત્રિક, પરાણે કરેલું અને સોદા જેવાં થશે.

પ્રોફેસર સીલીએ દર્શાવ્યું છે, કે સમાજમાં સાથી પ્રત્યેની લાગણી અથવા પ્રીતિ એટલે અંશે વિકસેલી છે તે અનુસાર ભૂંડાઈ પ્રત્યેના વર્તાવના ત્રણ રાહ છે: (૧) સમાજની જંગલી, સ્વાર્થી અવસ્થામાં સાથી પ્રત્યેની લાગણી અથવા પ્રીતિ વિકસેલી હોતી નથી. એવા સમાજમાં ભૂંડાઈને 'બેદરકારીની રીતે' જોવામાં આવે છે, નૈતિક અનિષ્ટ પ્રત્યે મોટાભાગે બેપરવાઈનું વર્તન કરવામાં આવે છે. (૨) સંસ્કારી જીવનની આ કરતાં ઊંચી કક્ષાએ સાથીઓ પ્રત્યેની લાગણી અથવા પ્રીતિ અપૂર્ણ વિકસેલી હોય છે, એવા સમાજ 'કાયદાને

તબક્કે ' હોય છે અને ભૂંડાઈ સાથે ' કડક ઇન્સાફ 'ની રીતે વર્તાવ થાય છે. (૩) સમાજની સર્વોચ્ચ કક્ષાએ સાથી પ્રત્યેની લાગણી અથવા પ્રીતિ પૂર્ણ વિકસિત હોય છે, અને ભૂંડાઈ પ્રત્યે ' કરુણાના નિયમ ' અનુસાર વર્તન કરવામાં આવે છે. પણ કરુણાનો અર્થ માત્ર અરેરાટીની લાગણી, કેવળ દયાની ઊર્મિ નથી. કરુણા બે અંગોની બનેલી છે; ખરાબ બાબત પ્રત્યે કોપ, ક્રોધ, અને ખરાબ કૃત્ય કરનાર પ્રત્યે દયા. આ બેના મેળથી કરુણા થાય છે. સમાજના બીજા તબક્કામાં કરુણાનું એક અંગ રહેલું છે, એટલે કોપ, ખરાબ કૃત્ય પ્રત્યે કોપ; પણ કરુણાનું જે બીજું અંગ છે, તે બીજા તબક્કામાં ખૂટે છે, એટલે ખરાબ કૃત્ય કરનાર પ્રત્યે દયા; એ ઉમેરવાથી કરુણા બને છે.

સમાજના પહેલા તબક્કા, એટલે જંગલી સ્વાર્થી સ્થિતિ, વિશે આપણે ચર્ચા કરવાની જરૂર નથી, કારણ કે સમાજ મોટા ભાગે એ તબક્કો વટાવીને આગળ વધી ગયો છે. સમાજ હાલ ઘણુંખરું ' કાયદાના તબક્કા 'માં છે, તેમાં કડક ઇન્સાફની રીતે સમાજ ખરાબ બાબતો સાથે વર્તાવ કરે છે, અને કોઈ કોઈ વાર બેપરવાઈની પહેલી કક્ષાએ હેઠે ઊતરી પડે છે. એ ઇન્સાફ કૃત્યને અંગે છે; ભાગ્યે જ **વ્યક્તિને** અંગે હોય છે. આપણા કાયદાઓ ઘણુંખરું કૃત્યનો જ વિચાર કરે છે અને **કૃત્ય કરનારનો** લગભગ કંઈ જ વિચાર કરતા નથી. આટલું ખરાબ કૃત્ય આટલી સજા માગી લે છે. એની પાછળ રહેલા માનવીને મોટે ભાગે ભૂલી જવામાં આવે છે. પરિણામ એ આવે છે, કે આ સ્થિતિ ઉદ્ધારક બનતી નથી. ખોટું કરનારને નવા જીવન માટે ઉગારી લેવામાં, નવા જીવન તરફ પાછો જીતી લેવામાં આવતો નથી.

એક વખતે આ લેખકે એક મોટા કેદખાનાની મુલાકાત લીધી હતી. કેદખાનાના એક મોટા ભાગનો જે દરવાજો હતો તેના ઉપર લખેલું હતું, કે **રેઢાઈ ગયેલા ગુનેગારો.** કેદખાનામાં જેઓ એક વાર આવે છે તેમાંના લગભગ ૭૦ટકા ફરીથી કેદખાનામાં આવે

છે. ગુનો કરનાર માણસ કઠોર બને છે, કારણ કે કાયદાએ તેની સાથે એક જ રીતે વર્તાવ કર્યો છે, એટલે કઠોરપણાથી. કાયદાએ તે માણસને બહુ થોડો ધ્યાનમાં લીધો છે, અથવા બિલકુલ ધ્યાનમાં લીધો જ નથી; માત્ર તેના કૃત્યને જ ધ્યાનમાં લીધું છે. પરિણામે કાયદો ઉદ્ધારક બન્યો નથી. પરંતુ અહીં એક બીજી રીત છે.

ન્યૂયૉર્ક શહેરના સિંગસૅાંગ નામના મોટા કેદખાનામાં હજારો કેદીઓ હતા. ઑસ્બોર્ન નામના એક માણસને એ જેલનો રક્ષક (વૉર્ડન) બનાવવામાં આવ્યો હતો. ગુનેગારનાં કૃત્ય તેમ જ ગુનો કરનાર માણસને પણ લક્ષમાં લેવો જોઈએ એવી ઑસ્બોર્નની માન્યતા હતી. તેથી જ્યારે નવા કેદીને કેદખાનામાં લાવવામાં આવતો ત્યારે રક્ષક તેને કહેતો, કે 'કેવળ નંબરવાળા કેદી તરીકે જ નહિ, પણ એક માનવી તરીકે તમારી સાથે વર્તન કરવામાં આવશે. તમારા ખરાબ વર્તન માટે તમારે સજા તો ભોગવવી પડશે, પરંતુ આ કેદખાનું તમારે બધાએ ચલાવવાનું છે. તમારા પર ભરોસો રાખવામાં આવશે. જ્યારે તમે આ કેદખાનામાંથી જશો ત્યારે તમને જગ્યાઓ શોધી આપવામાં આવશે, જેથી તમે માનવંત નાગરિક તરીકે સમાજમાં ભળી શકો.'

એક રાતે આ લેખકનો મિત્ર આ કેદખાનાની મુલાકાત લેતો હતો, તેવામાં કેદખાનાના વીજળીના દીવા બધા હોલવાઈ ગયા. તે વખતે કેટલાયે હજારો કેદીઓ એકઠા થઈને એક સભામાં ભાગ લઈ રહ્યા હતા. એમાંથી કેટલા નાસી છૂટવા સારુ દીવાલો તરફ દોડી ગયા? એક પણ નહિ! એમને કોણે રોકી રાખ્યા? દીવાલો પરના ચોકીદારોએ નહિ, પણ **ત્યાં બેઠેલા દરેક માણસના અભ્યંતરમાં રહેલા ચોકીદારે તેમને રોકી રાખ્યા.** દરેક કેદી મનમાં કહેતો હતો, કે 'શ્રી. ઑસ્બોર્ન મારા પર ભરોસો રાખે છે, હું એ ભરોસાને લાયક વર્તીશ.' જેવાનું પરિણામ તેવું જ આવે છે. બીજ સારું તો ફળ પણ સારું. પરિણામ એ આવ્યું, કે એ કેદીઓમાંથ ભાગ્યે જ દશ ટકા એ કેદખાનામાં પાછા આવતા.

પણ મોટા ભાગના માણસો 'કાયદાના તમકકે' હોય છે અને ઉદ્ધાર કરનાર દષ્ટિબિંદુ સમજી શકતા નથી, અથવા સહી શકતા નથી, તેથી રાજદ્વારી માણસો ઓસ્બોર્નની સામે ઊઠયા, તેના વર્તનનો ઊંધો અર્થ કરી બતાવ્યો, તેથી આ યોજના અમલમાં મૂકવા ખાતર ઓસ્બોર્નને અપકીર્તિ અને અંધવિરોધ વેઠવાં પડયાં. માનવજાતના તારણહારોને હંમેશાં આજ પ્રમાણે વેઠવું પડે છે—ઓસ્બોર્નને કેદીઓ માટે, પ્રભુ ઈસુને દુનિયા માટે.

દરેક માણસના અભ્યંતરમાં કોટ ઉપર ચોકીદાર મૂકવો એ જીવનનો મોટો પ્રશ્ન છે. મહાન ફ્રેંચ ચિંતક સેબાટેર કહે છે તેમ "સત્તાધીશ જ્યારે માણસના પોતાના અભ્યંતરમાં દાખલ થાય છે ત્યારે જ સાચો અધિકારી બને છે." કેવળ લોખંડી કાયદો એમ કરી શકતો નથી. કાયદામાંનું લોખંડી સખતપણું દેહને ચીરે; પણ તે માણસની ઉર્મિઓને, તેના આત્માને, સ્પર્શી શકતું નથી. માત્ર પ્રેમ એટલે ઊંડે જઈ શકે છે. ગુનેગારને કેદમાં પૂરીને આપણે ગુનાનો નિકાલ કરીએ છીએ, અને એ રીતે, તેના આત્માના બંધન ઉપર દેહનું બંધન ઉમેરીએ છીએ. પ્રભુ ઈસુ બંદીવાનને આંતરિક રીતે મુક્ત કરે છે, કાયદાને સ્થાને પ્રેમનો કાયદો મૂકીને બંદીવાનનો છૂટકો કરે છે, તેથી માણસ ભૂંડાઈ છોડી દે છે, કારણ કે તે ભલું કરવા ઇચ્છે છે.

આપણી વ્યક્તિગત, સામાજિક અને રાજકીય દષ્ટિ ઉદ્ધારક હોવી જોઈએ. "જેમ સમાજ વધારે ને વધારે ખ્રિસ્તના ભાવવાળો બનશે તેમ તે પ્રભુ ખ્રિસ્તની જેમ બીજાઓ માટે દુઃખ વેઠવાની અંતઃપ્રેરણા વધારે પ્રદર્શિત કરશે, દરેક ભૂંડું કરનારના ગુનાના ભારની લાગણી સમાજને થશે, અને પોતાની કાયદાની અદાલતો, કેદખાનાં, જાહેર અભિપ્રાય, લોકમત અને પરદેશનીતિને ઉદ્ધારક બનાવવા પોતે બંધાયેલો છે એમ સમાજને લાગશે."

કેટલાકને એમ લાગે છે, કે જો દુષ્ટાઈ સાથે દયાની રીતે વર્તાવ કરવામાં આવે તો સમાજ એકતામાં રહી શકે નહિ, તેના ટુકડા

થઈ જાય. પરંતુ જેઓ કાયદાને તબક્કે છે તેઓ આગળના ત્રીજા પગથિયાને પાછલું પહેલું પગથિયું ગણે છે, અને દયા એટલે ભૂંડાઈ પ્રત્યે બેપરવાઈ, એમ ધારે છે. આના કરતાં મોટી ભૂલ હોઈ શકે નહિ. દયા એટલે ખોટી બાબત પ્રત્યે ક્રોધ અથવા નૈતિક પ્રકોપ, વત્તા ખોટું કરનાર માણસ પ્રત્યે આર્દ્રતા. કરુણાને ખોટી બાબત પ્રત્યે એટલો બધો કોપ પ્રગટે છે કે ખોટું કરનાર ફરીથી તેવું ન કરે માટે તેમાંથી બચાવી લેવા સારુ છેક છેવટની હદ સુધી આત્મભોગ આપવા સારુ તે રાજી હોય છે. ધારાશાસ્ત્રી જેમ કરે છે તેમ કરુણા માત્ર **એક કૃત્યને** સજા કરવાનું વિચારતી નથી, પરંતુ એક **આખા જીવનને** ખોટું કરવાથી ઉગારી લેવાનો તે વિચાર કરે છે.

આ પ્રભુ ઈસુ ખ્રિસ્તનો માર્ગ હતો. ખોટી બાબત સાથે તે કેવી રીતે વર્તે છે તે જુઓ. ખોટી બાબતો સાથે કામ લેવા માટે ધર્મચુસ્તોના જે અમુક સિદ્ધાંતો અને રીતો હતાં તેઓ કાયદાના તબક્કે હતાં. ભૂંડાઈ સાથે તેઓ કઠોરતા અને બહિષ્કારની પદ્ધતિથી કામ લેતા હતા. કર ઉઘરાવનારાઓ નામાંકિત ભૂંડું કરનાર તરીકે ગણાતા હતા, તેમ જ બીજા અધાર્મિક, પતિત અથવા અધમ ગણાતા માણસો હતા. ધર્મચુસ્તોના વર્તાવ તળે આ કર ઉઘરાવનારા અને પતિતો જેવાને તેવા જ રહ્યા. તેઓનો હૃદયપલટો થયો જ નહિ. પરંતુ પ્રભુ ઈસુની રીત જુદી જ હતી. એનો એક દાખલો જોઈએ.

એક દિવસ પ્રભુ ઈસુ લોકોના મોટા સંઘ સાથે ધીમે ધીમે માર્ગે જતા હતા, તેવામાં આ વાત બની. જાખી નામનો એક ધનવાન કંજૂસ, લોભી, કર ઉઘરાવનાર હતો. તેને પ્રભુનાં દર્શન કરવાં હતાં. પણ તે ઠીંગણો હતો, તેથી જે રસ્તે થઇને પ્રભુ જવાના હતા તે રસ્તે આગળ દોડી ગયો અને માર્ગ પરના એક ઝાડ ઉપર ચડી ગયો. જ્યારે પ્રભુ તે ઝાડ પાસે પહોંચ્યા ત્યારે તેમણે ઝાડ પર બેઠેલા જાખી તરફ જોઈને કહ્યું, 'જાખી, નીચે ઊતરી આવ, આજે હું તારે ઘેર પરોણો થનાર છું.' આ સાંભળીને તે માણસ ઝાડ પરથી

નીચે આવ્યો. કોઈ પણ માનવંત માણસે જાખી સાથે આવું સદ્‌વર્તન આચર્યું હોય તો ઘણું કરીને આ પહેલી જ વાર હતું. ધર્મચુસ્ત લોકો આજુબાજુ ઊભા રહીને બડબડાટ કરવા લાગ્યા, કે આ સ્વામી અધમો અને પતિતોની સાથે સંબંધ રાખે છે. પરંતુ પેલા પતિત જને શું કહ્યું? "સ્વામી, હું મારી અર્ધી સંપત્તિ ગરીબોને આપી દઈશ. કોઇ પણ પાસેથી મેં જો અન્યાયથી વધારે પડાવ્યું હોય, તો તેને હું ચારગણું પાછું વાળી આપીશ." પ્રભુ ઈસુએ કહ્યું, "આજે આ કુટુંબને ત્યાં મુક્તિ આવી છે."

હવે આ પતિત માણસમાં આવો ફેરફાર શાથી થયો? થોડી જ પળ પહેલાં તે એક મખ્ખીચૂસ કર લેનારો હતો. હવે તે એક ઉદાર, પશ્ચાત્તાપી બની ગયો, અને પોતાના જીવનમાં જે જે તેણે વાંકું કર્યું હતું તે સીધું કરવા પ્રયત્ન કરવા લાગ્યો. તેણે લીધેલું પાછું કઢાવનાર એવું એ શું હતું?

ધર્મચુસ્તોની રીત કદી પણ આવી અસર ઉપજાવી શકી નહોત. પ્રભુ ઈસુના સ્પર્શના કીમિયાથી આ દ્રવ્ય પડાવનાર દાનેશ્વરી બની ગયો. પ્રભુએ આ કેવી રીતે કર્યું? પ્રભુએ તેના તરફ કરુણા દર્શાવી. પ્રભુ ઈસુએ જાખી તરફ ગંભીર પ્રેમાળ નયનોએ જોતાં ઊભા રહ્યા, તેવામાં તેમણે ચુપકીથી જાખીનો ઈન્સાફ કર્યો. એક પણ શબ્દ કહ્યા વગર તેમણે તેનો એવો ન્યાય કર્યો કે એક ક્ષણમાં જાખીને લાગ્યું, મારું સમસ્ત જીવન ખોટું છે. પ્રભુનાં સૌમ્ય નેત્રો જ્વાળાનાં નેત્રો બની ગયાં અને જાખીના આત્માના ઊંડાણને શોધી લીધું. એ શોધક દૃષ્ટિ તળે જાખીના જીવનનાં મૂલ્યો એક ઝબકારામાં પલટાઈ ગયાં. જાખીને પૈસા જોઇતા ન હતા. એને સારા બનવું હતું. જો પોતે ખોટામાંથી ખરામાં આવી શકે તો તે પોતાના સર્વ ધનનો પણ ત્યાગ કરી દે. પ્રભુ ઈસુએ જાખીનો ન્યાય કર્યો, પરંતુ એ ન્યાયમાં તે માણસ પર તેમને દયા હતી. દયાએ તે માણસનો ન્યાય કર્યો અને તેના પર કરુણા પણ કરી અને તેને નવા જીવન માટે જીતી લીધો.

પ્રભુ ઈસુ ખ્રિસ્તના વધસ્તંભનો આ અર્થ છે. એનો અર્થ પ્રથમ એ છે, કે પરમેશ્વર પાપ ઉપર ઘણા ઉગ્રપણે ક્રોધાયમાન છે— એટલા ક્રોધાયમાન છે કે તે સહેજમાં પાપ માફ નહિ કરે, તેમ જ તેને માત્ર સજા જ નહિ કરે. આ બંને વાત કરવાની ઈશ્વિર માટે સહેલી થઈ પડત. પરંતુ પાપને સહેજે માફ કરી દેવાથી પાપ કરનારના મનમાં બેપરવાઈ અને અભિમાન ઉત્પન્ન થાત. પાપને માત્ર સજા કરવાથી ચિડિયલ અને અડધાપડધા મનનું આજ્ઞાંકિતપણું ઉત્પન્ન થાત, અથવા લાગણીહીન બેપરવાઈ ઉદ્ભવત. પરંતુ પરમેશ્વરે આ એમાંથી એકે માર્ગ પસંદ કર્યો નહિ, પણ એક વધારે કઠિન માર્ગ પસંદ કર્યો. સહેજે માફ કરી દઈને કાયદાને હડસેલી દેવાનું તેમણે પસંદ કર્યું નહિ; પરંતુ ભંગ કરેલા કાયદાની સજા અને કષ્ટસહન પોતા ઉપર વહોરી લઈને તેમણે કાયદાનું માન જાળવવાનું પસંદ કર્યું. વળી તેમણે કેવળ સજા કરવાનું પસંદ કર્યું નહિ, પણ માણસને ખાતર પોતે સહન કરવાનું પસંદ કરીને એ રીતે પાપ કરનારના દિલને તેના પાપ તરફથી જીતી લઈ તેને ખરી બાબત ઉપર પ્રેમ કરતો કર્યો.

કદાચ કોઈ વાંધો ઉઠાવશે, કે "શું અપરાધી પાપી સાવ છૂટી જાય, અને તેને કોઈ પ્રકારની સજા ન થાય?" ના, એમ નહિ થાય. પ્રાયશ્ચિત્તના સિદ્ધાંતમાં ખોટું કરવાને માટે કોઇ નિરોધક શિક્ષાની વ્યવસ્થા ન હોય તો એમાં ખરેખર જોખમ રહેલું છે અને તેનું પરિણામ આત્માની નિર્બળતામાં આવશે. "કારણ કે દરેક પાપને માટે તેમ જ દરેક વિવેકહીન ઉદારતાને માટે ઇતિહાસ ગુનાની વસૂલાત નક્કી કરે છે."

જે શાંતિ અર્પવામાં આવે છે તે નીતિપરાયણ વિશ્વને ભોગે એશઆરામવાળું વિશ્વ અર્પે તો શું? આ વ્યવસ્થામાં પરમેશ્વર જો નૈતિક કાયદાનો સંરક્ષક નહિ પણ લાડ લડાવનાર પિતા માલૂમ પડે, તો શું? જો એમ હોય તો આપણું અંતઃકરણ એવી વ્યવસ્થા સ્વીકારવાની ના પાડે છે.

એ બાળકો હતાં. એક લડાઈ વખતે તેમના શહેર ઉપર થયેલા બૉંબમારામાં તેમનાં માતપિતા માર્યાં ગયાં, તેથી તે બાળકોને એક અણઘડ સિપાઈના હવાલામાં સોંપવામાં આવ્યાં હતાં. એમાંના એક છોકરાએ કોઈક બીજા છોકરા સાથેની બોલચાલમાં ખરાબ શબ્દ વાપર્યો. જે શિષ્ટ કુટુંબમાં તે ઊછર્યો હતો ત્યાં એવા શબ્દ વાપરવાની મનાઈ હતી. આ શબ્દ સિપાઈ સાંભળી ગયો કે કેમ તે જાણવા છોકરાએ ભયભીત થઈને સિપાઈ સામે જોયું. સિપાઈ બેપરવાઈથી હસ્યો અને બોલ્યો: 'એમાં કાંઈ નહિ, એવું એવું તારે જે બોલવું હોય તે બોલજે.' એ સાંભળીને એકાએક લાગણીના આવેશથી છોકરાની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યાં. તેણે સિપાઈને કહ્યું, 'જો તમે મારા બાપ હોત તો આવું ન કહેત.' પછી તે ચુપચુપ બીજા છોકરાઓ સાથે રમવા અને જે એકાએક દર્દકારક ઘા વાગ્યો હતો તે ભૂલી જવા સારુ ચાલ્યો ગયો.

આપણે દયાભર્યા વિશ્વમાં રહેવા માગીએ છીએ પણ હદ બહાર દયાળુ હોય એવા વિશ્વમાં રહેવા માગતા નથી. એટલું બધું દયાળુ હોય કે બેપરવા હોય એવા વિશ્વમાં રહેવા માગતા નથી, પરંતુ ખ્રિસ્ત પ્રભુની ઉદ્ધારક યોજનામાં સજા છે જ. સખત સજા, પણ વિશુદ્ધ કરનારી. પ્રભુ ઇસુના મૃત્યુમાં જે સજા સમાયેલી છે તે ઉત્તમ, આત્માને સજા કરનાર અને આત્માને વિશુદ્ધ કરનાર પ્રકારની છે. જ્યારે ખરેખરી રીતે કોઈ પ્રભુ ખ્રિસ્તની પાસે આવે છે ત્યારે પ્રથમ તેને પોતાનાં પાપોનો ભાર લાગવા માંડે છે; પાપને લીધે પરમેશ્વરને કેટલી કિંમત આપવી પડી છે તેની લાગણી તે માણસને થાય છે. તેને કહેવામાં આવે છે કે જો તું તારાં પાપ તરફથી ફરી જશે તો તને ક્ષમા કરવામાં આવશે, અને એમ જ થાય છે. તેને પોતાના ભૂતકાળથી છૂટો કરવામાં આવે છે. શું કોઈ પણ પ્રકારની તેને સજા નથી? સજા છે; પરંતુ એ સજા બદલા કે અવેજના રૂપમાં છે. 'આદ્ય સજાનું સ્થાન પશ્ચાત્તાપનું દર્દ લે છે, અને કોઈ પણ જાતની ખોટ અથવા

આત્માના અધ:પતન વગર તે આત્મા ઉપરથી બાહ્ય સજા ઉપાડી લઈ શકાય છે.'

કેટલાં યે વર્ષ ઉપર આ લેખક પોતાના પાપનાં ભારથી લદાયેલો પ્રભુ ઈસુની પાસે આવ્યો. વિચારમાં ગરક થયેલો હું પ્રભુના વધસ્તંભ આગળ ઊભો રહીને તેમના તરફ નિહાળવા લાગ્યો, કે કષ્ટ ઉઠાવનાર પ્રેમે મારે સારુ શું શું કર્યું છે ? તેવામાં મારા આત્માના ઊંડાણના ઝરા ફૂટી નીકળ્યા. મેં પ્રભુ ખ્રિસ્તને મારું સર્વસ્વ સમર્પણ કર્યું, અને કદી વિસરી ન જવાય એવી એ ધન્ય ઘડીએ પ્રભુએ મને ક્ષમા આપી–ક્ષમા કરવામાં આવી, છતાં સજા પણ કરવામાં આવી. ત્યારથી માંડીને આ બધાં વરસો દરમિયાન ક્ષમા મળવાનો ઊંડો અને સતત ટકનાર આનંદ મારો રહ્યો છે; પણ તે સાથે "પશ્ચાત્તાપનું દર્દ" પણ મેં મારા હૃદયમાં વેઠયું છે, જે કોઈ પણ બાહ્ય સજા કરતાં વિશેષ કપરું દર્દ છે; જાણે કે ડામ દઈને મારા આત્મા ઉપર આ લખાઈ ગયું છે, કે મેં કેવળ કાયદા વિરુદ્ધ પાપ કર્યાં છે એટલું જ નહિ પણ પ્રેમ વિરુદ્ધ પાપ કર્યાં છે. એક જ ઝટકે મને માફ કરવામાં આવ્યું અને સજા પણ કરવામાં આવી; મને ઊંચામાં ઊંચા આનંદની ટોચે ચડાવી દેવામાં આવ્યો અને નીચેમાં નીચો શરમમાં ધૂળ ભેગો નમાવી દેવામાં આવ્યો; મુક્ત કરવામાં આવ્યો અને છતાં બંદીવાન થઈ રહ્યો !

શાસ્ત્રમાં આ 'દૈવી દર્દ' વિષે લખેલું છે* કે 'તમને ઈશ્વરની ઈચ્છા પ્રમાણે ખેદ થયો...ઈશ્વરની ઈચ્છા પ્રમાણે થતો ખેદ શોક ઉત્પન્ન કરતો નથી પણ ઉદ્ધાર કરે એવો પશ્ચાતાપ ઉત્પન્ન કરે છે, પણ સાંસારિક ખેદ મરણકારક છે. જુઓ કે આ દૈવી દર્દે તમારે અર્થે શું શું કર્યું છે? તેથી તમારા મનમાં કેવી આતુરતા ઉત્પન્ન થઈ; વળી પોતાને શુદ્ધ કરવાની કેવી ઉત્કંઠા, કેવો ક્રોધ, કેવો ભય, કેવી નિશ્ચયતા કેવી નિષ્ઠુરતા ઉત્પન્ન થઈ!' અહીં સાચે-

*સંત પૌલનો કોરીંથીઓને બીજો પત્ર અધ્યાય ૭:૯–૧૧.(મોફેટ કૃત અનુવાદ)

સાચું 'દૈવી દર્દ' છે.

જે વિદ્યાર્થીએ પોતાના શિક્ષકના હાથ પર સોટીઓ મારી તે વિદ્યાર્થીને શું સજા થઈ? બાહ્ય રીતે જોતાં ના; આંતરિક રીતે જોતાં હા. છોકરાના હાથ ઉપર સોળની નિશાનીઓ ન હતી, પરંતુ તેના હૃદય ઉપર કદી વિસરી ન શકાય એવા સોળ પડેલા હતા. શારીરિક શિક્ષાનું દર્દ જેટલા વખત પછી મટી ગયું હોત તે કરતાં ઘણા લાંબા વખત સુધી તે છોકરાને પશ્ચાત્તાપનું દર્દ ચાલુ રહ્યું અને સજા કરતું રહ્યું. પણ આ પ્રકારની શિક્ષા વિશુદ્ધ કરનાર છે; જેની સજા કરે છે તેની વિશુદ્ધિ પણ કરે છે.

કૉકેસસ પર્વતના પ્રદેશમાં શામીલ નામે એક મહાન ધાર્મિક અને લશ્કરી આગેવાન હતો (જે ૧૮૭૧માં મૃત્યુ પામ્યો). તેના અનુયાયીઓમાં લાંચ રુશવત અને બગાડ એટલો બધો ફેલાઈ ગયો હતો કે તે બંધ પાડવા સારુ તેણે એક કાયદો જાહેર કર્યો. કાયદો એ હતો કે જે કોઈ ગુનેગાર માલૂમ પડશે તેને સો ફટકા મારવામાં આવશે. હવે આ આગેવાન પાસે એક ગુનેગારને આણવામાં આવ્યો. તે તો શામીલની માતા હતી. શામીલ બે દિવસ સુધી ઉપવાસ અને પ્રાર્થના કરવા સારુ પોતાના તંબૂમાં બેસી રહ્યો, પછી ફીક્કો અને હાડપિંજર જેવો તે બહાર આવ્યો. તેણે પોતાના બધા અનુયાયીઓને ભેગા કર્યા અને પોતાની માને પણ ત્યાં તેડી મંગાવી. પછી ડોશીની પીઠ પર ફટકા મારવા સિપાઈને હુકમ કર્યો.

પાંચ ફટકા પડ્યા એટલે શામીલે બૂમ પાડી : 'બસ થોભી જા!' પછી માતાને લઈ જવા કહ્યું, અને માની જગાએ પોતે ઘૂંટણે પડ્યો. ફટકા મારનાર સિપાઈને સજાની ધમકી સાથે તેણે સખ્ત હુકમ કર્યો, કે 'ખબરદાર, ફટકા જરા પણ હળવા કર્યા તો. બાકીના પંચાણુ ફટકા હંમેશ જેટલા જ જોરથી લગાવ.'

પોતાના અધિપતિની લોહીલોહાણ પીઠમાંથી રક્ત ટપકતું જ્યારે જોયું ત્યારે પ્રેક્ષકોમાંથી ઘણા પોકારી ઊઠ્યા : 'કેટલો દયાળુ!'

વળી બીજા કેટલાક બોલી ઊઠ્યા : 'કેટલો ઇન્સાફી !' તે બંને હતો, દયાળુ તેમ જ ઇન્સાફી.

પરંતુ પેલી ગુનેગાર માનું શું ? શું તેને સજા થઇ ? તેને પાંચ ક્રૂર ફટકા તો પડ્યા હતા, પરંતુ ફટકાની એ શિક્ષા તે, મારો દીકરો મારી સજા પોતે ભોગવે છે, એ જોવાની સજા જેટલી શું ક્રૂર હતી ? બાકીના પંચાણું ફટકામાંનો એકેએક ફટકો એ માતાના હૃદય ઉપર પડ્યો હતો, અને એ હૃદયના ઘા માતાના મરતાં સુધી કાયમ રહ્યા.

આ બનાવથી પોતાનો આગેવાન કેટલી હદ સુધી ઇન્સાફી છે તેનું દર્શન શામીલના અનુયાયીઓને થયું. તે સહેલાઇથી પોતાના કાયદા બદલે અને સહેલાઇથી માફ કરી દે એવો નથી, એ સમજાયું. પણ તેણે એ કરતાં કંઇ વિશેષ સારું કરી બતાવ્યું. તેણે પોતાના કાયદાનું પ્રામાણિકપણું સાચવ્યું, અને છતાં અપરાધીને પણ બચાવી લીધી. તે સહેલાઇથી માફ કરી શક્યો નહિ, કારણ કે તે સ્વભાવથી જ ન્યાયી હતો. તેમ જ પોતાની માતાને બચાવવાને તે ના પાડી શક્યો નહિ, કારણ કે તે સ્વભાવથી જ ઘણો પ્રેમાળ હતો. ખ્રિસ્તના વધસ્તંભના કષ્ટસહનમાં પરમેશ્વર ન્યાયી, તેમ જ દયાળુ છે. એટલો ન્યાયી, કે પશ્ચાત્તાપી આત્મા કોઇ પણ બીજી શિક્ષા કરતાં વધારે કડક શિક્ષા ભોગવે છે; એટલે પ્રેમને ઘાયલ કરવાના ભાનના દર્દની શિક્ષા ભોગવે છે. વળી એટલો દયાળુ, કે પશ્ચાત્તાપી આત્માને મુક્ત કરવામાં આવે છે, અને તે આત્મા ગાયન તથા ટકે એવા આનંદસહિત જીવનમાં થઇને પસાર થાય છે. તે આત્માને ક્ષમા આપવામાં આવી છે, તેનો ઉદ્ધાર કરવામાં આવ્યો છે. પરમેશ્વરનો પ્રેમ સિદ્ધાંત ઉપર રચાયેલો છે.

હવે સૌથી વિશેષ જાણવા જેવો ફેરફાર થાય છે. ખ્રિસ્ત પ્રભુને હાથમાં પાપની ક્ષમા તે માનવી નબળાઇને માટે પરવાનો બનતો નથી, કે દુષ્ટાઇને માટે ઉત્તેજન બનતું નથી; પરંતુ હવે પછી પાપ કરવા સામે મનાઇ હુકમ બને છે. આ આનંદમય ક્ષમા કાયદાને દૂર કરી દેતી નથી, પણ એથી ઊલટું, ક્ષમા પામ્યા વગરના જે રીતે કદી બંધાયેલા હોતા નથી તેવી રીતે ક્ષમા પામેલાઓને કાયદો પાળવા

માટે ક્ષમા બાંધી લે છે. ક્ષમા પામ્યા વગરના પાપને જેટલા ધિક્કારતા નથી એટલા ક્ષમા પામેલા પાપને ધિક્કારે છે.

પરમેશ્વર માનવ સાથે **પ્રેમના કાયદા** અનુસાર વર્તે છે અને માનવીમાં **કાયદાનો પ્રેમ** ઉત્પન્ન કરે છે. પરમેશ્વરે એ જ રીતે કરવું જોઈએ. પરમેશ્વરે માણસના હૃદયમાં એક નવું ફરજિયાતપણું ઉપજાવવું જોઈએ, જે માણસને **કાયદો પળાવે,** એટલું જ નહિ પણ જે માણસ પાસે **કાયદા પર પ્રેમ કરાવે.** જેઓને ક્ષમા મળી છે તેઓ હંમેશને માટે કાયદા પાળવા સારૂ વચનથી બંધાયેલા છે એમ તેમને આંતરિક રીતે લાગે છે, અને વળી બીજા એ નિયમોનું પાલન કરે એમ કરાવવાને તેમને ખાસ ઉત્સાહ જણાય છે. આ બીના સત્ય છે એની સાબિતી ઇતિહાસ તથા અનુભવ આપે છે.

આ વિશુદ્ધ કરનાર ક્ષમાનું એક બીજું પણ સુખદ પરિણામ છે. એ અનુભવદ્વારા આપણે સાચી **વ્યક્તિ**ઓ બનીએ છીએ. એક મહાન વિચારક કહે છે, કે "વિજ્ઞાન અને ઇતિહાસ આપણને આવશ્યક્તા અને નસીબવાદથી ઘેરી લે છે, પણ પોતાના મહાન ઐશ્વર્યવાન પ્રેમ વડે પરમેશ્વર જે ક્ષમા બક્ષે છે તે આપણને એમાંથી મુક્ત કરે છે. આ ક્ષમાના અનુભવ દ્વારા આપણે વસ્તુઓ નહિ કે વિશ્વ શૃંખલાના અંકોડા નહિ પણ સાચેસાચી વ્યક્તિઓ બનીએ છીએ, સ્વતંત્ર માનવીઓ બનીએ છીએ. જે મનુષ્યને પાપની ક્ષમા એ વાસ્તવિક અનુભવ બન્યો છે તે વિશ્વ નિયંત્રણ અને નિયમોની મધ્યે અને તેથી પર એક પિતા રહેલા છે એમ હંમેશને માટે જાણી લે છે." વળી પોતે તે પિતાનો પુત્ર છે એમ પણ તે જાણે છે અને તે ક્ષણથી પિતા અને પુત્ર પવિત્ર સમાગમ અને સંગતમાં મળે છે. પિતાની કૃપામાં ફરીથી પ્રવેશ કરવાના અને તેના પરિણામ-રૂપ સમાગમના અનુભવને લીધે આપણે ખરેખર વ્યક્તિઓ–પુત્રો-બનીએ છીએ, અને નહિ કે વિશ્વ શૃંખલાના અંકોડાઓ.

આ બીના આપણને એક બીજા ઘણા અગત્યના પ્રશ્ન સામે લાવી મૂકે છે. તે પ્રશ્ન આ છે: ખ્રિસ્તની દૃષ્ટિએ કર્મનો સિદ્ધાંત

શો છે? વિશ્વ નિયંત્રણ અથવા વિશ્વ નિયમની દુનિયામાં ક્ષમાને કંઈ સ્થાન છે કે કેમ?

સારાં અને ખરાબ કૃત્યોનાં પરિણામ પણ સારાં અથવા ખરાબ હોય છે, એ સત્ય કનેથી આપણે નાસી જઈ શકતા નથી. ખ્રિસ્ત પ્રભુના શિક્ષણમાં આ બાબતને ઘણું સ્થાન મળેલું છે. તેમણે કહ્યું છે, કે 'જે માપથી તમે માપી આપો છો, તે માપથી જ તમને પાછું માપી આપવામાં આવશે.' 'જેઓ દયા દર્શાવે છે તેમને ધન્ય છે, કારણ કે તેમના પ્રત્યે દયા દર્શાવવામાં આવશે.' વળી સંત પૌલની અગત્યની ઉક્તિ છે, કે 'માણસ જે કંઈ વાવે છે તે જ લણશે.' ભૌતિક, નૈતિક અને આધ્યાત્મિક પ્રદેશોનો આ નિયમ છે કે–આપણે જે વાવીએ તે આપણે કાપીએ.

આ નિયમને લગતી બે બાબતો છે: એક એ, કે જે જાતનું વાવીએ તે જ જાતનું લણીએ; બીજું એ, કે જેટલું વાવ્યું હોય તે કરતાં વિશેષ લણીએ. પહેલાં, જાત પ્રમાણે લણીએ છીએ: ઘઉંથી ઘઉં ઊપજે છે, કોદરા નહિ. આપણે નૈતિક કૃત્ય વાવીએ છીએ અને તેમાંથી નૈતિક સ્થિતિ લણીએ છીએ–એટલે નૈતિક ચારિત્ર્ય, અને નહિ કે ભૌતિક સ્થિતિ અથવા પુનર્જન્મ, કારણ કે પુનર્જન્મ (ભૌતિક સ્થિતિ હોવાથી) આપણે જે વાવ્યું તે કરતાં જુદા પ્રકારનું છે. બીજું, આપણે જેટલું વાવ્યું હોય તે કરતાં વધારે લણીએ છીએ. આપણે બિયાવું આપીએ છીએ, ભોંય ખેડવાની તથા વાવવાની મહેનત કરીએ છીએ, અને પરમેશ્વર તેમાં પ્રકાશ તથા વરસાદ ઉમેરે છે; અને પરિણામે આપણે જેટલું વાવ્યું તેના કરતાં કાપણી વધારે થાય છે.

આ ઉપરથી આપણે માનીએ છીએ, કે આપણે અસત્કર્મો માટે પશ્ચાત્તાપ અને જીવન સુધારણા, એટલે ભૂંડાઈ પ્રત્યે બદલાયેલું વલણ, વાવીએ છીએ; અને, પરમેશ્વર, જેમ પ્રકાશ અને વરસાદ ઉમેરે છે તેમ, આમાં પોતાનો અનુગ્રહ ઉમેરશે; અને તેથી આપણે પાપની માફી લણીશું. ક્ષમા એ પરમેશ્વરનું બદલાયેલું વલણ દર્શાવે છે. આપણે આપણા તરફથી બદલાયેલું વલણ, એટલે પશ્ચાત્તાપ, વાવીએ

છીએ અને આપણે ઈશ્વર તરફથી બદલાયેલું વલણ, એટલે ક્ષમા, લણીએ છીએ. બંને એક જ જાતનાં છે. આપણે જેટલું વાવ્યું તેના કરતાં જે ભારે કાપણી કરીએ છીએ તેમાં રહેલી કારણરૂપ બાબત તે તો ખ્રિસ્તનાં બલિદાનરૂપ કષ્ટસહનમાં ઉમેરવામાં આવેલો ઈશ્વરાનુગ્રહ અથવા કૃપા છે.

દરેક કાયદાનો સામા કાયદા વડે નિગ્રહ કરવામાં આવે છે અને તેને હળવો અથવા નરમ બનાવવામાં આવે છે. કેન્દ્રાપસારી બળનો કેન્દ્રભિસારી બળ વડે નિગ્રહ કરવામાં આવે છે. જો એમ ન હોય તો કક્ષામાં ફરતી પૃથ્વી કેન્દ્રાપસારી બળને લીધે સીધી ને સીધી ઉજ્જડ અવકાશમાં નાસી છૂટે. ગુરુત્વાકર્ષણના નિયમનો બીજા ઊંચા નિયમો વડે નિગ્રહ થતો ન હોય તો ગુરુત્વાકર્ષણનો નિયમ બધી વસ્તુઓને પૃથ્વી ઉપર ખેંચી લાવશે અને બધું નાચે પડશે. મારો હાથ ઉપાડવા સારુ સ્નાયુઓનાં બળનો નવો નિયમ દાખલ કરું છું, અને તે નિયમ ગુરૂત્વાકર્ષણના નિયમને જીતે છે. પક્ષી હવાની સ્થિતિસ્થાપકતાના નિયમનો લાભ લઇ ગુરૂત્વાકર્ષણના નિયમ પર વિજય મેળવીને ઊડે છે. સમસ્ત જીવનમાં એક ઊંચા નિયમને દાખલ કરીને આપણે બીજા નિયમ ઉપર વિજય મેળવીએ છીએ. આપણે નીચી કક્ષાના નિયમને દૂર કરી દેતા નથી, પરંતુ ઊંચી કક્ષાના નિયમને દાખલ કરીને નીચલા નિયમના કાર્યને કેવળ અટકાવીએ અથવા મુલતવી રાખીએ છીએ. સ્નાયુબળના નિયમનો લાભ લઈને હું મારો હાથ ઊંચો કરું છું ત્યારે ગુરૂત્વાકર્ષણનો નિયમ હજી ત્યાં હાજર જ હોય છે, ભૌતિક સૃષ્ટિમાં ગુરુત્વાકર્ષણનો નિયમ જેમ દરેક વસ્તુમાં રહેલો જ હોય છે, તેમ વાવવા અને કાપવાનો નિયમ જીવનની ભીતરમાં રહેલો જ હોય છે. વધસ્તંભ દ્વારા પરમેશ્વર માણસોને એક ઊંચા નિયમમાં પ્રવેશ કરાવે છે એટલે પ્રેમના નિયમમાં. જો આપણે એ પ્રેમના નિયમનું અવલંબન કરીએ, અને આપણા જીવનમાં તેને કામ કરવા દઈએ, તો (કર્મફળના) જૂના નિયમને થંભાવી દઈએ છીએ અને આપણને તેનાથી

ઉપર લઈ જવામાં આવે છે. એ જૂના નિયમને ટાળી દેવામાં આવતો નથી; કારણ કે જેમ સ્નાયુબળના નિયમનો લાભ લેવાનું છોડી દઈએ કે તરત ગુરુત્વાકર્ષણનો નિયમ કામ કરવા મંડી જાય છે, તેમ (પ્રેમના) ઊંચા નિયમનો લાભ લેવાનું જતું કરીએ એટલે (કર્મનો) નીચલો નિયમ કામે લાગી જાય છે. સંત પૉલ પોકારે છે, કે 'ખ્રિસ્ત ઇસુમાં જીવનના આત્માનો જે નિયમ છે તેણે મને પાપ તથા મૃત્યુના નિયમથી મુક્ત કર્યો છે.' ખ્રિસ્ત પ્રભુદ્વારા જીવનના ઊંચા નિયમને દાખલ કરવાથી તે પાપ અને પાપના પરિણામરૂપ મૃત્યુના નીચલા નિયમથી મુક્ત કરે છે.

પણ કોઈ પૂછશે, કે તો પછી સત્કર્મોનું શું થશે? જેને પાપની માફી આપવામાં આવી છે તે માણસને સત્કર્મો કરવાની જવાબદારી રહેતી નથી? કર્મવાદના સાધારણ અર્થમાં સમાયેલાં સ્વહિતનાં કર્મના નિયમને જો ઊંચો નિયમ દૂર કરે, અથવા તેનું સ્થાન પોતે લઈ લે, તો પછી જીવાત્મા બેપરવા નહિ બને? તો પછી ફરજિયાતપણું ક્યાં રહ્યું?

હા, ફરજિયાતપણું નવા પ્રેમમાં રહેલું છે. એક નવું બળ ક્ષમા પામેલા માણસ ઉપર પકડ મેળવે છે–એટલે ખ્રિસ્ત પ્રભુનો પ્રેમ. ક્ષમા પામેલો માણસ સત્કર્મો કરે છે, પણ તે બદલો મેળવવા કે પુણ્ય પ્રાપ્ત કરવા અર્થે નહિ, પણ પ્રેમને ખાતર અને કૃતજ્ઞતાને લીધે. મુક્તિ ખરીદવા ખાતર તે સત્કર્મો કરતો નથી, પણ તેને મુક્તિ પ્રાપ્ત થઈ છે તેથી તે શુભ કર્મ કરે છે. માણસમાં પશ્ચાત્તાપ ઉપજાવીને અને ભૂંડાઈ છોડાવડાવીને પ્રભુ ખ્રિસ્ત માણસને ભલો બનાવે છે, તેને ક્ષમા અર્પે છે, અને તેના હૃદયમાં નવો પ્રેમ દાખલ કરે છે. પછી જેમ મીઠાં ઝરણાંમાંથી મીઠાં પાણીનો ફૂવારો ઊડે તેમ તે માણસની નવસર્જિત નૈતિક પ્રકૃતિમાંથી શુભ કર્મો વહે છે.

આ ક્રમને ઉલટાવીને ઘણાં માણસો સારાં કર્મોદ્વારા સારો માણસ સર્જવાનો પ્રયત્ન કરે છે; પણ સારાં કર્મો સારો માણસ બનાવી શકતાં નથી. પરંતુ માણસો સારા હોય તો સારાં કર્મો કરે

છે, જેમ ઝાડથી સારાં ફળ ઉત્પન્ન થાય છે, અને નહિ કે સારાં ફળને લીધે ઝાડ. ખ્રિસ્ત પ્રભુ સાચી શરૂઆત કરે છે. પ્રથમ તે માણસને સારા બનાવે છે, તેનો ઉદ્ધાર કરે છે, તેનું નવસર્જન કરે છે, તેના પુરાણા ભૂતકાળના જીવનમાંથી તેને ઊંચો લાવે છે, એ રીતે નવું પ્રેમમય હૃદય નવાં કર્મોરૂપી ફળ ફળે છે.

ક્ષમા, પ્રાપ્ત કરેલા માણસને પ્રભુ ખ્રિસ્ત પોતા સાથે અનુસંગ કે આસક્તિ કરાવીને આ કાર્ય કરે છે. એક મહાન માનસશાસ્ત્રીએ કહ્યું છે, કે 'કોઈ પવિત્ર વ્યક્તિ માટેનો પ્રેમ એ બધી અસરો કરતાં વિશેષ સંરક્ષક અને પ્રોત્સાહક અસર છે.' દુનિયાના પવિત્રમાં પવિત્ર પુરુષ ખ્રિસ્ત પ્રત્યેનો આ નવો પ્રેમ તે સંરક્ષક પ્રેમ છે, કારણ કે તે માણસના જીવનની હલકી વાસનાઓને અને વાંછનાઓને ગળી જાય એવી પ્રેમની ઉત્તેજના ઉત્પન્ન કરે છે. 'નવી ઊર્મિનાં નિવારકબળ'+ વડે પાપ અને દુષ્ટાઇને ખંખેરી કાઢવામાં આવે છે. ઉચ્ચ બાબતો આપણું ગ્રહણ કરે છે તેથી નીચ બાબતોને સ્થાન રહેતું નથી. માનસશાસ્ત્ર અનુસાર 'એક ઉત્તેજનાનું સ્થાન કેવળ બીજી ઉત્તેજના લઈ શકે છે.' × એ કાર્ય માટે નકારાત્મક અને ઊર્મિઓને દાબી રાખનાર કોઈ રીત પૂરતી નથી. નીચે ઉત્તેજનાનું સ્થાન ઉચ્ચ, હકારાત્મક ઉત્તેજનાએ લેવું જોઈએ; એ ઉત્તેજના તે પ્રભુ ખ્રિસ્તનો પ્રેમ છે.

પરંતુ એ પ્રેમ કેવળ 'સંરક્ષક' કરતાં કંઈક વિશેષ છે, તે 'પ્રોત્સાહક' છે. બીજાની સેવા માટેની ખ્રિસ્ત પ્રભુની પ્રેમભાવના આપણી બને છે. ઝાડ તેવું ફળ આવે છે, સમાન બાબત સમાન પરિણામ લાવે છે. જેવો ખ્રિસ્ત પ્રભુએ પ્રેમ કર્યો તેવો આપણે પ્રેમ કરીએ છીએ; જેમ તેમણે સેવા કરી તેમ આપણે સેવા કરીએ છીએ. બીજાઓ પ્રત્યેના શુભ કૃત્યો સ્વહિતના વિચારમાંથી નહિ પરંતુ પ્રેમમાંથી ઉદ્ભવે છે.

---

\+ 'Expulsive power of a new affection.'

× One impulse can only be replaced by another impulse.

પરિવર્તન કરનાર ખ્રિસ્તના પ્રેમના આ બળનું પંડિતા રમાબાઈને દર્શન થયું અને તેમના મન ઉપર એની ઘણી ઊંડી છાપ પડી. હિંદુસ્તાનની સ્ત્રીઓની સ્થિતિ સુધારવાના પોતાના કામ માટે કઈ રીતે વાપરી શકાય તે જોવા સારુ પંડિતા ઈંગ્લંડ ગયાં. તે પોતાના દેશ અને દેશના બંધુભગિનીઓ ઉપર અતિશય પ્રેમ રાખતાં હતાં અને તેમની ઉન્નતિ અને ઉદ્ધાર માટે સર્વોત્તમ માર્ગ શો છે તે જાણવા માગતાં હતાં.

જેઓનું નૈતિક પતન થયેલું હોય એવી સ્ત્રીઓને પુનઃ નવા જીવનમાં લાવવાનું કાર્ય કરનાર પતિતા ઉદ્ધારક સદનોની તેમણે ઈંગ્લંડમાં મુલાકાત લીધી. તે કહે છે કે એ ગૃહોમાં મારા જોવામાં કંઈક આવ્યું જે પહેલાં મેં કદી દીઠું ન હતું. આ સ્ત્રીઓ પહેલાં નીચ, અધમ, વાસનામય અને ઘણીવાર છાકટ જીવન ગાળતી હતી. તેઓનાં પૂર્વજીવનની અધમતામાંથી તેમનો ઉદ્ધાર થયો હતો એટલું જ નહિ, પરંતુ **તેઓનું ખરેખરી રીતે રૂપાંતર થઈ ગયું હતું**. તેમનાં મુખ નવીન પ્રભાથી ચમકતાં હતાં. તેઓનાં જૂનાં જીવન અને કુટેવોથી તેમને કૃત્રિમ રીતે સંભાળવાની જરૂર ન હતી; પણ એથી ઉલટું, તેઓ મલિન વાસોમાં જતી અને પોતે જે અધમ સ્થિતિમાં પહેલી હતી તેવી સ્થિતિમાં સડતી સ્ત્રીઓને તેમાંથી ઉગારી લેવાનું કાર્ય તેઓ હવે ચળકતા ચહેરે અને પ્રેમાળ હૃદયે કરી રહી હતી. આ કોમળ, નમ્ર, વિશુદ્ધ અને ભાવભરી સ્ત્રીઓમાંની કેટલીક સ્ત્રીઓ પોતે પતિતાવસ્થામાંથી ઉદ્ધાર પામેલી હતી, એ બીના પંડિતા રમાબાઈ માની પણ શકતાં ન હતાં.

આનું રહસ્ય પ્રભુ ઈસુ ખ્રિસ્તના પ્રેમમાં સમાયેલું છે એમ તેમને માલૂમ પડ્યું. વિશુદ્ધ ખ્રિસ્ત પ્રત્યેની નવી ઊર્મિના નિવારક બળે તેમનો ઉદ્ધાર કર્યો અને પતિતા ભગિનીઓની સેવા કરવાના ઉત્સાહથી તેઓને તે કાર્યમાં પ્રવૃત્ત કરી. આ પરિવર્તનકારક પ્રેમે તેમનું 'સંરક્ષણ કર્યું' અને તેમને 'પ્રોત્સાહન આપ્યું.' પંડિતા રમાબહેને કહ્યું, 'હિંદુસ્તાનને આની જ જરૂર છે.' ખ્રિસ્તસેવિકા

તરીકે કેડગાંવના તેમના આશ્રમમાં દોઢ હજારથી બે હજાર જેટલી તેમની હિંદી ભગિનીઓને આશ્રય મળ્યો. એમાંની ઘણીક સ્ત્રીઓને શરમભર્યાં જીવનમાંથી ઉગારી લેવામાં આવી હતી. એમનો 'મુક્તિ આશ્રમ' ખ્રિસ્ત પ્રભુના પ્રેમથી ભરપૂર હતો. એ પ્રેમ તેમનાં હૃદયોને ભરે છે, જીવન પલટો કરે છે અને પતિતાઓને અર્થે પ્રાર્થના તથા કાર્ય કરવા તેઓને પ્રવૃત્ત કરે છે.

હવે આ બાબતને જુદા દૃષ્ટિકોણથી જોઈએ. બલિદાન આપનાર પ્રેમ, ભોગ આપનાર અનુરાગ, જો દુનિયામાં સર્વોત્તમ સુંદર અને અતિશય ઉમદા બાબત છે, તો એવો પ્રેમ પોતાનાં સંતાનોનાં હૃદયોમાં ખીલે અને વૃદ્ધિ પામે એવું જોવાની પરમેશ્વરને ઉત્કટ ઇચ્છા હોય એ સ્પષ્ટ છે. આત્મભોગ આપવાની આ ભાવના માણસોનાં મનોમાં કેવી રીતે રોપી શકાય અને કેવી રીતે વિકાસ પામી શકે? પરમેશ્વર હુકમથી એ કરી ન શકે. માત્ર હુકમથી એ ઊપજી ન શકે. તે વિશે કેવળ શીખવીને તે એને અસરકારક બનાવી ન શકે. **એનો માર્ગ પરમેશ્વરે પોતે બતાવવો જોઈએ.** કારણ, કે 'ચારિત્ર્ય ઝીલી શકાય છે, શીખવી શકાતું નથી.' ચારિત્ર્યનો ચેપ લાગે છે. શિક્ષણ કરતાં તેમના નમૂના ઉપરથી આપણે બીજાઓનાં ચારિત્ર્ય ઝીલી લઈએ છીએ. પરમેશ્વર ભોગ આપનાર પ્રેમ વિશે શિક્ષણ આપે, પણ તેને આચરણમાં કરી બતાવવાથી દૂર રહે, તો મનુષ્યનાં હૃદય શુષ્ક અને બેપરવા રહેશે. પરમેશ્વરે તેમને માર્ગ દર્શાવવો જોઈએ. હા, પરમેશ્વરે માર્ગ બતાવ્યો છે! એ માર્ગ તે વધસ્તંભ પરનું બલિદાન છે, અને એ બલિદાન બીજાઓમાં બલિદાનની ભાવના સર્જે છે. એ બલિદાનને નિરખીને મનુષ્યનાં હૃદય સેવા કરવાની ઉત્કટ ઇચ્છાથી ભરાઈ જાય છે. એ જવાળા હોલવાય નહિ એવી અસમ્ય છે. એનું ઉદાહરણ આપીશું.

ચીનમાં બૉક્સર બળવો થયો તે વખતે ઘણાં મિશનરીઓને ક્રૂર રીતે મારી નાખવામાં આવ્યાં. ચીનાઓ વગર વિચારે એમ

માનતા હતા કે મિશનરીઓ અમારી સંસ્કૃતિના શત્રુ છે. જે મિશનરીઓનો ઘાત કરવામાં આવ્યો તેઓમાં એક પિટકિન નામનો મિશનરી હતો. તે પગાર કે કોઈ પણ જાતનો બદલો લીધા વગર ચીનમાં આવ્યો હતો. તેણે પોતાની સંપત્તિ હોસ્પિટલો અને શિક્ષણ સંસ્થાઓને અર્પી દીધી હતી. તે ચીનની ભાષા ભણવા મહેનત કરી રહ્યો હતો. પણ પોતાના પ્રેમની વાત તે લોકોને તેમની ભાષામાં જણાવી શકે તે પહેલાં બૉકસર બળવો જાગ્યો. લોકોનું ટોળું પિટકિનના રહેઠાણ પાસે આવતું હતું, ત્યારે તેણે એક ચીના મિત્રને બોલાવીને કહ્યું, 'તમે નાસી છૂટો. આ લોકો તમને મારી નાખશે. જો તેઓ મને મારી નાખે, તો મારાં સગાં વહાલાંઓને કહેજો, કે અંત ઘડીએ પરમેશ્વર મારી પાસે જ હતા, અને ઈશ્વરની શાંતિ એ મારું આશ્વાસન હતું. મારાં સગાં વહાલાંઓને કહેજો કે તેઓ મારા પુત્રને યેલ વિશ્વવિદ્યાલયમાં ભણવા મોકલે, અને મારા પુત્રને કહેજો, કે પોતે વિશ્વવિદ્યાલયનું શિક્ષણ પૂરું કરી રહે એટલે ચીનમાં આવીને પિતાનું સ્થાન લે.'

તે ચીનો મિત્ર નાસી છૂટયો. દરવાજો તોડીને ટોળું અંદર આવ્યું. પિટકિનને બંદૂકથી ઠાર કર્યો, તેનું માથું કાપી નાખ્યું અને શહેરની ભાગોળે તે લટકાવ્યું. તેના ધડને દફનાવ્યું નહિ, પણ શિયાળ અને વરુઓનું ભક્ષ્ય થવા ફેંકી દીધું. તેમનો પુત્ર યેલ વિશ્વવિદ્યાલયમાં ભણ્યો અને શિક્ષણ પૂરું કરી ચીનમાં પોતાના પિતાનો ઘાત કરનારાઓને સારુ પોતાનું જીવન અર્પણ કરવા ગયો.

જે પોતાની પ્રજા ન હતી તેવા પરદેશીઓની ખાતર પોતાનું જીવન, ધન અને એકનો એક પુત્ર સમર્પણ કરવાને પિટકિનને પ્રેરનાર એ શું હતું? તેના પુત્રે, તે લોકોને માફી આપી. પોતાના પિતાની હિંસા કરનાર કૃતઘ્ની પ્રજાની સેવા માટે આનંદથી ઉત્સુક બનાવનાર એવું શું હતું? તે એક જ બાબત હતી: પિતા તેમ જ પુત્ર બંનેએ ખ્રિસ્ત પ્રભુના બલિદાનના વધસ્તંભ સામે ઊભા રહીને, પોતાને કષ્ટ આપનારાઓ અને ઘાત કરનારાઓના હિતમાં ખ્રિસ્ત પ્રભુને પ્રાર્થના

કરતાં સાંભળ્યા હતા, કે 'પિતા, એમને ક્ષમા આપ, કારણુ કે તેઓ શું કરી રહ્યા છે તે તેઓ સમજતા નથી.' એ જ ભાવનાએ આ પિતાપુત્રનાં હૃદયોને જ્વલંત કર્યાં હતાં, તેથી સેવા કરવા અને જરૂર હોય તો મરવા તેઓ ખુશીથી આગળ ચાલ્યા.

આ ઉદાહરણુ અપવાદરૂપ નથી. બીજા મિશનરી કુટુંબમાં પણ બાપ, મા, એક દીકરો અને એક દીકરી, એમ ચાર જણને મારી નાખવામાં આવ્યાં; બાકી રહેલાં ચાર સંતાનોમાંનાં ત્રણ ચીનના ઉત્કર્ષ અર્થે પોતાનાં જીવન—સેવા અર્પવા પાછા ચીન ગયાં.

બિશપ હેનિંગ્ટનનું આફ્રિકામાં ખૂન કરવામાં આવ્યું. પાછળથી તેનો દીકરો એ જ સ્થળે ગયો. એ પુત્રદ્વારા પરિવર્તન પામીને જે પહેલો ખ્રિસ્તભક્ત બનનાર તે તો તેના પિતા બિશપ હેનિંગ્ટનનું ખૂન કરનાર પોતે હતો. બીજા એક મિશનરી અને તેમનાં પત્નીને આફ્રિકામાં મારી નાખવામાં આવ્યાં હતાં, અને તેમનાં પાંચ સંતાનો તેમનાં માતાપિતાનું ખૂન કરનારાઓની વચ્ચે સેવા કરી રહ્યાં છે. આ ભાવના કોણુ ઉત્પન્ન કરી શક્યું હશે ? **ખ્રિસ્તના વધસ્તંભ સિવાય બીજું કંઇ જ નહિ.**

કેટલાક એમ માને છે કે ખ્રિસ્તી મિશનોનો પાયો અમેરિકાના ડૉલર અને બ્રિટનના પાઉંડ ઉપર રચાયેલો છે. તેઓનું એ ધારવું ભૂલભરેલું છે. મિશનોનો પાયો ખ્રિસ્ત પ્રભુના પ્રેમ ઉપર અને વધસ્તંભ પરના તેમના બલિદાનની ભાવના ઉપર નંખાયેલો છે. ખરી વાત છે કે પરદેશી પ્રજાઓના ઉત્કર્ષ માટે લોકો કરોડો રૂપિયા આપે છે, પણ કઈ ભાવના તેમને એ અપાવડાવે છે ? ખ્રિસ્ત પ્રભુનો પ્રેમ! એજ ભાવનાએ વિશ્વવિદ્યાલયોમાંથી હજારો ને હજારો યુવાનો અને યુવતીઓને પરદેશોની સેવામાં અને **ઉદ્ધારક પ્રેમની** શુભવાર્તા પહોંચાડવાના કાર્યમાં સમર્પણ થવાને પ્રેર્યાં છે. કષ્ટ ભોગવનાર ઈશ્વરપુત્રે તેમનાં હૃદયોમાં ઉપજાવેલા પ્રેમની ઉત્કટતાને પાછી રોકવા મહાસાગરોની પહોળાઈ કે પર્વતોની ઊંચાઈ પૂરતી નથી; અથવા, એકલવાયાપણું, ભાષાઓ શીખવાની મુશ્કેલી કે

પ્રજાઓની ભિન્નતા અનુલ્લંઘનીય નથી; અથવા કોઈ પણ નિરાશા એવી વિકટ નથી.

### પ્રભુ મૃત્યુને ભેટવા જાય છે

વધસ્તંભે પહોંચવાના માર્ગનું આપણે કેવી રીતે વર્ણન કરીએ? રાતનો સમય હતો. ગેથ્સેમાની નામના બગીચામાં દુખાંત બનાવ બનવાની તૈયારીમાં હતો. શું થઈ રહ્યું છે તેનું રહસ્ય શિષ્યો અર્ધ-ભાનમાં અડધું પડધું સમજતા હતા. એમ ગૂંચવણમાં પડી ગયેલા શિષ્યોની સાથે પ્રભુ બગીચામાં દાખલ થયા. ધિક્કાર અને ક્રોધનું જે તોફાન આવતી કાલે પોતા પર તૂટી પડવાનું છે તેના ભાનથી દબાયેલા અને કષ્ટિત થયેલા પ્રભુ બગીચામાં ગયા હતા. જો કે પોતે માણસોને પાપ અને દુષ્ટાઈથી બચાવી લેવાને આવ્યા હતા, તોપણ શોક ભરી આવતી કાલમાં દાખલ થતાં જ જાણે પોતાને લીધે લોકો વધારે દુષ્ટાઈમાં ઉશ્કેરાશે એ બાબતના ભાનથી આ નિષ્કલંક પુરુષને સૌથી વિશેષ ખેદ થતો હતો. પોતે આવતી કાલમાં પ્રવેશ કરશે ત્યારે લોકો ખરાબમાં ખરાબ બની જશે, અને એ વિશેષ દુષ્ટાઈના પ્રસંગરૂપ પોતે છે એમ જણાશે, એ વાત પ્રભુ જાણતા હતા. આ બાબતે તેમના નિષ્કલંક આત્માને એટલો કષ્ટિત કર્યો કે તે પ્રાર્થના કરવા લાગ્યા: ‘ આ શોકનો પ્યાલો મારા પીધા વગર લઈ લેવામાં આવે. ’ અંતરાત્મામાં તે એટલા ક્લેશિત થઈને પ્રાર્થના કરવા લાગ્યા કે તેમની ત્વચાનાં છિદ્રોમાંથી રક્ત ઝામીને, ઊંચે જોઈ રહેલા મુખારવિંદ પરથી ટીપાં રૂપે જમીન પર ટપકવા લાગ્યું.

આ કાળાં વાદળમાં થઈને તેમણે પ્રાર્થના દ્વારા બહાર માર્ગ કાઢ્યો, એથી લોકોનું ટોળું અને સૈનિકોની ટુકડી તેમની પાસે આવી પહોંચી ત્યારે તેઓએ તેમને શાંત અને સ્વસ્થ જોયા. તેમને પકડવાને તેઓ આગળ ધસ્યા, પરંતુ તેમના દૈવી વૈભવથી પરાજિત થઈને તેઓ ભોંય ઉપર પાછળ ઢળી પડ્યા. પ્રભુનો દગલબાજ શિષ્ય જુડાહ ટોળીને મોખરે હતો અને બધાંને દોરતો હતો. બીજાઓ

કરતાં તે વધારે હિંમતવાન બનીને આગળ આવ્યો અને જાણે ગુરુનો સત્કાર કરતો હોય તેમ ચુંબન કર્યું. પરંતુ કષ્ટ વેઠનાર પ્રભુ શિષ્યના આ કૃત્યની કાળી દગલબાજી પૂરેપૂરી સમજતા હતા, તેથી તેને પૂછે છે, 'મિત્ર, તું શા માટે આવ્યો ?' આવો વહાલભર્યો શબ્દ કહીને જાણે કે એ વિશ્વાસહીન શિષ્યને પ્રભુ હજી અત્યારે પણ પાછો ફેરવવા માગતા ન હોય !

હવે હિંમતવાન થયેલાં ટોળાં અને શિષ્યમંડળની વચ્ચે પ્રભુ આગળ વધે છે. પછી પેલા લોકોને કહે છે, 'જો તમારે મારું કામ હોય તો મને લઈ જાઓ; પણ આ માણસોને (શિષ્યોને) જવા દો.' પ્રભુનું આ કૃત્ય પ્રભુ મોટા પાયા ઉપર શું કરી રહ્યા હતા તેના સારાંશરૂપ હતું, એટલે, **તે બીજાઓને બચાવી રહ્યા હતા; પોતાને બચાવવા માગતા ન હતા.**

લોકો પ્રભુને પકડે છે, એટલે પટ શિષ્ય પિટર તરવાર ખેંચીને આગળ આવે છે અને મુખ્ય યાજકના ચાકર ઉપર ઘા કરે છે, તેથી તે ચાકરનો કાન કપાઇ જાય છે. પિટરની અંધ દષ્ટિ માટે પ્રભુ તેને ધમકાવે છે, કારણ કે કષ્ટ ઉઠાવનાર પ્રેમની વિચિત્ર નવીન તરવાર વડે પ્રભુ લોકોનાં હૃદયને ઊંડે વીંધવાના હતા, અને પિટરે ભૌતિક તરવારનો કરેલો આ ઘા એ કામને બગાડી નાખતો હતો; તેથી અતિશય કોમળતા અને દબદબાથી પ્રભુ કપાયેલા કાનને અડકે છે, અને 'ઓછામાં ઓછું આટલું મને કરવા દો' એમ કહીને પોતાના શત્રુને સાજો કરી દે છે. આ બનાવ એ દર્શાવે છે કે કષ્ટ સહનની ઘડીમાં પ્રભુનું પોતાનું પરાક્રમ જેવું ને તેવું જ કાયમ હતું; પરંતુ પોતાને ખાતર તે પરાક્રમ વાપરવાની તેમણે ના પાડી, અને એના કરતાં ઊંડા દુઃખસહન માટે પોતાને સમર્પી દેવા સારુ તે પરાક્રમ વાપરવાનું તેમણે પસંદ કર્યું.

હવે ગવર્નરના ન્યાયમંદિરમાં પ્રભુ ઊભા છે, લોકોનું ટોળું ચારે બાજૂ ઊભરાય છે, અને તેમને મારી નંખાવવા માટે બૂમો પાડે છે. ઇર્ષાથી ગાંડા બનેલાં એ આખાં ટોળાં વચ્ચે પ્રભુ એકલા

શાંતિ અને સ્વસ્થતાની પ્રતિમાં સમા હતા. સિપાઈઓએ મજાકમાં કાંટાનો બનાવેલો મુગટ તેમના માથા પર ખોસી ઘાલ્યો હતો, અને કાંટાઓથી કપાળ અને માથું વીંધવાથી તેમના મુખ ઉપર થઈને લોહીના રેલા ચાલતા હતા. તેમની ખુલ્લી પીઠ ઉપર ક્રૂર રોમન ચાબખાથી માર માર્યો હતો તેથી લોહી અને ખેંચાઈ આવેલું માંસ જમીન ઉપર પડ્યાં. પછી સિપાઈઓએ એ લોહીલોહાણ ખુલ્લી પીઠ ઉપર રાજવીના મોભાવાળો જાંબુડી જભ્ભો ઓઢાડ્યો, અને એ રીતે મશ્કરીમાં રાજપોશાક પહેરાવ્યો, અને રાજદંડની જગાએ તેમના હાથમાં એક સોટો પકડાવ્યો. લપડાકો મારીને તેમના મોં ઉપર થૂંક્યા. પછી મજાકમાં તેમની આગળ ઘૂંટણે પડીને નમસ્કાર કરીને બૂમો પાડવા લાગ્યા : “યહૂદીના રાજાની જય !”

પરંતુ એ અપમાન અને નીચ સ્થિતિ, તુચ્છકારના શબ્દો, થૂંક, લપડાકો, કોરડાના માર, રાજવી ઝભ્ભો, કાંટાનો મુગટ અને હાથમાં રાજદંડનો સોટો, એ બધાં મશ્કરીભર્યાં રાજભભકામાં થઈને પ્રભુ ઈસુનું સાચું રાજગૌરવ ઝળકતું હતું, તેથી ન્યાયાધીશ પિલાત આ મૂગા કષ્ટ ઉઠાવનારને જોઈને ભયગ્રસ્ત બન્યો હતો. પિલાતે તેમને મોતની સજા ફરમાવી; પણ અંતઃપ્રેરણાથી પિલાતને લાગતું હતું, કે આ કેદી મારો, ન્યાયાધીશનો ન્યાય તોળી રહ્યો છે, તેથી કેદી સામે તે ધ્રુજતો હતો.

ઇન્સાફની કેવળ ભવાઈ કર્યા પછી પિલાતે તેમના પર દેહાંત દંડની સજા ફરમાવી. એ સજા આજે દુનિયા જેને સદ્‌ગુણો તરીકે ગણે છે, તેવાં કારણોને માટે હતી. જરાપણ વાંધો ઉઠાવ્યા વગર કે કચવાટ વગર પ્રભુ મરવા માટે ચાલી નીકળે છે. શુળી (વધસ્તંભ)નાં ભારે લાકડાં તેમના લોહી નીકળતા ખભા અને પીઠ ઉપર ચડાવવામાં આવે છે, ઊભરાતાં માનવ ટોળાંની વચ્ચે પ્રભુ શોકને માર્ગે શહેરની બહાર અને ‘ખોપરીની ટેકરી’ ની ટોચે જાય છે.

જે હાથો નાનાં બાળકોનાં માથાં પર મૂકીને તેમણે આશિષ આપ્યો હતો, જે હાથોએ આંધળાંઓની આંખોને અડકીને તેમને

દેખતા કર્યા હતા, જે હાથો વડે દરિદ્રી, અશુદ્ધ કોઢિયાઓને અડકીને તેમણે શુદ્ધ અને સાજા કર્યા હતા, તે હાથો તેમણે વધસ્તંભ ઉપર પસારીને જરાપણ આનાકાની વગર, હથેળીઓમાં લાંબા ખીલા ઠોકવા દીધા. જે ચરણો પરમેશ્વરને પૂરા આજ્ઞાંકિત થઈને ઈશ્વરીય માર્ગોમાં ચાલ્યા હતા, જે પગો શોકિતોને આનંદિત કરવા અને અધમોને પવિત્ર બનાવવા સારુ તેમની શોધમાં ફર્યા હતા, તે પગોને લાકડા સાથે ખીલાઓથી જડી દીધા. પરમેશ્વરના પ્રેમનો સંદેશો મનુષ્યો પાસે લાવનાર સંદેશાવાહકને જે માણસો પાસે પોતે સંદેશો લાવ્યા હતા તે માણસોએ, વધસ્તંભ ઉપર જડી દીધા. જમીન પર મૂકેલા સ્તંભ સાથે ખીલાઓથી તેમને બરોબર જડી દીધા, પછી તેઓએ વધસ્તંભને ઊભો કરી દીધો, એટલે શરીરનો ભાર ખીલાઓ ઉપર પડવાથી હાથ પગનું માંસ ચિરાઈ ગયું અને સાંધાઓ છૂટા પડી ગયા.

આવી વિકટ વેદનાની સ્થિતિમાં તે ત્રણ કલાક વધસ્તંભ ઉપર ટંગાઇ રહ્યા. શારીરિક કષ્ટ અને દર્દની બાબતમાં આ વેદના ભયંકર હતી જ, પણ તે ઉપરાંત તેમને દિલનું અને મનનું અતિશય દુઃખ અને કચડી નાખે એવો શોક હતો. પોતાના જ તારણહારને વધ કરવાનું અધમ કૃત્ય કરનારા માનવીઓના પાપને લીધે તેમને આ દુઃખ અને શોક થતાં હતાં. એને લીધે તેમનું હૃદય ભંગ થયું. વધસ્તંભની શારીરિક પીડાથી તે મૃત્યુ પામ્યા નથી, પણ ભગ્ન હૃદયને લીધે તે મરણ પામ્યા. તેમના પડખામાં ભાલાની અણી ખોસી દેવામાં આવી ત્યારે તેમાંથી પાણી અને લોહી આવ્યું. દાક્તરો કહે છે, કે હૃદય ભંગ થયાની આ નિશાની છે, અને એમ થાય તેમાં શી નવાઈ? નિર્દોષ, નિષ્કલંક ને ગુનેગાર ચોરોની વચ્ચે શૂળી પર ચડાવવામાં આવે અને સામાન્ય ગુનેગાર તરીકે તેમની સાથે વર્તન થાય એની તે નિર્દોષ નિષ્કલંક પુરુષના મન પર શી અસર થઈ હશે તેનો વિચાર કરો. પ્રભુ ઈસુએ માલમિલકત, ઘરબાર, સગાં-વહાલાં તેમ પોતાના પંડનો ભોગ આપ્યો, એટલું જ નહિ, પણ

સારો માણસ જેને સૌથી વધારે કીમતી ગણે છે તે પોતાની સૌથી મૂલ્યવાન બાબતનો એટલે પોતાના સારા નામનો, પોતાની સુકીર્તિનો તેમણે ભોગ આપ્યો. એક દુષ્કૃત્ય કરનાર તરીકે તેમણે મોત ભોગવ્યું. બધાની નજર સામે તે સ્તંભ ઉપર લટકતા હતા ત્યારે તિરસ્કારયુક્ત મશ્કરીઓ કરીને લોકો તેમની હાંસી કરતા હતા. કુદરત અંધકારનો પડદો પાડીને આ દૃશ્યને ઢાંકી દે તેમાં શું આશ્ચર્ય ! ખરે બપોરે અંધારું થઈ ગયું. આપણા માનવી અનુભવો સાથે ખ્રિસ્ત પ્રભુએ એટલી ઊંડી એકતાનતા સાધી હતી અને આપણાં દર્દો સાથે તે એટલા એકરૂપ બની ગયા હતા કે એ અંધકારને ભેદીને એકલવાયાપણાનો એક વિચિત્ર પોકાર બહાર આવે છે: "મારા ઈશ્વર, મારા ઈશ્વર, મને કેમ તજી દીધો ?"

"હા, ઈશ્વરાવતારના અનાથ પોકારે એકવાર વિશ્વને કંપાવ્યું."

એકલો અટૂલો, પડઘો પાડ્યા વિનાનો, એ પોકાર ઊંચે ચઢ્યો :

'મારા ઈશ્વર, હું ત્યજાયેલો છું.'

"ઉન્માર્ગે ગયેલા સર્જન વચ્ચે પવિત્ર પુરુષના વિશુદ્ધ હોઠોમાંથી એ પોકાર ઊંચે ચઢ્યો,

જેથી ખોવાયેલાં સંતાનોમાંનો બીજો કોઈ એ એકલવાયાપણાનો શબ્દ ન ઉચ્ચારે."

પરંતુ એ અંધકારમાંથી એક અવાજ બોલતો સંભળાય છે: 'પિતા, તેમને ક્ષમા કરો, કેમ કે તેઓ શું કરી રહ્યા છે તે તેઓ જાણતા નથી.' વેદનાની વચ્ચે પણ ખ્રિસ્તનો પ્રેમ વિજયી બન્યો. તેમની મજાક કરનારા શત્રુઓના હિત માટે તેમણે પ્રાર્થના કરી. છેલ્લા શ્વાસ લેતાં કડવાસ વિના, તેમણે પોતાનો પ્રાણ ઈશ્વરને અર્પી દીધો : 'પિતા, તમારા હાથમાં મારો આત્મા સોંપું છું'. એમ તે મરણ પામ્યા. એ મરણમાં કેવી અનહદ ગમગીની છવાયેલી હતી ! છતાં એ બધાંમાં થઈને વિજયવંત પ્રેમનો સૂર નીકળે છે. વધસ્તંભ ઉપર તેમના તરફ દૃષ્ટિ નાખતાં આપણે બોલી ઊઠીએ છીએ કે 'આ પ્રેમ વિજયવંત થવાને લાયક છે' અને આપણા હૃદયના

ઊંડાણમાં જોઈ ને કહીએ છીએ, કે 'એ પ્રેમ વિજયવંત થયો છે!'

પ્રભુ ઈસુને વધસ્તંભે ચડાવવાના કામની દેખરેખ રાખનાર સૂબેદારના મોંથી એક આધુનિક નાટ્યકાર આ શબ્દો બોલાવે છે. પ્રભુની માતા મેરીને એ સૂબેદાર કહે છે, "બહેન, હું તને કહું છું, કે કુરૂપ થયેલા, અપમાન પામેલા, મોં પર થૂંકાયેલા એવા આ તારા મરણ પામેલા દીકરાએ આજે એક એવું રાજ્ય સ્થાપ્યું છે જેનો નાશ કદી થશે નહીં. એમના જીવંત ગૌરવની સત્તા એ રાજ્ય ઉપર ચાલે છે. દુનિયા એમની છે ને એમણે તે સર્જી છે. લાંબા યુગોમાં થઈને એ અને એમના બંધુઓ એ દુનિયાને ઘડતા આવ્યા છે; કેવળ તેઓ જ એના ખરા માલિક છે, નહિ કે અભિમાનીઓ, આળસુઓ, કે દુનિયાનાં દંભી સામ્રાજ્યો. આજે આ ટેકરીની ટોચે એવું કંઈક બન્યું છે જે લોહી અને ભય પર રચાયેલાં સર્વ રાજ્યોને જમીનદોસ્ત કરશે. દુનિયા **એની** છે, દુનિયા એઓની છે, એમણે એને ઘડી છે. નમ્રજનો, ભયંકર નમ્રજનો, કષ્ટ ઉઠાવનાર ભયંકર નમ્રજનો, પોતાના વારસામાં પ્રવેશ કરવાની તૈયારીમાં છે." આ શબ્દો સત્ય છે.

આફ્રિકાનો એક ઠાકોર પોતાના અનુયાયીઓ સાથે બેસીને પતિતોદ્ધારક પરમેશ્વરની આ વાર્તા પહેલી જ વાર સાંભળી રહ્યો હતો. વાત કહેનાર નિષ્કલંક પ્રભુ ઈસુનું વર્ણન કરતો હતો; પછી આપણ માનવીઓને અર્થે સૂળી ઉપર પ્રભુના કષ્ટ સહનની વાત તેણે કહેવા માંડી. ઘરડા ઠાકોરથી એ સહી શકાતું નહોતું; તેની આંખોમાંથી આંસુની ધાર વહેવા લાગી; તે ઊભો થઈ ગયો અને હાથ વીંઝીને કહેવા લાગ્યો, 'ઓ પ્રભુ ઈસુ, એના પર તમે ના ચડો. વધસ્તંભ એ તમારું સ્થાન નથી; એ મારું સ્થાન છે.' આ વૃદ્ધ ઠાકોરની વાત સાવ સાચી છે. વધસ્તંભ–શૂળી એ પ્રભુ ઈસુને માટે નથી; એ સ્થાન મારું ને તમારું છે. પાપ આપણે કર્યાં છે, તેમણે કર્યાં નહોતાં; પણ એ પાક પવિત્ર પુરુષ ત્યાં આપણે સ્થાને છે. **તે આપણને બચાવી રહ્યા હતા; પોતાને બચાવી ન શક્યા.**

વિશાળ દુનિયાનાં કષ્ટ, યાતનાનાં તોફાની મોજાં તેમના એક જ હૃદયની નહેરમાં થઈને માર્ગ કરતાં હતાં, એવી રીતે તે જીવ્યા અને મર્યા.

હવે આપણે સમજીએ છીએ, કે સર્વ વસ્તુની પાછળ વિશ્વમાં પ્રેમ રહેલો છે-ઉદ્ધારક પ્રેમ. આપણી ગૂંચવણોમાં આપણે એક સુનિશ્ચિત બાબતનું અવલંબન કરી શકીએ છીએ. એટલે કે પરમેશ્વર આપણા પર પ્રેમ કરે છે અને આપણને તે બચાવશે.

એક મહાન ચિંતક કહે છે, કે "કેવળ દલીલોથી ઇસુ ખ્રિસ્તે આપણાં મગજોને સંતોષવાનો પ્રયત્ન કર્યો નથી; તેમણે આપણા વાંધાઓનો ઉકેલ આપ્યો નથી, અથવા સમસ્ત સર્જનમાં દર્દ અને ભોગ આપવાનું શા માટે આવશ્યક છે તેનું સ્પષ્ટીકરણ કર્યું નથી; વળી ઇશ્વરના પ્રેમને પણ તેમણે એક માન્યતારૂપે જાહેર કર્યો નથી અને ચમત્કારો વડે તે સાબિત કર્યો નથી. શુભસંદેશો તેમના પોતાના વ્યક્તિત્વમાં સમાવેલો છે. દૈવી પ્રેમની વિરુદ્ધ જે કંઈ આંગળી ચીંધે છે, જે કંઈને લીધે માનવીના હૃદયમાંથી અશ્રદ્ધાનાં કટુ વેણ નીકળે છે, અથવા, ઇશ્વરે મને કેમ તજી દીધો છે એવા કષ્ટમય પ્રશ્નોના પોકાર ઊઠે છે, એ બધું પ્રભુ ઇસુએ પોતા પર વહોરી લીધું, અને બધાંને, વધસ્તંભ પર પોતાના કડવા દુઃખ-સહન અને મૃત્યુ દ્વારા, ગહન ઇશ્વરી આત્મબલિદાન પ્રગટ કરનારો પ્રસંગ બનાવી દીધો. એ રીતે, ઇશ્વરના પ્રેમ સંબંધી જે કંઇ શંકા કે વિરોધ ઉત્પન્ન કરાવે છે તેમાંથી તેમણે એ સાબિત કર્યું, કે સૃષ્ટિનાં બધાં કષ્ટ અને કલ્પાંતની પાછળ ઇશ્વરનો પ્રેમ સમાયેલો છે, એ બધાંની પર ઇશ્વરનો દિગ્વિજય રહેલો છે. ઇસુ ખ્રિસ્ત ઇશ્વરાવતાર તરીકે ઇશ્વરના પ્રેમ સિવાય બીજું કાંઇ પ્રદર્શિત કરતા નથી; અને મૃત્યુમાંથી પોતાના પુનરુત્થાન દ્વારા, બધા દેખીતા પરાજયોમાં થઇને એ પ્રેમને વિજયવંત થયેલો દર્શાવે છે.'

આપણે કુદરતના કાચમાં થઇને ઉપર ઇશ્વર તરફ જોઈએ છીએ ત્યારે આપણે કહીએ છીએ, ઇશ્વર કાયદો છે; ઇસુ ખ્રિસ્તના

અવતારમાં થઈને આપણે ઇશ્વર તરફ જોઈએ છીએ ત્યારે આપણે કહીએ છીએ, કે ઇશ્વિર પ્રેમ છે–ઉદ્ધારનાર પ્રેમ છે.

હવે આ બધાંનો અર્થ આજે તમારે અને મારે માટે શું છે? પ્રભુ ઈસુના દુઃખ સહનથી હાલ આપણને કંઈ પ્રાપ્ત થાય છે? હા, થવું જ જોઈએ, અને થયું છે!

પરમેશ્વર એટલા ઇન્સાફી છે કે પોતાના કાયદાને ટાળી દેવા કરતાં પોતે દુઃખ સહેવાનું પસંદ કરે છે, તેથી પોતાના કાયદાને સંતોષ્યા પછી, કાયદાનું પાલન કર્યા પછી, તે દયાવાન થઈ શકે છે, તે ક્ષમા કરી શકે છે. પરંતુ પ્રાયશ્ચિત્ત વગર, દુઃખ ઉઠાવ્યા વગર અપરાધોની ક્ષમા હોઈ શકે નહિ. પોતાને ભોગે પરમેશ્વર માફી આપે છે. આ કેવા શુભ સમાચાર! જે કંઈ આપણી વિરૂદ્ધ હતું, જે બધાં પાપોએ આપણને પીડિત કર્યા, આપણી ભૂતકાળની બધી નોંધ, તે બધું ભૂંસી નાખવામાં આવ્યું! પ્રભુ ઈસુએ આને સુવાર્તા–શુભ સંદેશો કહ્યો છે એમાં શી નવાઈ!

પરંતુ, માફી એ રદ કરવાના કાર્ય કરતાં કંઈક વિશેષ છે. માફી એટલે આપણે જે ચાહતા હતા તેની, એટલે પાપની વિરુદ્ધ આપણાં દિલને ફેરવી નાખવાં તે. પણ એના કરતાં યે એનો ભાવાર્થ વિશેષ છે; **પાપ ઉપર સત્તા** એ એનો અર્થ છે. પાપને રદ કરવાં, ગુના માફ કરવા, પણ તેના ઉપર સત્તા ન આપવાથી, તેના સામે બળ ન આપવાથી તો આત્માનું અધઃપતન થાય. જીવન પલટો પામેલો સંત પોલ પોકારીને કહે છે, કે "હવે પછી પાપનું બળ તમારા પર ચાલશે નહિ." પ્રભુ ખ્રિસ્ત આપણને આપણાં પાપમાંથી બહાર કાઢે છે, પાપથી મુક્ત કરે છે, અને તેથી જ પાપની સજામાંથી મુક્ત કરે છે.

એમ કહેવાય છે, કે "એક જીવનની આંતરિક શક્તિ બીજામાં દાખલ કરી શકાય છે." જો આ સત્ય છે, તો ખ્રિસ્ત પ્રભુના જીવનની આંતરિક શક્તિ તેની વિશુદ્ધતા, તેમનો આત્મભોગ આપનાર પવિત્ર પ્રેમ–સીધી રીતે આપણા જીવનમાં દાખલ થઈ શકે છે–આપણા પ્રલોભિત, પાપપરાજિત, કુટેવગ્રહિત જીવનમાં દાખલ થઈ શકે છે.

પહેલા વિશ્વયુદ્ધ વખતે ભયંકર રીતે ઘવાયેલા એક સૈનિકને હૉસ્પિટલમાં લાવવામાં આવ્યો. તેના શરીરમાંથી એટલું બધું લોહી વહી ગયું હતું કે જીવન લગભગ ખલાસ થઈ ગયું હતું. દાક્તરે તેને જોયો, માથું હલાવ્યું અને બોલ્યા: "કંઈ થઇ શકે તેમ નથી; વાત હાથમાંથી ગઈ છે." પછી ઉમેર્યું: "પણ હજી જો એના શરીરમાં પૂરતું લોહી આપી શકીએ તો કદાચ બચી પણ જાય." ત્યાં એક આર્ડર્લિ (પટાવાળો) ઊભેલો હતો, તે આગળ આવ્યો, દાક્તરને સલામ ભરીને બોલ્યો, "સાહેબ, આપ હમણાં એમ બોલ્યા ને, કે તમારે આ માણસને માટે લોહી જોઈએ છે? એમ હોય તો હું તૈયાર છું. મારી નસ ખોલીને મારું લોહી લો." દાક્તરે જવાબ વાળ્યો, "તમે સમજતા નથી; આ માણસને જીવતો રાખવાને જેટલા લોહીની જરૂર છે તેટલું લોહી જો તમે આપો તો ઘણું કરીને તમે બહુ દિવસ માંદા રહેશો, અને સંભવ છે કે તમે મરી પણ જાઓ." આર્ડર્લિ ફરી સલામ ભરીને બોલ્યો, "સાહેબ, એ માટે હું તૈયાર છું." દાક્તરે પૂછ્યું, "આ માણસ તમારો શું થાય છે? તમારો મિત્ર છે કે સગો છે?" "કંઈ જ નહિ, સાહેબ. મેં પહેલાં કદી એને જોયો પણ નથી. પણ સાહેબ, મહેરબાની કરો, હું તૈયાર છું."

દાક્તરે આર્ડર્લિની નસ ખોલીને તેનું ઊનું, જીવંત રક્ત પેલા મરતા માણસની સૂકાઈ ગયેલી નસોમાં દાખલ કર્યું. તે માણસ જીવતો રહ્યો. બીજો જીવે માટે આર્ડર્લિએ જાણે કે પોતાનું જીવન રેડી દીધું. આના કરતાં વધારે ગૂઢ અને સઘન રીતે પ્રભુ ઈસુએ આપણે અર્થે એમ કર્યું. પાપથી જખમી થયેલી માનવજાતિની સૂકાઈ ગયેલી નૈતિક અને આધ્યાત્મિક શિરાઓમાં પ્રભુ ઈસુએ પોતાનું જીવાળ, પૂર્ણ સઘન, પવિત્ર રક્ત રેડ્યું. તેમના જીવનનું અતિ વિશુદ્ધ, પવિત્ર અને દૈવી આંતરિક બળ હવે તમને તેમ મને મળી શકે છે. 'વિશુદ્ધ જીવનનો ઘૂંટડો પાપની અશુદ્ધિને કાઢી નાખે, તે કરતાં બીજી કઈ વધારે સારી રીતે એ અશુદ્ધિ દૂર થઈ શકે?' પ્રિય બંધુ, તમે પ્રલોભનથી

ઘેરાયેલા છો ? ભૂંડાઈ સામે હારની લડાઈ લડી રહ્યા છો ? અદમ્ય વાસનાઓ સામે યુદ્ધ કરી રહ્યા છો ? નીતિમય નહિ હોવાનું દર્દ અનુભવી રહ્યા છો ? તો ખ્રિસ્ત પ્રભુના સમર્થ જીવનનું આંતરિક બળ સ્વીકારો. તે તમને પાપ ઉપર વિજય અને શક્તિ આપી શકે છે. આ વાત સત્ય છે એમ આ લેખક અનુભવથી જાણે છે. ઘણાં વરસોથી આ મારો આનંદપ્રદ અનુભવ છે.

વધસ્તંભ ઉપરના બલિદાનને પૂરી રીતે સમજવા સારુ ત્રણ બાબતો અગત્યની છે, અને એ બાબતોને એક બીજીના સંબંધમાં સમજવી જોઈએ. (૧) પરમેશ્વરમાં જે મોટામાં મોટી બાબત છે તે, એટલે પ્રેમ; (૨) વિશ્વમાં જે બળવાન બાબત છે તે, એટલે કાયદો, અને (૩) માનવીમાં જે સૌથી કલુષિત બાબત છે તે, એટલે પાપ. વધસ્તંભ પર ખ્રિસ્ત પ્રભુના કષ્ટ સહનમાં પરમેશ્વરનો પ્રેમ અદ્ભુત રીતે પ્રદર્શિત થયેલો આપણે જોઈએ છીએ; કાયદાને પૂરી રીતે પળાયેલો જોઈએ છીએ; અને પાપનો પૂરેપૂરો જડમૂળથી ઉપાય કરવામાં આવ્યો છે. પાપનો એવો સંપૂર્ણ નિકાલ કરવામાં આવ્યો છે કે આ પુસ્તકની શરૂઆતમાં ( પહેલા પૃષ્ઠ ઉપર ) દુષ્ટાઈના પ્રશ્નોનો જે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેનો ઉકેલ થઈ જાય છે. ઉદ્ધારક પ્રભુ ઈસુનું ગ્રહણ કરનાર જીવાત્મા પોતાની ઉચ્ચ પ્રકૃતિની સાથે એકરૂપ થાય છે, માનવબંધુઓની સાથે ઐકયમાં આવે છે, અને પરમેશ્વર સાથે એકતા સાધે છે. તેનું ત્રિવિધ સમાધાન થાય છે, દુષ્ટાઈનો પ્રશ્ન તે હવે જીવનનો પ્રશ્ન રહેતો નથી. જીવનનો પ્રશ્ન તે એક વ્યક્તિ–પ્રભુ ઈસુ–નો પ્રશ્ન થાય છે. આપણી સામે કેવળ ધર્મ, પંથ, મત, કે સંસ્કૃતિનો પ્રશ્ન રહેતો નથી, પણ આપણી સામે એક વ્યકિત એક પુરુષ આવીને ઊભો રહે છે. એ પુરૂષ અનિવાર્ય રીતે આપણી સામે આવે છે આપણા નૈતિક અધઃપતન માટે આપણને દોષિત સાબિત કરે છે; અને છતાં, પરમેશ્વરના ઉદ્ધારક પ્રેમનું દાન આપણી આગળ ધરે છે. આપણે માટે જેણે પ્રાણ અર્પ્યો તેનો

આપણા ઉપર હક્ક થાય છે. તેમણે જેટલું ગહન બલિદાન આપ્યું એટલો ગહન એમનો હક્ક છે.

પ્રેમના અધિકારથી ભરપૂર આ તારણહાર વ્યકિત આપણી સામે આવીને ઊભી રહે છે. એ જીવંત પ્રશ્નરૂપ છે કે મૃત? એ હજાર વરસ ઉપર જીવી ગયેલી અને દુઃખ ભોગવી ગયેલી વ્યકિત તે મૃત બાબત હશે એમ લાગે, પણ એમ નથી. આપણા પોતાના નૈતિક અને આધ્યાત્મિક જીવન સાથે એ વ્યકિત ઓતપ્રોત થઈ ગયેલી જણાય છે. આપણા નૈતિક અને આધ્યાત્મિક પ્રશ્ન જીવનની અતિ જીવાળ બાબતો છે. એ બાબતો હંમેશાં આપણી સાથે જોડાયેલી જ રહે છે. જીવનના દરેક સંબંધને તે પોતાના રંગથી રંગે છે. જીવનને આપણે દિલગીર કે આનંદી જોઈએ, નિરાશાભરી શંકાથી કે પ્રકાશપૂર્ણ આશાથી જીવનને આપણે ભેટીએ, જીવનમાં આપણે અંતે હારીએ કે જીતીએ, તેનો નિર્ણય આપણી નૈતિક અને આધ્યાત્મિક સ્થિતિ કરે છે. "હૃદયમાં **તેમની** હાજરી વગર પૂર્ણ પવિત્ર જીવન શક્ય નથી." એ ઉકિત અનુસાર આપણને લાગે છે, કે પ્રભુ ઈસુ નિશ્ચયપૂર્વક એક જીવંત બાબત બને છે. નૈતિક અને આધ્યાત્મિક પ્રદેશમાં તે પરમ ઉચ્ચ છે, આપણા નૈતિક પરાજયોને તે વિજયમાં ફેરવી નાખવાને શકિતમાન છે. અને આધ્યાત્મિક ગમગીનીને ઉજ્જવલ આનંદમાં તે બદલી શકે છે, માટે આપણી આધ્યાત્મિક જરૂરિયાતો જેટલા જ તે જીવંત છે.

બીજો મુદ્દો એ છે, કે તે નજીવી ક્ષુદ્ર બાબત નથી; તે ભારે અગત્યની બાબત છે. પ્રભુ ઈસુ પોતે સત્ત્વને જાણતા હતા અને તે ભારે બાબતોને હલકીથી જુદી પાડી શકતા હતા. નીચી બાબતોથી આડા દોરવાઈ જતા ન હતા, અગત્યના અને જીવંત પ્રશ્નો પરથી તે ખસતા ન હતા, તે મૂલ્યો સમજતા હતા, અને તેમણે આ ધબકતો જીવાળ પ્રશ્ન પૂછ્યો છે: 'માણસ આખી દુનિયા પ્રાપ્ત કરે અને પોતાનો આત્મા ખોઈ બેસે તો તેને શો ફાયદો થાય?' માન, સંપત્તિ, અસર, શકિત અને સત્તાની દુનિયા મેળવવા જો આપણે પોતાન

સર્વોત્તમ અંશ એટલે આત્માને હાનિ પહોંચાડીએ તો આપણે સર્વસ્વ ગુમાવ્યું છે. આ એક મહાન પ્રશ્ન આગળ જીવનના બધા પ્રશ્નો ક્ષુદ્ર બની જાય છે. તે પ્રશ્ન એ છે, કે મારા આત્માનો ઉદ્ધાર થયો છે કે નહિ ? મને મુક્તિ પ્રાપ્ત થઈ છે કે કેમ ? પ્રેરકબુદ્ધિની શાંતિ અને પરમેશ્વર સાથેના સાચા સંબંધ અને સંગતની શાંતિ મને પ્રાપ્ત થઈ છે કે કેમ ? મારા ગતકાળનાં પાપોથી મને મુક્તિ મળી છે ? અને વર્તમાન પાપો ઉપર મને જીત મળી છે ? **શું મારા આત્માની મુક્તિ થઇ છે ?** પ્રિય બંધુ, આ મહિમાવંત ઉદ્ધાર તમે પામ્યા છો ? તમે ભજન, ભક્તિ, પ્રાર્થના કર્યાં હશે, તમે દાનધર્મ કર્યાં હશે, તમે તમારા ધર્મગ્રંથો વાંચ્યા હશે, ઈશ્વરને માટે તમે આકાંક્ષા રાખી હશે, તમે વર્ષો સુધી સેવાપૂજા કરી હશે; પણ તમને **પ્રાપ્ત થયું છે ? મળ્યું છે ?** તમે ઈંતેજારી અને આતુરતાથી પરમેશ્વરની શોધ કરતા આવ્યા છો. પણ હવે સાંભળો, પોતાના અવતાર દ્વારા પરમેશ્વર તમને શોધે છે. અવતાર રૂપે દુ:ખસહન કરીને તેમણે તમને અને મને બોલાવવા એક નિશાન ઊભું કર્યું છે. આપણે જેઓ ઇન્દ્રિય વાસનાઓમાં ગરક થયેલા છીએ, આપણને તેડવા તેમણે નિશાન ઊભું કર્યું છે, તેમણે શારીરિક વેદના વેઠીને બાહ્ય નિશાન ઊભું કર્યું છે, જેથી સનાતન કાળથી પરમેશ્વરને શી લાગણી થાય છે, અને આપણો ઉદ્ધાર કરવા સારુ સનાતન કાળથી તે આપણને કેવા વાંછે છે અને કેવા આતુર છે, તે સમજી શકીએ. આ બધા કષ્ટમાં અને દુ:ખાંતક બનાવમાં થઈને પરમેશ્વર આપણી પાસે આવે છે. પાપજનિત બનાવમાંથી આપણને સાજા કરવા અને પોતા પાસે ઊંચકી લેવા તે તૈયાર ઊભા છે. "પરમેશ્વર આ રીતે આપણી પાસે આવે છે." પ્રભુ ઈસુ મધ્યસ્થ છે, તે આ અર્થમાં જ, કે તે પરમેશ્વર આપણી પાસે લાવી મૂકે છે. જ્યારે આપણે પ્રભુ ઈસુને ગ્રહણ કરીએ છીએ, તેમનું શરણું લઈએ છીએ, ત્યારે આપણે પરમેશ્વરને પોતાને ગ્રહણ કરીએ છીએ, પરમેશ્વરનું શરણું લઈએ છીએ. જેમને પ્રભુ ઈસુ મળ્યા છે તેમને પરમેશ્વર મળ્યા છે,

ત્યારે વસ્તુસ્થિત આ છે. આપણે ઊંડી, દુઃખદ, આધ્યાત્મિક જરૂરમાં છીએ; જ્યારે પોતાના સર્વશકિતમાન મહાત્મ્ય અને ઉદ્ધારક પ્રેમથી આપણને સાજા કરવા અને બચાવવા પરમેશ્વર અહીં ઊભા છે, તેમની બક્ષિસનો હું અસ્વીકાર કરું તો મારી નીચે પ્રકૃતિની સત્તાતળે હું ગરક થાઉં છું, મારી આસપાસના ભૌતિક વિશ્વના નસીબવાદી કર્મબંધનમાં હું જકડાઉં છું, હું અંધકારમાં ડૂબું છું. એથી વિરુદ્ધ, જો ખીલાથી છેદાયેલા તેમના હસ્તોની મદદ હું સ્વીકારી લઉં તો હું ઊંચે ચડું છું. ગૂંચવાડામાંથી નિશ્ચતતામાં, પાતકમાંથી પવિત્રતામાં આત્માના એકલવાયાપણામાંથી પરમેશ્વરની પોતાની સાથે મધુર અને બળપ્રદ સમાગમમાં, સંસારમાંથી પરમાત્મામાં હું ઊંચે ચડું છું. ધન્ય ઉદ્ધાર ! આ એમાંથી એક પસંદગી આ વિકલ્પ જે બાબત મારી આગળ ધરે છે તે બાબત શું ભારે નથી ? નૈતિક નિર્ણય આનો ઉત્તર આપે.

પ્રભુ ઈસુ જે બાબત કે મુદ્દો આપણી આગળ ધરે છે તે અનિવાર્ય છે, એમ આપણને સહજ પ્રેરણાથી લાગે છે. આપણે પ્રભુ ઈસુને ભલે બૌધિક નિષ્પક્ષપાતપણે જોઈએ, પરંતુ તેમને નૈતિક તટસ્થતાથી જોઈ શકતા નથી. એક અથવા બીજો નિર્ણય કરી લેવાની તે આપણને ફરજ પાડે છે. તે કહે છે, કે 'જે મારા પક્ષનો નથી તે મારી વિરુદ્ધ છે.' તે પોતે એક અનિવાર્ય બાબત છે કે કેમ તેનો ઉત્તર અંતઃપ્રેરણાને આપવા દો!

અમેરિકાના એક સર્વોત્તમ પુરૂષ આ પ્રમાણે સાક્ષી આપે છે: 'જેમ હું મુશ્કેલીમાં હતો ત્યારે મારી માતાએ તેમાંથી મને બચાવી લેવા મારા પર પ્રેમ દર્શાવ્યો, તેમ માણસને તેનાં પાપમાંથી ઉગારી લેવા માણસ પર પ્રેમ કરવો એ ઈશ્વરની પ્રકૃતિ છે. એ વાત જ્યારે મેં માસની તે ધન્ય પ્રભાતે મને જણાઈ ત્યારે મને ઈશ્વર પ્રાપ્તિ થઈ.' માણસને તેનાં પાપમાંથી ઉગારી લેવા તેની પાપી હાલતમાં પરમેશ્વર તેના પર પ્રેમ કરે છે, એ વાત પ્રભુ ઈસુનો વધસ્તંભ કાળમાં વ્યક્ત

કરે છે. વધસ્તંભનું બલિદાન એ **શાશ્વત પ્રેમનો** અનંતતાની ભાષામાંથી કાલબાધિત ભાષામાં કરેલો અનુવાદ છે. "કાલ્વરીની ટેકરી ઉપર લાકડાનો વધસ્તંભ પ્રગટ થયો તે પહેલાં ઈશ્વરના હૃદયમાં વધસ્તંભ રહેલો હતો, એ વાતનું વધસ્તંભ પરનો બનાવ આપણને સ્મરણ કરાવે છે. વધસ્તંભ ઉપર પ્રભુ ઈસુનાં કષ્ટોએ આપણી અનઘડ ઈન્દ્રિયોને ભાન કરાવવા માટે પરમેશ્વરે આપણને કરી આપેલી સગવડ છે. ભોગ આપનાર પ્રેમ એ પરમેશ્વરની પ્રકૃતિ જ છે એ આપણે સમજી શકીએ માટે, આપણી અચેત ઇન્દ્રિયોને જોઈ શકે એવી રીતે, દર્દની બાહ્ય ધજા પરમેશ્વર ઊંચી કરે છે. તેથી આપણે માત્ર વધસ્તંભના લાકડા પાસે જ નહિ, ખીલા, કડવો પદાર્થ ભેળવેલા પીણા, અને દુઃખથી તરફડતા પ્રભુ ઇસુના શરીર પાસે જ નહિ, પણ પરમેશ્વરના પોતાના હૈયાની લાગણી તરફ આવીએ અને ત્યાં આશ્રય લઈએ."

આપણાં પાપોમાંથી આપણને બહાર નીકળવાને મદદ કરવા સારુ પરમેશ્વર આપણી પાપી અવસ્થામાં આપણા પર પ્રેમ કરે છે, એવું વધસ્તંભ ઉચ્ચારે છે. આ વિચારને જો તમે સમજી લો, તેનું ગ્રહણ કરો, અને એ વિચારની મૂર્તસ્વરૂપ વ્યકિત પ્રભુ ઈસુને જો તમે આધીન થાઓ, સમર્પણ થાઓ, તો તમને પણ પરમેશ્વર મળશે.

આ પુસ્તિકાનું લખાણ તૈયાર થતું હતું તે વખતે એક હિંદુ મિત્રનો કાગળ મળ્યો. તેમાં આ વાકયો હતાં : "...આપણે જાણે કે પાપ અને ભૂલોના તરંગો ઉપર તણાતા જઈએ છીએ. આપણાં નિર્બળ વ્યકિતત્વ કરતાં બહુ બળવાન બળો અસ્તિત્વ ધરાવે છે, ત્યારે હું એમ ઇચ્છું, કે મારા પ્રત્યે માયાળુ થાય, મારી નિર્બળતા માટે જેને લાગણી થાય, અને મને દુષ્ટાઈ અને પ્રલોભનોના પાશોમાંથી છૂટો કરે એવો ઈશ્વર હોય તો કેવું સારૂં ! **આ ઊતકંઠિત બંધુના હૃદયના પોકારનો પ્રત્યુત્તર પ્રભુ ઈસુના વધસ્તંભમાં આપવામાં આવ્યો** છે. ઈશ્વરના અનિર્વાચ્ય દાનને માટે આભાર માનીએ !

20BGP2